RNI NO. GUJ/GUJ/2004/15191

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

BHAVNAGAR
www.aaspassdaily.com

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા    બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫ ફેક્સ : ૨૫૧૪૫૧૫

● સંવત ૨૦૭૯ ચૈત્ર સુદ-૪    શુક્રવાર, તા.૧૨-૦૪-૨૦૨૪    અંક : ૧૪૭ વર્ષ : ૨૧    news@aaspassindia.com    કિંમત રૂા. ૨-૫૦    પાના - ૮

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

# ગુજરાત સહિત બાર રાજ્યોમાં આજથી આદર્શ આચારસંહિતા

## રાજ્યની ૨૬ લોકસભા અને ૫ વિધાનસભાની બેઠક માટે આજથી નામાંકનની પ્રકિયા શરૂ : ૭ મેના રોજ મતદાન, પરિણામો ૪ જૂને

ગાંધીનગર,

લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે ત્રીજા તબક્કા માટે નામાંકન આજથી શરૂ થઈ રહ્યું છે. જેમાં ૧૨ રાજ્યોની ૯૪ બેઠકો માટે ઉમેદવારો પોતાની ઉમેદવારી નોંધાવશે. ૧૯ એપ્રિલ ફોર્મ ભરવાની છેલ્લી તારીખ છે.

ગુજરાતમાં ઉમેદવારી ફોર્મ ભરવાની શરૂઆત ૧૨ એપ્રિલ એટલે કે આજથી થશે. ૧૯ એપ્રિલ સુધી ઉમેદવારી ફોર્મ ભરવાની પ્રક્રિયા ચાલુ રહેશે. ૨૦ એપ્રિલના રોજ ઉમેદવારોના ફોર્મની ચકાસણી કરાશે અને ૨૨ એપ્રિલ સુધીમાં ઉમેદવારી ફોર્મ પરત ખેંચી શકાશે. ૭ મેના રોજ ગુજરાતમાં ત્રીજા તબક્કાનું મતદાન યોજાશે.

કેન્દ્રીય ગૃહ મંત્રી અને ગાંધીનગર લોકસભા વિસ્તારના ઉમેદવાર અમિત શાહ ગાંધીનગર જિલ્લા મેજિસ્ટ્રેટ કચેરી ખાતે ૧૯ એપ્રિલ ૨૦૨૪ ના રોજ ફોર્મ ભરવાના છે ત્યારે ફોર્મ ભરવાના એક દિવસ અગાઉ ગાંધીનગર લોકસભામાં સમાવિષ્ટ સાતેય વિધાનસભા બેઠક પર પ્રચંડ રોડ શો કરે એવી સંભાવના છે. રોડ શો બાદ બીજા દિવસે તેઓ જિલ્લા ચૂંટણી અધિકારી સમક્ષ ઉમેદવારી નોંધવાશે.



## ૬૦ ફૂટ ઊંડા દરિયામાં મતદાન પ્રક્રિયાનું નિદર્શન

ભારતીય ચૂંટણી પંચ ચૂંટણીમાં મતદારોને જાગૃત કરવા માટે સતત ઝુંબેશ ચલાવી રહ્યું છે. લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે પ્રથમ તબક્કાનું મતદાન ૧૯ એપ્રિલે થવાનું છે તેથી મતદારોને જાગૃત કરવા તેમણે અનોખી પહેલ કરી છે. ચેન્નાઈમાં સ્કુબા ડાઈવર્સે દરિયામાં ૬૦ ફૂટની ઊંડાઈમાં જઈને પાણીમાં મતદાન પ્રક્રિયા હાથ ધરી હતી. 'હું ભારત છું, ભારત મારામાં છે' વિડિયોમાં જાગૃતિ ગીત પણ વાગે છે. આ વીડિયોને સોશિયલ મીડિયા પર ખૂબ પસંદ કરવામાં આવી રહ્યો છે.

## રામેશ્વરમ કેફે બ્લાસ્ટ કેસમાં બંને મુખ્ય આરોપીઓની ધરપકડ

### NIAને મોટી સફળતા : પોતાની ઓળખ છુપાવીને કોલકાતામાં છુપાયા હતા

બેંગલુરુ

બેંગલુરુના રામેશ્વરમ કેફે બ્લાસ્ટ કેસમાં તપાસ એજન્સી NIAને મોટી સફળતા મળી છે. NIAના સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર બ્લાસ્ટ કેસના બે આરોપીઓની પશ્ચિમ બંગાળમાંથી ધરપકડ કરવામાં આવી છે. મોડી સાંજ સુધીમાં તપાસ એજન્સી આ અંગે ખુલાસો કરી શકે છે. NIA એ આ બંને આરોપીઓ પર ૧૦-૧૦ લાખ રૂપિયાનું ઈનામ જાહેર કર્યું છે.

NIA એ આ કેસમાં ભાગેડુ અદબુલ માથિન તાહા અને મુસાવીર હુસૈન શાઝેબની કોલકાતા નજીકથી ધરપકડ કરી છે. મળતી માહિતી મુજબ NIA એ ગુપ્ત માહિતીના આધારે બંને આરોપીઓની ધરપકડ કરી હતી. મુસાવીર હુસૈન શાઝેબ એ વ્યક્તિ છે જેણે કાફેમાં IED લગાવ્યો હતો. અબ્દુલ માથિન તાહા પ્લાનિંગ, બ્લાસ્ટને અંજામ આપવા અને પછી કાયદાની ચુંગાલમાંથી છટકી જવા પાછળનો માસ્ટરમાઈન્ડ છે.

## દેશમાં આકરા હિટવેવની આગાહી

### વડા પ્રધાન મોદીએ સમીક્ષા બેઠક યોજી

નવી દિલ્હીઃ

એપ્રિલ મહિનો શરૂ થતાની સાથે જ દેશમાં આકરી ગરમી પડી રહી છે. દેશના ઘણા વિસ્તારોમાં તાપમાન ૪૦ ડિગ્રી સે. ઉપાર નોંધાઈ રહ્યું છે. એવામાં હવામાન વિભાગ દ્વારા આવનારા દિવસોમાં હીટવેવની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે હીટવેવ સામે તૈયારીઓની સમીક્ષા કરવા બેઠક યોજી હતી.

વડા પ્રધાને કેન્દ્ર, રાજ્ય અને જિલ્લા સ્તરે સરકારના તમામ અંગો સાથે સંકલન કરવા નિર્દેશ કર્યો હતો. એક સત્તાવાર નિવેદનમાં જણાવાયું છે કે આવશ્યક દવાઓ, પ્રવાહી, આઈસ પેક, 'ઈજી અને પીવાના પાણીની ઉપલબ્ધતાના સંદર્ભમાં આરોગ્ય ક્ષેત્રની તૈયારીની સમીક્ષા કરવામાં આવી હતી.

આ બેઠકમાં વડાપ્રધાનના અગ્ર સચિવ, ગૃહ સચિવ, ભારતીય હવામાન વિભાગ (સ્ઠ) અને નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના અધિકારીઓ બેઠકમાં હાજર રહ્યા હતા. ભારતના હવામાન વિભાગે તાજેતરમાં કહ્યું હતું કે એપ્રિલથી જૂનના સમયગાળા દરમિયાન ભારતમાં કાળઝાળ ગરમી પડવાની સંભાવના છે. મધ્ય અને પશ્ચિમી દ્વીપકલ્પના ભાગોમાં તેની સૌથી વધુ અસર થવાની સંભાવના છે. વડા પ્રધાનએ બેઠકમાં ખાસ કરીને પ્રાદેશિક ભાષાઓમાં જાગરૂક માટેની માહિતીના પ્રસાર માટે ટેલિવિઝન, રેડિયો અને સોશિયલ મીડિયા જેવા તમામ પ્લેટફોર્મનો ઉપયોગ કરવા પર ભર મુક્યો હતો.

ભારત હવામાન વિભાગ (સ્ઠ)ના વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે ભારતીય હવામાનશાસ્ત્રીઓએ હવામાનની આગાહીને વધુ સચોટ બનાવવા માટે છૈં અને 'મશીન લર્નિંગ'નો ઉપયોગ કરવાનું શરૂ કર્યું છે. આગામી વર્ષોમાં, વિકસતી તકનીકો જેવી કે 'ન્યુમેરિકલ વેધર પ્રિડિક્શન મોડલ્સ'નો પણ ઉપયોગ કરવામાં આવશે. તેમણે કહ્યું કે હવામાન વિભાગ પંચાયત સ્તરે અથવા ૧૦ ચોરસ કિલોમીટરથી વધુ વિસ્તારમાં હવામાનની આગાહી કરવા માટે નિરીક્ષણ પ્રણાલીનો વિસ્તાર કરી રહ્યું છે.

## માલદીવ હવે ઘૂંટણિયે : પ્રવાસીઓને આકર્ષવા ભારતમાં કરશે રોડ શો

### માલદીવ એસો. ઓફ ટ્રાવેલ એજન્ટ્સ એન્ડ ટુર ઓપરેટર્સે ભારતીય હાઈ કમિશનર મુનુ મહાવર સાથે ચર્ચા કરી

નવીદિલ્હી,

માલદીવમાં ભારતીય પ્રવાસીઓની સંખ્યામાં સતત ઘટાડો થઈ રહ્યો છે. માલદીવ એસોસિયેશન ઓફ ટ્રાવેલ એજન્ટ્સ એન્ડ ટુર ઓપરેટર્સે અહીં ભારતીય હાઈ કમિશનર મુનુ મહાવર સાથે બંને દેશો વચ્ચે પ્રવાસ અને પ્રવાસન સહયોગ વધારવા પર ચર્ચા કરી હતી.



૬ જાન્યુઆરીએ વડાપ્રધાન મોદીએ તેમના ઠ હેન્ડલ પર ભારતના પશ્ચિમ કિનારે આવેલા પ્રાચીન લક્ષદ્વીપ ટાપુઓની તસવીરો અને વીડિયો પોસ્ટ કર્યા હતા. જે બાદ માલદીવ તરફથી સોશિયલ મીડિયા પર ભારત અને વડાપ્રધાન મોદી વિરુદ્ધ અપમાનજનક ટિપ્પણીઓ કરવામાં આવી હતી. વિવાદ બાદ દેશની અનેક પ્રખ્યાત હસ્તીઓ સહિત કરોડો ભારતીયોએ પોતાનું રિઝર્વેશન કેન્સલ કરીને માલદીવ જવાનો પ્લાન રદ કર્યો છે. પ્રવાસન ડેટા દર્શાવે છે કે, ટોચના પ્રવાસી દેશ હોવાના કારણે ભારતનું સ્થાન જાન્યુઆરીથી ઘટીને પાંચમા સ્થાને અને હવે છઠ્ઠા સ્થાને આવી ગયું છે.

માલદીવના પર્યટન મંત્રાલયના ડેટા અનુસાર આ વર્ષે ૧૦ એપ્રિલ સુધી, કુલ ૬,૬૩,૨૬૯ પ્રવાસીઓના આગમનમાંથી, ચીન ૭૧,૯૯૫ સાથે ટોચ પર છે, ત્યારબાદ યુનાઈટેડ કિંગડમ, રશિયા, ઈટાલી, જર્મની અને ભારત છે. મીડિયા અહેવાલો અનુસારભારતીય હાઈ કમિશનમાં આયોજિત મીટિંગમાં ચર્ચા કર્યા પછી MATATOએ એક નિવેદનમાં કહ્યું કે, તેઓએ પ્રવાસન પહેલને પ્રોત્સાહન આપવા માટે માલદીવમાં ભારતીય હાઈ કમિશન સાથે નજીકથી સહયોગ કરવાનો ઈરાદો વ્યક્ત કર્યો છે.MATATOના નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું કે, મુખ્ય ભારતીય શહેરોમાં વ્યાપક રોડ શો શરૂ કરવા અને માલદીવમાં આગામી મહિનાઓમાં પ્રભાવશાળી અને મુસાફરીના અનુભવોની સુવિધા આપવા માટેની યોજનાઓ ચાલી રહી છે.

## ૩૭૦ની દીવાલ પાડી દીધી, કોઈ રાજનૈતિક પાર્ટીની હિંમત નહોતી : વડાપ્રધાન મોદી

### નરેન્દ્ર મોદીએ જમ્મુના ઉધમપુરમાં રેલીને સંબોધિત કરી

ઉધમપુર

લોકસભાની ચૂંટણીને લઈ રાજકીય પક્ષો ઝંઝાવાતી પ્રચારમાં લાગી ગયા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે જમ્મુના ઉધમપુરમાં રેલીને સંબોધિત કરી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઉધમપુરમાં કહ્યું કે, આ ચૂંટણી માત્ર સાંસદોને ચૂંટવાની નથી. તેના બદલે દેશમાં મજબૂત સરકાર બનાવવાની છે. જ્યારે સરકાર મજબૂત હોય છે, ત્યારે તે જમીન પરના પડકારોને પહોંચી વળવા માટે કામ કરતી જોવા મળે છે. PM મોદીએ કહ્યું કે, દસ વર્ષ પહેલા સુધી જમ્મુ અને કાશ્મીરમાં કેટલા ગામો હતા? જ્યાં વહેતું પાણી અને રસ્તા નહોતા. આજે દરેક ગામમાં વીજળી પહોંચી ગઈ છે. આજે જમ્મુ અને કાશ્મીરમાં ૭૫ ટકાથી વધુ ઘરોમાં પાઈપ દ્વારા પાણીની સુવિધા મળી રહી છે. PM મોદીએ કહ્યું કે, ભાજપે જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ હટાવી. અન્ય કોઈ રાજકીય પક્ષમાં તેને હટાવવાની હિંમત નહોતી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી કહ્યુ કે, અહીંના જૂના લોકોને ૧૦ વર્ષ પહેલાંનું મારું ભાષણ યાદ હશે. મેં તમને કહ્યું કે મારા પર વિશ્વાસ રાખો. હું તમને ૬૦ વર્ષની સમસ્યાઓનો ઉકેલ બતાવીશ. ત્યારે મેં અહીં માતાઓ અને બહેનોના સન્માનની ખાતરી આપી હતી. ગરીબોને બે ટાઈમના ભોજનની ચિંતા નહીં કરવાની ખાતરી આપવામાં આવી હતી. આજે જમ્મુ-કાશ્મીરના લાખો પરિવારોને ૫ વર્ષ માટે મફત રાશનની ખાતરી આપવામાં આવે છે.

## પહેલી ચૂંટણી જ્યાંથી લડ્યા ત્યાંથી પીએમ મોદી ગુજરાતમાં પ્રચારના કરશે શ્રીગણેશ?

### રાજ્યના ચારેય ઝોનમાં વડાપ્રધાન મોદીની પ્રચારસભા

અમદાવાદ,

રાજ્યમાં લોકસભા ચૂંટણી માટે નેતાઓ અને કાર્યકરો સજ્જ થઈ રહ્યા છે ત્યારે લોકસભા ચૂંટણીમાં ગુજરાતને ગજવવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ઝંઝાવાતી પ્રચારની પણ પુરજોશમાં તૈયારીઓ થઈ રહી છે.




રાજ્યના ચારેય ઝોનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સભા યોજવાની તૈયારીઓ ભાજપ દ્વારા શરુ કરી દેવાઈ છે.

આગામી લોકસભા ચૂંટણીમાં ગુજરાતમાં વડાપ્રધાન મોદી ઝંઝાવાતી પ્રચાર કરશે. રાજ્યના ચારેય ઝોનમાં વડાપ્રધાન મોદીની પ્રચારસભા યોજવા માટેની ભાજપ દ્વારા તૈયારીઓ કરી લેવાઈ છે.

## AAP સાંસદ સંજય સિંહને જામીન મળ્યા જ ને...

### રાજનાથ સિંહે એજન્સીઓનો દુરુપયોગ કરવાના વિપક્ષના આરોપનો જવાબ આપ્યો



નવીદિલ્હી,

રક્ષા મંત્રી રાજનાથ સિંહે એજન્સીઓનો દુરુપયોગ કરવાના વિપક્ષના આરોપનો જવાબ આપ્યો છે. તેમણે આશ્ચર્ય વ્યક્ત કર્યું કે અદાલતે AAPના બધા જ નેતાઓને રાહત કેમ ના આપી. વિપક્ષ સતત કેન્દ્રની ભાજપ સરકાર પર દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને ઝારખંડના પૂર્વ સીએમ હેમંત સોરેનની ધરપકડ કરવા એજન્સીઓનો દુરુપયોગ કરવાનો આરોપ લગાવી રહ્યો છે.

એક ઈન્ટરવ્યુમાં રાજનાથ સિંહે વિપક્ષ પર દેશની જનતાને ગેરમાર્ગે દોરવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે કહ્યું, "જો એ સ્વીકારી લેવામાં આવે કે અમારી સરકારના કારણે અરવિંદ કેજરીવાલ જેલમાં ગયા, પરંતુ તેમને રાહત કેમ નથી મળી રહી? શું અમે કોર્ટ પર પણ નિયંત્રણ મેળવી લીધું છે? આ લોકો શું કહેવાનો પ્રયાસ કરી રહ્યા છે?"

રાજનાથ સિંહે કહ્યું કે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ, સીબીઆઈ અને ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેન્ટ પોતાનું કામ કરી રહ્યા છે. તેમણે કહ્યું કે જો વિપક્ષને લાગે છે કે તેમના નેતાઓને પાયાવિહોણા આરોપોમાં જેલમાં મોકલવામાં આવી રહ્યા છે, તો તેમને કોર્ટમાંથી રક્ષણ મળી શકે છે. રાજનાથ સિંહે કહ્યું કે જો AAP નેતા સંજય સિંહને જામીન મળી શકે છે તો અન્ય નેતાઓને કેમ નહીં?

## હોસ્પિટલો સબસીડી પર જમીન લે છે પરંતુ ગરીબો માટે પથારીઓ રાખતી નથી : સુપ્રીમ

**૨૫ ટકા બેડ ગરીબો માટે અનામત રાખશે, કહે છે - પરંતુ આવું થતું નથી**



નવીદિલ્હી,

સરકાર પાસેથી સબસિડી પર જમીન સંપાદન કરીને બનાવવામાં આવતી ખાનગી હોસ્પિટલો પર સુપ્રીમ કોર્ટે તીખી ટિપ્પણી કરી છે. કોર્ટે કહ્યું કે આ હોસ્પિટલો સબસિડી પર જમીન લે છે અને ઈમારતો બનાવે છે, પરંતુ પછી ગરીબો માટે બેડ અનામત રાખવાનું વચન પૂરું કરતી નથી. જસ્ટિસ સુધાંશુ ધુલિયા અને જસ્ટિસ પ્રસન્ના બી. વરાલે આંખના રોગોની સારવાર માટે દેશભરમાં એકસમાન દરો નક્કી કરવાને પડકારતી અરજી પર આ વાત કહી હતી.

કોર્ટે કહ્યું, 'જ્યારે આ તમામ ખાનગી હોસ્પિટલોને સબસિડી પર જમીન લેવાની હોય છે, ત્યારે તેઓ કહે છે કે તેઓ ઓછામાં ઓછા ૨૫ ટકા બેડ ગરીબો માટે અનામત રાખશે, પરંતુ આવું ક્યારેય થતું નથી. અમે આ ઘણી વખત જોયું છે.' હકીકતમાં, સરકારે સમગ્ર દેશમાં આંખના રોગોની સારવાર માટે એક સમાન દર નક્કી કરવાનો નિર્ણય કર્યો છે. ઓલ ઈન્ડિયા ઓપ્થેલ્મોલોજિકલ સોસાયટી વતી કોર્ટમાં એક અરજી દાખલ કરવામાં આવી છે, જેમાં કહેવામાં આવ્યું છે કે નિષ્ણાતોના દર એક સરખા ન હોઈ શકે. સોસાયટીએ કહ્યું કે મેટ્રો શહેરો અને દૂરના ગામડાઓમાં સમાન દર હોઈ શકે નહીં. વરિષ્ઠ એડવોકેટ મુકુલ રોહતગી અને એડવોકેટ બી. સમાજનું પ્રતિનિધિત્વ કરતા વિજયલક્ષ્મીએ કહ્યું કે સરકારનો આ નિર્ણય યોગ્ય નથી. દરેક જગ્યાએ ફીમાં એકરૂપતા નથી.કોર્ટે આ મામલે કેન્દ્ર સરકારનો અભિપ્રાય લેવા માટે નોટિસ જારી કરી છે અને આગામી સુનાવણી માટે ૧૭ એપ્રિલની તારીખ નક્કી કરી છે. કોર્ટે કહ્યું કે આ કેસની વ્યાપક અસર થશે. જસ્ટિસ ધુલિયાએ કહ્યું, 'આખરે તમે આ નીતિને કેવી રીતે પડકારી શકો?

# અમદાવાદમાં પાર્ટીના ફંડના નામે ત્રાહિત વ્યક્તિએ કરી કરોડો રૂપિયાની ઉઘરાણી

**સાયબર ક્રાઈમ પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરતા સામે આવ્યું કે, NCPના નામે સોશિયલ મીડિયા પર એકાઉન્ટ ખોલીને ફંડ ઉઘરાવવામાં આવતુ**

અમદાવાદ,

શહેરના NCP ના ખજાનજી હેમાંગ શાહે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. તેઓએ ફરિયાદમાં જણાવ્યું કે, પાર્ટીના ફંડના નામે કોઈ ત્રાહિત વ્યક્તિ કરોડો રૂપિયાની ઉઘરાણી કરી રહ્યો છે. તેમજ પાર્ટી ફંડમાં ૧૦૦ ટકા રિબેટ આપવાની લાલચે ગેરકાયદેસર ઉઘરાણી કરવામાં આવી રહી છે. જે અંગે સાયબર ક્રાઈમ પોલીસે ફરિયાદ નોંધી તપાસ કરતાં સામે આવ્યું કે NCP ના નામે સોશિયલ મીડિયા પર એકાઉન્ટ ખોલીને ફંડ ઉઘરાવવામાં આવતુ હતું. તપાસમાં સામે આવ્યું




કે અલગ-અલગ ૮૬ જેટલા લોકો પાસેથી નવેમ્બર ૨૦૨૩થી અત્યાર સુધીમાં ફંડ ઉઘરાવવામાં આવ્યુ હતું. એટલું જ નહીં સાયબર ક્રાઈમની તપાસમાં એવુ પણ સામે આવ્યું કે, અત્યાર સુધીમાં ૨.૮૦ કરોડ જેટલી પાર્ટી ફંડના નામે બેંક એકાઉન્ટમાં ફંડ મેળવીને છેતરપિંડી આચરવામાં આવી છે. જે અંગે સાયબર ક્રાઈમની ટીમે બેંક એકાઉન્ટ ફ્રીઝ કરવીને તમામ માહિતી મેળવીને આરોપી સુધી પહોંચી હતી. આ કેસમાં સાયબર ક્રાઈમે બેંક એકાઉન્ટ ફ્રિઝ કરાવી અલગ-અલગ માહિતી એકત્ર કરી આરોપી આમિર શેખની ધરપકડ કરી છે. પકડાયેલા આરોપી આમિર શેખ દ્વારા એનસીપીના નામનું એકોનીયનનો ઉપયોગ કરતો અને પોતે જ NCPના નામે સોશિયલ મીડિયામાં પોસ્ટ મૂકી પાર્ટી ફંડના નામે ઉઘરાણી કરતો હતો.

# ભરઉનાળે ચોમાસા જેવો માહોલ

## દાહોદ સહિત ૩ જિલ્લામાં કમોસમી વરસાદ વરસ્યો

અમદાવાદ,

એક તરફ કાળઝાળ ગરમી પડી રહી છે. બીજી તરફ હવામાન વિભાગે ૧૩થી ૧૫ એપ્રિલ દરમિયાન માવઠાની પણ આગાહી કરી છે. ત્યારે આ સ્થિતિ વચ્ચે ગુરૂવારે રાજયના કેટલાક જિલ્લાઓમાં એકાએક વાતાવરણમાં પલટો જોવા મળ્યો છે. વીજળીના કડાકા-ભડાકા તો ક્યાંક ધીમે ધારે વરસાદ વરસ્યો છે.

છોટાઉદેપુર જિલ્લાના કવાંટ નગર સહિત તાલુકામાં બપોર બાદ વાતાવરણમાં પલટો આવ્યો હતો. જેમાં કવાંટ, નાની ટોકરી, મોટી ટોકરી, મોટાઘોડા પંથકમાં વીજળીના કડાકા સાથે વરસાદ વરસ્યો હતો. વરસાદી પાણી માર્ગો પર ફરી વળ્યા હતા પરિણામે ભરઉનાળે ચોમાસા જેવો માહોલ જામ્યો



હતો. દાહોદ જિલ્લામાં પણ કમોસમી વરસાદ વરસ્યો હતો. જેમાં લીમડી, મિરાખેડી સહીતના વિસ્તારમાં માવઠું થયું હતું. મિરાખેડીમાં કરા પણ પડ્યા હતા. કમોસમી વરસાદના પગલે વાતાવરણમા ઠંડક પ્રસરી છે. બનાસકાંઠા જિલ્લાના દાંતામાં બપોર બાદ કમોસમી વરસાદ પડયો હતો. દાંતા તાલુકાના ભાણપુર, હડાદ અને આજુબાજુના વિસ્તારોમાં ભારે વાવાઝોડા બાદ વરસાદ વરસ્યો હતો.

# વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન ગુજરાતની પ્રથમ ISO: ૨૦૧૫ પ્રમાણિત સંસ્થા

**વિશ્વના સૌથી ઊંચા મંદિરનું થઈ રહ્યુ છે નિર્માણ**

અમદાવાદ

મા ઉમિયાની આસ્થાને વિશ્વભરમાં ઉજાગર કરવાના સંકલ્પ સાથે વિશ્વ ઉમિયાધામ – જાસપુર, અમદાવાદ મુકામે ૧૦૦ વીઘા જમીનમાં એક હજાર કરોડના સામાજિક નીધિ સહયોગથી વિશ્વના ઊંચામાં ઊંચા મંદિરનું નિર્માણ કાર્ય થઈ રહેલ છે. વિશ્વ ઉમિયાધામ મંદિર નિર્માણ ઉપરાંત શિક્ષણ, રોજગાર, આરોગ્ય, છાત્રાલય, સ્પોર્ટ્સ & કલ્ચરલ, બિઝનેસ ડેવલપમેન્ટ જેવી અનેકવિધ પ્રવૃત્તિઓ સાથે આસ્થા – એકતા અને ઊર્જાના ધામ તરીકે કાર્યરત છે. ત્યારે આધ્યાત્મિક ચેતનાથી રાષ્ટ્રચેતના અભિયાનમાં સનાતન ધર્મની વિચારધારાને ઉજાગર કરવામાં યસકલગી રૂપે સંસ્થાને ISO ૨૦૧૫ની માન્યતા પ્રાપ્ત થઈ છે. વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનએ ગુજરાતની પ્રથમ ISO ૨૦૧૫ પ્રમાણિત સંસ્થા બની છે.

# અમદાવાદના ઈતિહાસમાં પ્રથમવાર ૩૫ જૈન દીક્ષાનો વિક્રમસર્જક વીરવ્રતોત્સવ

## મુમુક્ષુઓના મહાભિનિષ્ક્રમણ નિમિત્તે પાંચ દિવસના ભવ્ય મહોત્સવનો પ્રારંભ તા.૧૮ એપ્રિલના કરવામાં આવશે

અમદાવાદ,

જૈનધર્મના અંતિમ તીર્થંકર મહાવીર સ્વામીના નિર્વાણનાં ૨,૫૫૦ વર્ષની ઉજવણીના ભાગરૂપે ૩૫ મુમુક્ષુઓ તા. ૨૨ એપ્રિલનાસંસારનો ત્યાગ કરીને પ્રભુ મહાવીરના પંથે વિજય પ્રસ્થાન કરવાના છે. અમદાવાદ શહેરના ઈતિહાસમાં ક્યારેય ન બની હોય તેવી ઘટના ૨૨ એપ્રિલના રોજ બનવા જઈ રહી છે.

ચૈત્ર સુદ ૧૪ના રિવરફ્રન્ટ ઉપર નિર્માણ કરવામાં આવેલી અધ્યાત્મ નગરીમાં આચાર્યદેવ વિજય યોગતિલકસૂરીશ્વરજી મહારાજાના હસ્તે ૧૧ વર્ષની ઉંમરનાં બાળકથી લઈને ૫૬ વર્ષના પ્રૌઢ સુધીના ૩૫ મુમુક્ષુઓ સંસારનો પરિત્યાગ કરીને પ્રભુ વીરના પંથે પ્રયાણ કરવાના છે. આ મુમુક્ષુઓના મહાભિનિષ્ક્રમણ નિમિત્તે પાંચ દિવસના ભવ્ય મહોત્સવનો પ્રારંભ તા.૧૮ એપ્રિલના રોજ કરવામાં આવશે, જેમાં આશરે એક લાખ શ્રદ્ધાળુ જૈનો હાજર રહેવાની ગણતરી છે.

પૂજ્ય ગુરુ ભગવંતો સહિત ૪૦૦ શ્રમણ-શ્રમણી ભગવંતોના ભવ્ય નગર પ્રવેશની સ્વાગત યાત્રા તા. ૧૮ના સવારે ધામધૂમથી યોજવામાં આવી છે. દીક્ષા લેનારા ૩૫ મુમુક્ષુઓના વરસીદાનનો ભવ્ય વરઘોડો તા. ૨૧ એપ્રિલના સવારે કાઢવામાં આવશે, જેની લંબાઈ આશરે ૧ કિલોમીટર જેટલી હશે.અમદાવાદમાં જે ૩૫ મુમુક્ષુઓ દીક્ષા ગ્રહણ કરવાના છે, તેમાં પાંચ પરિવારો એવા છે કે તેમની દીક્ષા સાથે તેમનાં ઘરોને તાળાં લાગી જશે અને સમગ્ર પરિવાર પ્રભુ વીરના પંથે વિચરશે.

અધ્યાત્મ નગરીમાં પરમાત્માની ભક્તિ માટે રાજસ્થાનના રાજમહેલની થીમ પર ભવ્ય મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું છે.

# એસટીના ડ્રાઈવરે યુવતીને ફસાવી દુષ્કર્મ આચર્યું

સુરત,

સુરતમાં એસટીના ડ્રાઈવરે લગ્નની લાલચ આપી યુવતીને ફસાવી દુષ્કર્મ આચર્યું. યુવતી પોલિટેકનિકમાં કોમ્પ્યુટર એન્જિનિયરિંગ કરતી હતી. દરમ્યાન કોલેજ જતા-આવતા એસટીના બસ ડ્રાઈવર સાથે દોસ્તી થઈ. એન્જિનિયરિંગમાં અભ્યાસ કરતી યુવતી બસ ડ્રાઈવરની વાતમાં આવી ગઈ અને તેની સાથે શારીરિક સંબંધ બાંધ્યો. દરમ્યાન યુવતીને ગર્ભ રહી જતા એસટી ડ્રાઈવરને લગ્ન કરવા દબાણ કર્યું. લગ્ન કરવાની એસટી બસ ડ્રાઈવરે ના પાડી દેતા યુવતીએ પોલીસમાં ફરિયાદ નોંધાવી. અઠવા પોલીસે દુષ્કર્મની ફરિયાદ પર એસટી ડ્રાઈવરની ધરપકડ કરી

રાજ્યમાં બળાત્કારના ગુનાઓ વધી ગયા છે. દરરોજ કોઈને કોઈ જગ્યાએથી બળાત્કારનો બનાવ સામે આવતો હોય છે. દુઃખદ વાત એ છે કે નાની બાળકીઓ પર પણ દુષ્કર્મની ઘટનાઓ વધી છે. યુવતીઓ મોટાભાગે યુવાનોની વાતોની જાળમાં ફસાઈ જાય છે. આથી જ કહેવાય છે કે પ્રેમ આંધળો હોય છે.

# રૂપાલા સામે લડાઈથી હિન્દુત્વને પહોંચશે નુકશાન સમાધાનની તરફેણમાં આવ્યા અવિચલદાસજી

**બન્ને પક્ષો ભેગા થઈ સુખદ સમાધાન શોધે, સંત સમિતિનાં રાષ્ટ્રીય અધ્યક્ષ દ્વારા અપીલ**

અમદાવાદ

પરશોત્તમ રૂપાલાનાં નિવેદન મામલે હવે સંતોએ મેદાનમાં ઝંપલાવ્યું છે. સંત સમિતિનાં રાષ્ટ્રીય અધ્યક્ષ દ્વારા સમગ્ર મામલે બંને પક્ષો ભેગા થઈ સમગ્ર મામલે સુખદ સમાધાન શોધે તેવી અપીલ કરવામાં આવી છે.

પરશોત્તમ રૂપાલાનાં નિવેદન મામલો થયેલ હોબાળાને શાંત કરવા માટે હવે સંતોએ મેદાનમાં ઝંપલાવ્યું છે. આ સમગ્ર બાબતે સંત સમિતિનાં રાષ્ટ્રીય અધ્યક્ષ અવિચલસાદ મહારાજે સમગ્ર મામલે પ્રતિક્રિયા આપી હતી. જેમાં બંને પક્ષો ભેગા તઈ સમગ્ર મામલે સુખદ સમાધાન શોધે. આ લડાઈથી માત્ર હિન્દુત્વને નુકશાન પહોંચશે. ભૂલ થાય નિદનીય છે પણ એનું સમાધાન બંને પક્ષો ભેગા મળી કરે. અવિચલ દાસ મહારાજની વિવાદને શાંત કરવા બંને પક્ષોને અપીલ કરી છે.

# ચેકીંગ દરમિયાન બનાસકાંઠામાં ચૂંટણી અધિકારીઓએ એક કરોડ રોકડા ઝડપ્યા

પાલનપુર,

બનાસકાંઠામાં ચૂંટણી અધિકારીઓએ પોલીસની સાથે ચેકિંગ ઘનિષ્ઠ કરતાં એક કરોડ રૂપિયાની રોકડ પકડી પાડી છે. પાલનપુર એલસીબી પોલીસે આ રોકડ પકડી પાડી છે. ચેકિંગ દરમિયાન એરોમા નજીકની કારમાંથી રોકડ ઝડપાઈ. ચેકિંગ દરમિયાન કારમાંથી રોકડા મળ્યા હતા.

ગુજરાતમાં લોકસભા ચૂંટણી ૨૦૨૪ પૂર્વે રાજકીય પક્ષોનો ધમધમાટ શરૂ થઈ ગયો છે તો તેની સાથે-સાથે રોકડિયા રાજા પણ ખણખણવા લાગ્યા છે. ચૂંટણી પૂર્વે રોકડાની લ્હાણી રાજકીય પક્ષો માટે સામાન્ય બાબત છે. હવે બે હજાર રૂપિયાની નોટ તો રહી નથી, પણ પાંચસો-પાંચસોની નોટોની પણ બોલબાલા છે.

પોલીસે રોકડ કોની હતી તેની તલાશ તો આદરી છે તેની સાથે કાર કોની માલિકની હતી તે તલાશ પણ આદરી છે. પોલીસને આ મોરચે ટૂંક સમયમાં જ સગડ મળશે તેવી આશા છે. આમ આગામી થોડા સમયમાં આ મોરચે નવો વિવાદ ઊભો થઈ શકે છે.

# સુરેન્દ્રનગરના સોમાભાઈ પટેલે કોંગ્રેસને કર્યા રામ રામ

**ટિકિટ ના મળતા સોમાભાઈ પાર્ટીથી નારાજ હતા**

સુરેન્દ્રનગર

લોકસભા ચૂંટણી અગાઉ એક પછી એક નેતાઓ કોંગ્રેસને રામ રામ કરી રહ્યા છે. ત્યારે વધુ એક દિગ્ગજ નેતાએ કોંગ્રેસનો હાથ છોડ્યો છે. સુરેન્દ્રનગરના દિગ્ગજ નેતા સોમાભાઈ પટેલે કોંગ્રેસ પક્ષના સભ્ય પદેથી રાજીનામું આપી દીધું છે. કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલને લેખિતમાં રાજીનામું આપ્યું છે.

સુરેન્દ્રનગર લોકસભા બેઠક પરથી સોમાભાઈ પટેલે ચૂંટણી લડવાની તૈયારી દેખાડી હતી. જોકે, કોંગ્રેસે આ બેઠક પરથી ઋત્વિક મકવાણાને મેદાનમાં ઉતાર્યા છે. પરિણામે લોકોમાં એવું ચર્ચાઈ રહ્યું છે કે, ટિકિટ ના મળતા સોમાભાઈ પાર્ટીથી નારાજ હતા. ત્યારે આજે કોંગ્રેસ સાથે છેડો ફાડી દીધો છે.

સોમાભાઈ પટેલે રાજીનામામાં લખ્યું કે, ‘હું કોળી સોમાભાઈ પટેલ પૂર્વ સાંસદ સુરેન્દ્રનગર અને પૂર્વ ધારાસભ્ય લીબડી. મારા અંગત કારણોસર કોંગ્રેસ પક્ષના પ્રાથમિક સભ્ય પદેથી હું રાજીનામું આપું છું. જે સ્વીકારવા વિનંતી છે.

# કોંગ્રેસમાંથી રાજીનામું આપનાર રોહન ગુપ્તા ભાજપમાં જોડાયા

અમદાવાદ,

થોડા દિવસ પહેલા જ કોંગ્રેસમાંથી રાજીનામું આપનાર રોહન ગુપ્તાએ કેસરિયા કરી લીધા છે. કોંગ્રેસે તેમને અમદાવાદ પૂર્વ બેઠક પરથી લોકસભાની ટિકિટ પણ આપી હતી. જો કે પહેલા ચૂંટણી લડવાનો ઈનકાર કર્યા બાદ ૨૧ માર્ચે રોહન ગુપ્તાએ કોંગ્રેસમાંથી રાજીનામું આપી દીધુ હતુ.

લોકસભા ચૂંટણીની ઘોષણા થઇ ગયા બાદ કોંગ્રેસે અમદાવાદ પૂર્વ બેઠક પર ઉમેદવાર તરીકે રોહન ગુપ્તાનું નામ જાહેર કર્યુ હતુ. જો કે બાદમાં રોહન ગુપ્તાએ ચૂંટણી લડવાથી સ્પષ્ટ ઈંકાર કરી દીધો હતો. પોતાના પિતાની નાદુરસ્ત તબિયતના કારણે ચૂંટણીનું મેદાન છોડ્યું હોવાનું કારણ આગળ ધર્યુ હતુ. બાદમાં કોંગ્રેસ પર અનેક આક્ષેપ લગાવીને રોહન ગુપ્તાએ કોંગ્રેસમાંથી તમામ પદો પરથી રાજીનામુ આપી દીધુ હતુ. હવે આજે તેમણે દિલ્હીમાં ભાજપની એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન ભાજપનો ખેસ પહેર્યો હતો. આ સાથે જ રોહન ગુપ્તાએ કોંગ્રેસ પર અનેક આક્ષેપ લગાવ્યા હતા. રોહન ગુપ્તાએ જણાવ્યુ કે, હું દેશ માટે કઇક કરવાની ભાવના સાથે ભાજપમાં જોડાયો છુ.વર્ષોથી જે પાર્ટીમાં રહ્યા હોય તે પાર્ટી કોઇ નેતા લાલચથી ન છોડે.તેમણે જણાવ્યુ કે કોંગ્રેસ રાષ્ટ્રવાદ અને સનાતન ધર્મથી વિમુખ થઇ ગઇ છે.

# સુરતના VR મોલને બૉમ્બથી ઉડાવી દેવા મુદ્દે મોટો ખુલાસો




સુરત,

બે દિવસ પહેલા સુરતના ડુમસમાં આવેલા વી આર મોલમાં બોમ્બ બ્લાસ્ટ કરવાની ધમકી ભર્યો ઈમેઈલ મળ્યો હતો. આ કેસમાં મોટો ખુલાસો થયો છે. ધમકીભર્યા ઈ-મેઈલની તપાસમાં વિદેશના IP એડ્રેસથી આ મેઇલ કરવામાં આવ્યો હોવાનું સામે આવ્યુ છે. સુરતના VR મોલને બૉમ્બથી ઉડાવી દેવા મુદ્દે મોટો ખુલાસો થયો છે. ધમકીભર્યા ઈ-મેઈલની તપાસમાં યુરોપના ફિનલેન્ડનું આઈપી એડ્રેસ સામે આવ્યું છે. ઈ-મેઈલ મોકલવા વર્ચ્યુઅલ પ્રાઈવેટ નેટવર્કનો ઉપયોગ કરાયો હોવાની પોલીસને શંકા છે. VPN નેટવર્કનો ઉપયોગ ભારતના જ કોઈ રાજ્યમાંથી થયો હોવાની શક્યતા છે. કોઈ ટીખળખોરે ડરાવવા માટે VPN વડે એન્ડ ટુ એન્ડ પ્લેટફોર્મ પરથી ઈ-મેઈલ કર્યા હોઇ શકે છે. સમગ્ર મામલ IP એડ્રેસ, સર્વર, ઈ-મેઈલ રજિસ્ટ્રેશન સહિતની વિગતો મેળવવા માટે તજવીજ શરૂ કરવામાં આવી છે. સાયબર ક્રાઈમની ટીમ ગુપ્તરાહે તપાસ કરવા રવાના થઈ છે.

# ઈદની ઉજવણી માતમાં, ૨ સગાભાઈ સહિત ત્રણ યુવાનોનું ડૂબી જતા મોત

**ત્રણેય યુવાનો પંચમહાલના પાનમ ડેમ ફરવા ગયા હતા**

પંચમહાલ

પંચમહાલના પાનમડેમ વિસ્તારમાં પાનમ કેનાલમાં ત્રણ યુવાનોના ડૂબ્યા. રમજાન ઈદનો તહેવાર હોવાથી કોઠંબાના ત્રણ યુવાનો પાનમ ડેમ ફરવા ગયા હતા. ત્રણેય યુવાનોના મૃતદેહ પાનમ કેનાલમાંથી મળી આવ્યા છે. ત્રણે યુવાનો મહીસાગરના કોઠંબાના હોવાનુ જાણવા મળ્યું છે.

મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના કોઠંબા જેવા નાનકડા ગામમાં રહેતા મુસ્લિમ સમાજના ત્રણ યુવાનો નામે મો.બુરહાન હાજી સઈદ નગીના, નિહાલ રફીક શેખ અને ફરહાદ શૈખ ગુરુવારની સવારમાં મિત્ર વર્તુળ સાથે ઈદના તહેવાર હોવાથી આનંદપૂર્વક ઈદની ઉજવણી કર્યા બાદ શહેરા તાલુકાના પાનમ ડેમ ખાતે ફરવા માટે ગયા હતા. ત્રણેય યુવાનો પોતાની સાથે નાસ્તો લાવ્યા હતા જ્યાં નાસ્તો પત્યા બાદ એક યુવાન બાજુમાં આવેલી પાનમ સિંચાઈની કેનાલમાં પીવાના પાણીની બોટલમાં પાણી ભરવા જતા તેનો પગ લપસતા પાણીમાં ડૂબવા લાગ્યો હતો.

આ સમયે ડૂબતા યુવાનને બચાવવા અન્ય યુવાન પડતા તે પણ ડૂબવા લાગતા ત્રીજો બંને ડૂબતા યુવાનોને બચાવવા પડતા ત્રણેય યુવાનો કેનાલના ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા.

# રાજ્યમાં કાળઝાળ ગરમીનો પ્રકોપ : ઝાડા ઉલટીના કેસમાં વધારો

અમદાવાદ,

રાજ્યમાં કાળઝાળ ગરમીનો પ્રકોપ શરૂ થયો છે. જેમાં ૫ શહેરમાં તાપમાન ૪૧ ડિગ્રીને પાર થયુ છે. તેમાં રાજકોટમાં સૌથી વધુ ૪૧.૭ ડિગ્રી તાપમાન છે. કચ્છમાં હીટવેવની આગાહી કરાઈ છે. તેમજ અમદાવાદમાં ૪૧.૫ ડિગ્રી, ગાંધીનગરમાં ૪૧ ડિગ્રી, ભુજમાં ૪૧.૫, સુરેન્દ્રનગરમાં ૪૧.૫ ડિગ્રી તાપમાન રહ્યું છે.

કંડલામાં ૪૦ ડિગ્રી, ડીસામાં ૩૯.૪ ડિગ્રી તાપમાન સાથે વડોદરામાં ૩૯.૬, કેશોદમાં ૩૯ ડિગ્રી તાપમાન છે. તેમજ મહુવામાં ૩૮.૬,ભાવનગરમાં ૩૭.૫ ડિગ્રી તાપમાન છે. ગુજરાતમાં કાળઝાળ ગરમીની અસરના કારણે છેલ્લા નવ દિવસમાં ૧,૫૪૯ લોકો ચક્કર ખાઈને બેભાન થયા છે, આવા દર્દીને સારવાર માટે ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ મારફત હોસ્પિટલે મોકલવામાં આવ્યા છે. પેટમાં દુઃખાવો, ઝાડા ઉલટી, બેભાન કે અર્ધબેભાન થવું, માથાનો દુઃખાવો સહિતની વિવિધ ગરમીને લગતી બીમારીના ગુજરાતમાં છેલ્લા નવ દિવસમાં ૭,૩૪૨ કોલ્સ ૧૦૮ ઈમરજન્સી સર્વિસને મળ્યા છે. પહેલી માર્ચથી ૯મી માર્ચ સુધીમાં ગરમીને લગતી બીમારીના ગુજરાતમાં ૩૨,૯૮૪ કોલ્સ આવ્યા છે, જેમાંથી ૭,૦૩૪ કોલ્સ બેભાન થવાના છે.

ગુજરાતમાં ગરમીનો પ્રકોપ વધતાં ઝાડા ઉલટીને લગતા કેસમાં ૩૨ ટકા અને માથાના દુખાવાની તકલીફમાં એકંદરે ૨૭ ટકા જેટલો ઉછાળો નોંધાયો છે. ગત વર્ષના પહેલીથી નવમી એપ્રિલ સુધીના સમય ગાળાની સરખામણીએ એકંદરે વિવિધ બીમારીના ૧૦ ટકા જેટલા કેસ વધ્યા છે. પેટમાં દુખાવાને લગતા નવ દિવસમાં ૨૫૮૬ કોલ્સ આવ્યા છે, જે ગત વર્ષ ૨૦૨૩માં આ જ સમય ગાળામાં ૨૨૬૪ કોલ્સ આવ્યા હતા. ગરમીના કારણે બેભાન થવાના કે પડી જવાના ૧૫૪૯ કેસ છે, માથાના દુખાવાની ફરિયાદના ૧૫૮ કોલ્સ આવ્યા છે જ્યારે હિટ સ્ટ્રોકના ૩ કિસ્સામાં જે તે વ્યક્તિને હોસ્પિટલે ખસેડવામાં આવ્યા છે. રાજ્યમાં છેલ્લા ૯ દિવસમાં હાઈ ફિવરના ૧,૨૬૨ કેસ આવ્યા છે. ઝાડા ઉલટીના ૧૭૮૪ કોલ્સ મળ્યા છે, ગત વર્ષે આ જ સમય ગાળામાં ૧૩૪૮ કોલ્સ આવ્યા હતા.




## ૧૦૮ ઈમરજન્સી સર્વિસને ૭ હજારથી વધુ બીમારીના કોલ મળ્યાં

ગુજરાતમાં ઉનાળો દિવસે દિવસે આકરો થતો જઈ રહ્યો છે. ગુજરાતમાં સતત ત્રીજા દિવસે તાપમાન ૪૦ ડિગ્રીને પાર ગયુ છે. તાપમાનમાં વધારો થવાની સાથે ગુજરાતમાં રોગચાળો પણ વકરી રહ્યો છે.કાળઝાળ ગરમીના પગલે રાજ્યમાં બીમારીના કેસ વધ્યાં છે.ગુજરાતમાં કાળઝાળ ગરમીના પગલે છેલ્લા ૯ દિવસમાં ૧૫૦૦થી વધુ લોકો બેભાન થયા હોવાના કેસ સામે આવ્યા છે. તો બીજી તરફ પેટમાં દુઃખાવો, ઝાડા ઉલટી, બેભાન કે અર્ધબેભાન થવાના કેસ વધ્યાં છે. ગરમીની બીમારીને કારણે ૧૦૮ ઈમરજન્સી સર્વિસને ૭ હજારથી વધુ કોલ મળ્યાં હોવાનું સામે આવ્યુ છે.ગુજરાતમાં ગઈકાલે અનેક શહેરમાં ૪૦ ડિગ્રીથી વધુ તાપમાન નોંધાયુ છે. રાજકોટમાં સૌથી વધુ મહત્તમ ૪૧.૭ ડિગ્રી તાપમાન નોંધાયું છે. અમદાવાદમાં મહત્તમ ૪૧.૫ ડિગ્રી તાપમાન નોંધાયું છે. પાંચ શહેરોમાં તાપમાન ૪૧ ડિગ્રીને પાર પહોંચ્યો છે. તો આગામી બે દિવસ સૌરાષ્ટ્ર-કચ્છમાં હીટવેવની આગાહી કરવામાં આવી છે.

# લેઉવા પાટીદાર સમાજના ૧૦૮ દંપતિઓના સંકલ્પ સાથે કરાશે નવચંડી મહાયજ્ઞ

## સમસ્ત લેઉવા પાટીદાર સમાજ કણબીવાડ દ્વારા રવિવારે આયોજન : જ્ઞાતિનું સ્નેહમિલન તેમજ માતા-પિતાનું પૂજન સહિતના કાર્યક્રમો

ભાવનગર, તા.૧૨

સમસ્ત લેઉવા પટેલ સમાજ કણબીવાડ દ્વારા સૌ પ્રથમવાર ૧૦૮ યજમાન દંપતીઓના સંકલ્પ સાથે નવચંડી મહાયજ્ઞનુ આયોજન તા.૧૪-૪ને રવિવારના રોજ મામાદેવના ઓટલા પાસે સાંઈદર્શન પાર્ક સુભાષનગર ભાવનગર ખાતે રાખેલ છે.૧૦૮ એક એવો અંક છે જે હિન્દુ ધર્મમાં અત્યંત મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે.

ધાર્મિક ગ્રંથોથી લઈ જ્યોતિષશાસ્ત્ર સુધી આ અંકને શુભ માનવામાં આવે છે. વર્ષ ૨૦૨૪માં ચૈત્ર નવરાત્રીના પાવન અવસર ઉપર નવદુર્ગામાં તથા કુળદેવી-દેવતાઓના આશીર્વાદ લેઉવા પાટીદાર સમાજ ઉપર બન્યા રહે. દરેક વ્યક્તિ, ઘર, પરિવાર, કુટુંબનું કલ્યાણ થાય તેવા આશય સહ ૩૬ યજ્ઞકુંડમાં ૧૦૮ યજમાન દંપતિઓના સંકલ્પ સાથે પવિત્ર નવચંડી મહાયજ્ઞનું આયોજન સાથે સાથે સમસ્ત લેઉવા પાટીદાર સમાજના સ્નેહમિલન નિમિત્તે મહાપ્રસાદનું આયોજન ગણેશ મહોત્સવ સમિતિ રામજીમંદિર તથા લેઉવા પાટીદાર કમિટી અને સમસ્ત લેઉવા પાટીદાર મહિલા મંડળ દ્વારા રાખવામાં આવેલ છે.

૧૦૮ યજમાન દંપતી દ્વારા ૩૬ કુંડના યજ્ઞમાં ગણેશજી પૂજન, ૬૪ યોગિની, ૬૪ ભૈરવ પૂજન, નવચંડી પૂજન, નવદુર્ગા પૂજન, નવગ્રહનુ પૂજન, વાસ્તુ નિવારણ પૂજન, પિતૃદોષ પૂજન સાથે કુળદેવી, કુળદેવતાઓનુ પૂજન, નવદુર્ગા યંત્ર પૂજન, માતા-પિતા તથા વડીલોનુ પૂજન, રક્ષાયંત્ર પૂજન કરાશે. પછી લેઉવા પાટીદાર સમાજના દરેક લોકો શ્રીફળની આહુતિ આપી શકશે.

આ પ્રસંગે નવચંડી મહાયજ્ઞ પ્રારંભ તા.૧૪ રવિવારે સવારે ૮ કલાકે, પૂર્ણાહુતી બપોરે ૫ કલાકે થશે. નવદુર્ગામાં અને મુખ્ય સ્થાપન દર્શન બપોરે ૫ કલાકથી, માતા પિતા તથા વડીલોનુ નાની દિકરીઓના હાથે પુષ્પ સ્વાગત તા.૧૪ રવિવારે બપોરે ૩ કલાકે, કુળદેવીમાના ગરબા બપોરે ૫ કલાકે, મહાપ્રસાદ સાંજે ૬ કલાકથી શરૂ થશે. લેઉવા પાટીદાર સમાજના દરેક વ્યકિત ઉપર માતાજીની રક્ષાત્મક ઉર્જા બનેલી રહે તેમ માટે રક્ષાયંત્ર કાર્યક્રમ દરમ્યાન શ્રીફળની આહુતી બાદ દરેક લોકોને રક્ષાયંત્રનુ વિતરણ કરાશે.

નવચંડી મહાયજ્ઞ દરમ્યાન યજમાન દંપતિઓ દ્વારા તમામ દેવી દેવતાઓના આર્શીવાદ મેળવ્યા બાદ સાક્ષાત પોતાના જીવનના દેવી અને દેવતા એટલે કે પોતાના માતા-પિતાનુ પૂજન યજમાન દંપતિઓ દ્વારા શાસ્ત્રોકત વિધિ વિધાનથી કરવામાં આવશે.

# નિ:શુલ્ક સરકાર માન્ય કોર્સ સાથે રોજગારીની તક

**સ્ટીલકાસ્ટ સ્કિલ ડેવલપમેન્ટ સેન્ટર - ભાવનગર દ્વારા ટૂંકાગાળાના અને સંપૂર્ણ રોજગાર, સ્વરોજગાર લક્ષી સ્કિલ ડેવલપમેન્ટ કોર્સની બેચનો થશે પ્રારંભ**

ભાવનગર, તા.૧૨

સ્ટીલકાસ્ટ સ્કિલ ડેવલપમેન્ટ સેન્ટર - ભાવનગર દ્વારા ટૂંકાગાળાના અને સંપૂર્ણ રોજગાર, સ્વરોજગાર લક્ષી સ્કિલ ડેવલપમેન્ટ કોર્સની બેચનો પ્રારંભ થવા જઈ રહ્યો છે. જે તમામ કોર્સીસ તદ્દન નિ:શુલ્ક રહેશે અને આ કોર્સ સફળતાપૂર્વક પૂર્ણ કર્યેથી સરકાર માન્ય પ્રમાણપત્ર પણ મળશે સાથોસાથ રોજગાર કે સ્વરોજગારી મેળવવા માટે સેન્ટર દ્વારા માર્ગદર્શન પણ મળશે.

હાલમાં સ્ટીલકાસ્ટ સ્કિલ ડેવલપમેન્ટ સેન્ટર - ભાવનગર ખાતે સોલાર PV ઈન્સ્ટોલર (સૂર્યમિત્ર), CNC પ્રોગ્રામિંગ, CNC ઓપરેટર ટર્નિંગ, CNC - VMC ઓપરેટર, વેલ્ડર, ઈલેક્ટ્રીશ્યન ઈન્ડસ્ટ્રીઅલના કોર્ષ ઉપલબ્ધ છે.

૧૮ વર્ષ કે તેથી વધુ વય ધરાવતા ઉમેદવારે લિંક : https://forms.gle/6ExbiHGMVJEvNXAA6 દ્વારા રજીસ્ટ્રેશન કરાવ્યા બાદ સેન્ટર દ્વારા તેમનો સંપર્ક કરવામાં આવશે. સંસ્થા દ્વારા ફ્રી કોર્સ, સેફટી હેલ્મેટ, સેફટી શુઝ, એક સમયનું ભોજન, ડ્રેસ કોડ (ટી-શર્ટ) વિગેરે ફ્રી સુવિધા મળશે. આ તમામ કોર્સ તદ્દન નિ:શુલ્ક છે. ઉમેદવારે ત્રણ મણ મહિના (અંદાજિત) ભણવાનું છે. વધુ કંઈ માહિતી માટે, સ્ટીલ કાસ્ટ સ્કિલ ડેવલપમેન્ટ સેન્ટર ગેટ નં.૩, સ્ટીલ કાસ્ટ લિમિટેડ કંપની રૂવાપરી રોડ, ભાવનગર. સેન્ટરની રૂબરૂ મુલાકાત સવારે ૧૦ થી સાંજના ૦૬ સુધીમાં કરવા જણાવાયું છે.

# વિહિપ અને બજરંગદળ દ્વારા રામ જન્મોત્સવ નિમિત્તે કરાયું ધર્મ ધ્વજારોહણ



વિશ્વ હિન્દુ પરિષદ બજરંગ દળ ભાવનગર મહાનગર દ્વારા રામ જન્મ મહોત્સવ નિમિત્તે ગુરૂવારે સાંજે વીર ભગતસિંહ ચોક ખાતે ધર્મ ધ્વજા રોહણ કરવામાં આવ્યું હતું. આ સાથે રામ જન્મોત્સવ સંદર્ભેની તૈયારીઓ તબક્કાવાર હાથ ધરી દેવાઈ છે. ધ્વજારોહણ કાર્યક્રમમાં યુવા ટીમના સદસ્યો ઉપસ્થિત રહ્યા હતાં.

# શહેર ભાજપ સંગઠન દ્વારા મહાત્મા જ્યોતિબા ફૂલેની જન્મજયંતી એ અપાઇ પુષ્પાંજલિ





ભાવનગર શહેર ભાજપ સંગઠન દ્વારા શહેર ભાજપ કાર્યાલય ખાતે મહાન સમાજ સુધારક મહાત્મા જ્યોતિબા ફૂલેની જન્મજયંતી નિમિત્તે શહેર અધ્યક્ષ અભયભાઈ ચૌહાણની અધ્યક્ષતામાં પુષ્પાંજલિનો કાર્યક્રમ યોજાએલ, જેમાં શહેર મહામંત્રી નરેશભાઈ મકવાણા સહિત સમગ્ર શહેર ભાજપ સંગઠન ઉપસ્થિત રહેલ, કાર્યક્રમના અંતમાં અધ્યક્ષ અભયભાઈ ચૌહાણ દ્વારા જ્યોતિબા ફુલેનું જીવન કવન કરવામાં આવેલ, તેમ ભાવનગર શહેર ભાજપ મીડિયા વિભાગની યાદીમાં જણાવાયું હતું.

# ધોળા જંકશન ખાતે રામ નવમીએ યોજાશે રામલલ્લાની રંગદર્શી શોભાયાત્રા

**શોભાયાત્રાના માર્ગો પર કેસરી ધજા-પતાકા અને ભગવાનના કટઆઉટ મુકાયા : રામલલ્લાનો જન્મોત્સવ ઉજવવા ભાવિકોમાં ભારે ઉત્સાહ**

ભાવનગર, તા.૧૨

વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંદળના દ્વારા ધોળા રામજન્મ ઉત્સવ સમિતિ દ્વારા રામ લલ્લાંની રથયાત્રા કાઢવામાં આવનાર છે ત્યારે વિહિપ,અને બજરંગ દળના કાર્યકરો દ્વારા ધોળા જંકશનની મુખ્ય બજાર કેસરી ધજા પતાકાથી શણગારવામાં આવી છે, શોભાયાત્રાના માર્ગ ઉપર સુશોભિત કમાનો અને ભગવાનના કટ આઉટથી શણગારવામાં આવ્યું છે.

ઠેર ઠેર શોભાયાત્રાના રૂટ ઉપર સેવાભાવી લોકો દ્વારા પ્રસાદી, સરબત અને ખાણીપીણીના સ્ટોલની વ્યવસ્થા કરાય છે, ભગવાન શ્રી રામનું કટ આઉટ મુખ્ય માર્ગમાં મુકવામાં આવ્યું છે,જે કેસરિયા માહોલની શોભા વધારી રહ્યું છે. આ શોભાયાત્રામાં રામ, સીતા, લક્ષ્મણ અને હનુમાનજીના વેશ ભૂષા સાથેના પાત્રો બગીમાં રૂટ ઉપર લોકોને દર્શન કરાવશે. સાથે વિવિધ ભક્તિમય અને દેશ ભક્તિને લગતા આકર્ષક ફ્લોટો. બેન્ડ બગી, સત્સંગ મંડળ વગેરે આ શોભા યાત્રાની શોભા વધારશે.

આ શોભા યાત્રા હનુમાનદાસ બાપા ફાર્મ. દડવા રોડ ઉપરથી બપોરે બે કલાકે વાજતે ગાજતે પ્રસ્થાન થશે અને ધોળાના માર્ગો ઉપર ફરશે. આ શોભાયાત્રામાં વિહિપ, બજરંગદળ, ગામના આગેવાનો સહિત આજુબાજુના ગામડામાંથી જાહેર જનતા મોટી સંખ્યામાં લોકો જોડાશે.

# લોહાણા સમાજ દ્વારા ધો.૧૦-૧૨ તથા કોલેજના વિદ્યાર્થીઓ માટે કારકિર્દી સેમિનાર યોજાશે

**આગામી રવિવારે વિકાસવર્તુળ ટ્રસ્ટના સહકારથી થયેલું આયોજન**

ભાવનગર, તા.૧૨

લોહાણા સમાજ ભાવનગર દ્વારા લોહાણા મહાપરિષદ ઝોન ૪ શિક્ષણ સમિતિના માર્ગદર્શનથી લોહાણા સમાજ ભાવનગર દ્વારા ધો.૧૦ અને ૧૨ તથા કોલેજના વિદ્યાર્થીઓ માટે તા.૧૪ને રવિવારે સવારે ૧૦ કલાકે વિકાસવર્તુળ કાર્યાલય, ગંગાજળિયા તળાવ, વડવા વાસણઘાટ સામે, ભાવનગર ખાતે વિકાસવર્તુળ ટ્રસ્ટના સહકારથી કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજાશે.

કારકિર્દી સેમિનારમાં અનુભવી તજજ્ઞો દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે ધો ૧૦ અને ૧૨ પછી તથા કોલેજ કરતા સમયે અને પછી પણ કેવા અભ્યાસક્રમમાં જોડાઈ શકાય તે વિષય ઉપર સેમિનારનું આયોજન કરવામાં આવેલ છે અને દરેકના મુંઝવતા પ્રશ્નોના જવાબો અને માર્ગદર્શન પણ આપવામા આવશે.

લોહાણા જ્ઞાતિના દરેક વિદ્યાર્થી ભાઈઓ બહેનો અને તેના વાલીઓને જોડાવા અનુરોધ કરવામાં આવે છે ખાસ સેમિનારમાં ભાગ લેનારને કારકિર્દી માર્ગદર્શક પુસ્તક વિનામુલ્યે આપવામા આવશે. દરેકને સમયસર ઉપસ્થિત રહેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# તીર્થસ્થાન ધનાબાપા જગ્યા ધોળામાં આસ્થાભેર યોજાયેલ નવચંડી યજ્ઞ



તીર્થસ્થાન ધનાબાપા જગ્યા ધોળામાં ચૈત્ર નવરાત્રી નવચંડી યજ્ઞ યોજાઈ ગયો. મૂર્તિ પ્રતિષ્ઠા સાથે મહંત બાબુરામ ભગત અને સેવક પરિવાર દ્વારા આસ્થાભેર આયોજન થઈ ગયું. ગોહિલવાડના ઐતિહાસિક તીર્થસ્થાન ધનાબાપા જગ્યામાં શીતળા માતાજી અને કાળ ભૈરવજી મૂર્તિ પ્રતિષ્ઠા સાથે ધામેલિયા પરિવાર દ્વારા ચૈત્ર નવરાત્રી પર્વે નવચંડી યજ્ઞ યોજાઈ ગયો. મહંત બાબુરામ ભગત અને સેવક પરિવાર દ્વારા આ આસ્થાભેર યોજાયેલ ધર્મ પ્રસંગે યજમાન અને ભાવિક પરિવારે પ્રસાદ સાથે દર્શન લાભ લીધો હતો.

# સાવરકુંડલામાં મોટર સાયકલની ચોરી

અમરેલી, તા.૧૨

સાવરકુંડલામા સંધી ચોકમા રહેતા જયદીપભાઈ ચંદુભાઈ ભાલીયા (ઉ.વ.૨૯) નામના યુવકે સાવરકુંડલા તાલુકા પોલીસ મથકમા નોંધાવેલી ફરિયાદમા જણાવ્યું હતુ કે તે પોતાનુ બાઈક નંબર જીજે ૦૪ બીકે ૮૨૦૦ લઈને નેસડી રોડે વાડીએ દવા છાંટવા માટે ગયો હતો. તેણે પોતાનુ બાઈક ફરજા પાસે પાર્ક કર્યુ હતુ.તેઓ એકાદ કલાક બાદ પરત ફર્યા હતા ત્યારે બાઈક જોવા મળ્યું ન હતુ. તેમના બાઈકની કોઈ અજાણ્યો તસ્કર ચોરી કરીને લઈ ગયો હતો. બનાવની વધુ તપાસ એએસઆઈ વાય.એસ.વનરા ચલાવી રહ્યાં છે.

# દારૂના ગુન્હામાં એક વર્ષથી ફરાર ત્રણ શખ્સોને વલભીપુર પોલીસે પકડી પાડયા

ભાવનગર, તા.૧૨

વલભીપુર પો.સ્ટે.ના Psi પી.ડી.ઝાલાના માર્ગદર્શન હેઠળ પો.સ્ટે.વિસ્તારમા સ્ટાફ પેટ્રોલીંગમા હતા બાતમીરાહે હકીકત મળેલ કે વલ્લભીપુર પો.સ્ટે.માં દાખલ થયેલ પ્રોહીબિશનના ગુન્હામાં નાસતા-ફરતા આરોપીઓ વલ્લભીપુર બજરંગ ચોકડી ખાતે અમરેલી તરફ જવાના રસ્તે વાહનની રાહે ઉભા છે તેવી ચોક્કસ હકીકત મળતા જગુભાઈ વાલાભાઈ વાળા ઉ.વ.૪૦ ધંધો ખેતી રહે.લાલાવદર ગામ જી.અમરેલી, જીતુભાઈ લખુભાઈ ખાખડીયા ઉ.વ.૪૬ ધંધો ખેતી રહે.લીલીયા રોડ રોકડીયાપરા, અમરેલી તથા ધર્મેશ ઉર્ફે ધમો મનુભાઈ વાળા ઉ.વ.૩૭ ધંધો ખેતી



રહે.લીલીયા રોડ, અમરેલી વાળા આરોપીઓ હાજર મળી આવતા ત્રણેયની પુછપરછ કરતા વલભીપુર પોલીસ મથકના પ્રોહિબીશનના ગુન્હામાં છેલ્લા એક વર્ષથી નાસતા-ફરતા હોવાનુ જણાઈ આવતા ધરપકડ કરવાની કાર્યવાહી કરવામાં આવેલ.

# સૈયદ સાંઈ મુરાદશાહ પીર દાદાનો ઉર્ષ શરીફ શનિવાર ઉજવાશે

ભાવનગર તા.૧૨

ભાવનગર શહેરના વડવા, વોશીંગઘાટ નજીકમાં આવેલા હઝરત રોશન ઝમીર સૈયદ સાંઈ મુરાદશાહ પીર દાદાનો ઉર્ષ શરીફ શાનદાર રીતે ઉજવાશે, આ ઉર્ષ પ્રસંગે તા.૧૩ને શનિવારે સાંજે મગરીબની નમાઝ બાદ ન્યાઝ શરીફ, રાત્રે ઈશાની નમાઝ બાદ દરગાહ શરીફમાં સંદલ શરીફ, ચાદર શરીફ, સલાતો સલામ, સામુહિક દુઆઓ તેમજ રાત્રે ૧૦ કલાકે મુંબઈના મશહુર કવ્વાલ ઝાકીર શોલેનો કવ્વાલીનો કાર્યક્રમ સહિતના જુદા જુદા ધાર્મિક કાર્યક્રમો યોજાશે.

# લોકભારતી સણોસરાની મુલાકાત લેતાં પૂર્વ મંત્રી બ્રિજેશ મેરજા



સણોસરા સ્થિત લોકભારતી ગ્રામવિદ્યાપીઠમાં રાજ્યનાં પૂર્વ મંત્રી બ્રિજેશ મેરજાએ શુભેચ્છા મુલાકાત લઈ અગાઉનાં સંસ્મરણો વાગોળી અહીંયા ઉપલબ્ધ થયેલ વિશ્વવિદ્યાલય માટે તેમનો રાજીપો વ્યક્ત કર્યો હતો. લોકભારતીનાં વડા રહેલાં તત્કાલીન મહેસૂલ મંત્રી દલસુખભાઈ ગોધાણી સાથે સરકારનાં અધિકારી તરીકે બ્રિજેશ મેરજા રહ્યાં હતાં, તે વાતો સ્મરણમાં માણી હતી. લોકભારતી પરિવારનાં વડા અરુણભાઈ દવે સાથે હસમુખભાઈ દેવમુરારી, લોકભારતી વિશ્વ વિદ્યાલયનાં વડા રાજેન્દ્રભાઈ ખિમાણી અને વિશાલ ભાદાણી સાથે અહીંના અગ્રણી સુરેશભાઈ દવે વગેરે આ મુલાકાત વેળાએ પ્રાસંગિક વાતોમાં જોડાયાં હતાં.

# ઋતુ પરિવર્તનના કારણે આંબા, લીમડા, કેશુડા, ગરમાળામાં નિર્ધારિત સમય પહેલાં ફૂલો આવ્યાં

ભાવનગર, તા.૧૨

પૃથ્વી પરની વનસ્પતિઓ પુષ્પ ધારણ કરે છે ત્યારબાદ તેમાં ફળ અને બીજ બેસે છે અને આ બીજ વિસ્તરણ પામે છે. મોટાભાગે વિવિધ વનસ્પતિઓ દિવસ દરમ્યાન રંબેરંગી પુષ્પો ધારણ કરે છે જયારે રાત્રે ખીલતા પુષ્પો સફેદ રંગના હોય છે. પુષ્પોનો રંગ મુખ્યત્વે પતંગિયાને આકર્ષિત કરવા માટે હોય છે જે ફળ નિર્માણ માટે ખુ જરૂરી હોય છે. પુષ્પોના ખીલવા માટે મુખ્યત્વે સૂર્ય પ્રકાશ, તાપમાન અને વનસ્પતિમાં રહેલા અંત:સ્ત્રાવો જવાબદાર હોય છે. જેના કારણે અમુક વનસ્પતિઓ શિયાળામાં, અમુક ઉનાળામાં, અમુક ચોમાસામાં તથા કેટલીક તટસ્થ વનસ્પતિઓ બારમાસી પણ હોય છે. આમ વનસ્પતિઓ સામાન્ય રીતે ઋતુ તથા દિવસ અને રાત્રી મુજબ પુષ્પો ધારણ કરે છે. પુષ્પો ખીલવા માટે મુખ્યત્વે બે પરિબળોની જરૂર રહે છે એક છે તાપમાન અને બીજું સૂર્ય પ્રકાશ. તાપમાનના પ્રમાણની વાત કરીએ તો શિયાળામાં પુષ્પો ખીલવા માટે નીચું તાપમાન અને ઓછા સૂર્ય પ્રકાશની જરૂરિયાત રહે છે.





શિયાળા પછી અમુક દિવસો તાપમાન સતત રહે છે અને શિયાળા બાદ આ વધતા તાપમાનના લીધે કેશુડો, આંબો, લીમડો, ગરમાળો, ગુલમહોર વગેરે જેવા વૃક્ષોમાં ફૂલો આવવાનું શરુ થાય છે. આંબામાં લગભગ જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં પુષ્પો આવે છે, લીમડામાં માર્ચમાં, ગરમાળામાં એપ્રિલનાં બીજા સપ્તાહમાં અને ગુલમહોરમાં મે મહિનામાં પુષ્પો આવે છે. તાપમાનની સાથે સાથે આ વનસ્પતિઓને વધુ સૂર્ય પ્રકાશની પણ જરૂર રહેતી હોય છે.

માનવીય પ્રવૃતિઓના કારણે પુષ્પોદભવની આ કુદરત નિર્ધારિત ક્રિયામાં ખલેલ પહોચતા વનસ્પતીઓના આ પુષ્પો ખીલવાના સમયમાં પરિવર્તન આવ્યું છે. ડો. ભરત પંડિતના મંતવ્ય મુજબ મુખ્યત્વે ગ્રીનહાઉસ ઈફેક્ટ અને ગ્લોબલ વૉર્મિંગના કારણે આ વર્ષે આંબામાં નવેમ્બર-ડીસેમ્બર, લીમડામાં ડીસેમ્બર-જાન્યુઆરી, ગરમાળામાં ફેબ્રુઆરી તેમજ ગુલમહોરમાં માર્ચ મહિનામાં પુષ્પો જોવા મળ્યા છે. વેધર રીપોર્ટ મુજબ આ વર્ષે ફેબ્રુઆરી અને માર્ચ મહિનમાં તાપમાન અધિક રહ્યું છે. શિયાળાની અસર નહીવત રહી છે જે દર્શાવે છે કે પૃથ્વી ગ્રહનું સરેરાશ તાપમાન વધી રહેલ છે. ગ્લોબલ વૉર્મિંગની સક્રિય અસર સજીવો પર જોવા મળે છે.

કદાચ માનવી એવું વિચારતો હોય કે ફૂલ વહેલા આવે કે મોડા તેથી માનવજીવનમાં શું ફેર પડવાનો? વનસ્પતિઓ ઋતુ મુજબ વિકાસ પામી ફૂલ, ફળ તથા બીજ ધારણ કરી સજીવોને પોષણ પૂરું પાડે તો જ સજીવો પૃથ્વી પર ટકી શકે. વનસ્પતિઓમાં થતા આ ધરખમ ફેરફારો તેની ગુણવત્તા અને વિસ્તરણની ક્રિયા પર અસર કરે છે. જેથી સજીવોને પોષણયુક્ત આહાર મેળવવામાં તકલીફ થાય અને અંતે માનવજીવન વેરવિખેર થઈ જાય.

ડો. ભરત પંડિત વધુમાં જણાવે છે કે માનવ સમાજના ધ્યાન બહાર આવી ઘટનાઓ બની રહી છે જે કુદરતના કેલેન્ડર અને ઘડિયાળને વેરવિખેર કરી રહ્યા છે. બેધ્યાન માનવી કુદરતના નિશ્ચિત કરેલા કાર્યક્રમમાં ફેરફાર થવાથી અજાણ છે પરંતુ શું કુદરત આ ફેરફારોને સાંખી લેશે? કે કુદરત લાંબાગળાના આ ફેરફારથી જીવસૃષ્ટિને પૃથ્વી ગ્રહ પર વસવાટ કરવા માટે મુશ્કેલ બનવી દેશે?

# વિકળિયા ગામે દેવી ભાગવત કથા




ચૈત્ર નવરાત્રી પર્વે વિકળિયા ગામે વિશ્વાનંદ માતાજીના વ્યાસાસને ભક્તિભાવથી શક્તિ મહિમા ગાન સાથે શ્રીમદ્ દેવી ભાગવત સપ્તાહ લાભ મળી રહ્યો છે. ધર્મપ્રેમી અને પ્રગતિશીલ વિકળિયા ગામે ભાથીજી મંદિર ખાતે ગત મંગળવારથી શ્રીમદ્ દેવી ભાગવત સપ્તાહ આયોજન થયું છે. શિવકુંજ આશ્રમ જાળિયાનાં વિશ્વાનંદ માતાજીના વ્યાસાસને ચૈત્ર નવરાત્રી પર્વે ભક્તિભાવથી શક્તિ મહિમા ગાન સાથે આ લાભ મળી રહ્યો છે.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)

સૌરાષ્ટ્ર આસપાસ

## કર્ણાટકમાંમાં કોંગ્રેસની અગ્નિપરીક્ષા

આગામી લોકસભાની ચૂંટણીમાં ચારે બાજુ ભાજપનો જય જય કાર થશે પરંતુ ઈન્ડીક ગઠબંધન ના વળતા પાણી થશે. ગુજરાતમાં વાદવિવાદ ચાલી રહ્યા છે બીજું કર્ણાટકમાં કોંગ્રેસની અગ્નિ પરીક્ષા થવાની છે મૈસૂર રાજ્ય પ્રગતિશીલ રાજ્યોની પ્રથમ હરોળમાં આવ્યું હતું. ભારતીય કોંગ્રેસના બેલગામ અધિવેશનમાં (૧૯૨૪) કર્ણાટકના એકીકરણ માટે વિચારણા થઈ હતી. આઝાદી બાદ ૧૯૫૬ સુધી ભારત સાથે જોડાણ સ્વીકારીને મૈસૂર 'બી' વર્ગનું રાજ્ય બન્યું. તેનો વિસ્તાર ૮૬,૨૭૩ ચોકિમી. અને વસ્તી ૯૮,૪૮,૬૪૮ હતાં. મુંબઈ રાજ્યનો ૫૪,૪૬૪ ચોકિમી. અને ૫૧,૩૫,૭૪૬ વસ્તીવાળો, હૈદરાબાદ રાજ્યનો ૩૫,૬૮૭ ચોકિમી. અને ૨૭,૧૮,૨૯૬ વસ્તીવાળો, તમિલનાડુનો ૧૧,૨૨૩ ચોકિમી. અને ૧૪,૬૯,૮૨૫ વસ્તીવાળો અને કૂર્ગનો ૪૧૧૦ ચોકિમી. અને ૨,૨૯,૪૦૫ વસ્તીવાળો પ્રદેશ મૈસૂરમાં ૧૯૫૬માં ભળ્યો હતો. નવેમ્બર, ૧૯૭૩થી આ પ્રદેશને હાલનું કર્ણાટક નામ મળ્યું છે. આવા કર્ણાટકમાં આગામી કર્ણાટક ચૂંટણીનું પરિદૃશ્ય સમજવા જેવું છે

આઝાદી બાદ ભારતસંઘમાં જોડાયા પછી મૈસૂરમાં જે ઘટનાઓ બની તેમાં ૧૯૫૨માં કે. હનુમંતૈયા મૈસૂર રાજ્યના મુખ્ય પ્રધાન બન્યા તે છે. ગાંધીવાદી અને બિનમજહબી વિચારસરણીને વરેલા હોવાથી તેમણે કોમવાદને જાકારો દીધો અને જ્ઞાતિવાદ ઉપર આધારિત રાજકીય જૂથોને ટેકો આપવા ઇનકાર કર્યો. આ કારણે તેમની જ્ઞાતિ તેમનાથી વિમુખ બની. વધુમાં લિંગાયતપ્રેરિત હૈદરાબાદ, તમિલનાડુ અને જૂના મુંબઈ રાજ્યના કન્નડભાષી પ્રદેશોને મૈસૂર સાથે જોડવાની હિલચાલને તેમણે ટેકો આપ્યો. આ કારણે રાજકારણમાં વોક્કલિંગા જાતિના વર્ચસ્ને આંચ આવે તેમ હતું. કારણ કે જૂના મૈસૂર રાજ્યમાં લિંગાયતો લઘુમતીમાં હતા. આમ વોક્કલિંગા જાતિનું વર્ચસ્ દૂર થવાની ભીતિથી તે હનુમંતૈયાની વિરુદ્ધ થઈ ગયા અને તેમને મૈસૂરનું મુખ્ય પ્રધાનપદ છોડવું પડ્યું. પણ મધ્યસ્થ પ્રધાનમંડળમાં સ્થાન મળતાં તેમણે રાષ્ટ્રીય રાજકારણમાં પ્રવેશ કર્યો.

કેરળ, તમિલનાડુ, મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ અને તેલંગણાની સીમા સાથે જોડાયેલા એક માત્ર ભાજપ શાસિત દક્ષિણી રાજ્ય કર્ણાટકમાં ૧૦મી મેએ વિધાનસભાની ચૂંટણી યોજાશે. આ ચૂંટણી કોંગ્રેસની અગ્નિપરીક્ષા અને ભાજપ માટે ફરી સત્તામાં આવવા માટેનો પડકાર છે. ૩૮ વર્ષોના ઇતિહાસમાં કર્ણાટકમાં સત્તાધારી પક્ષની સત્તામાં બીજી વાર વાપસી નથી થઈ, એ ભાજપ માટે પડકાર છે.

કર્ણાટકમાં ૧૬ ટકા મુસ્લિમો છે. રાજ્ય પ્રધાનમંડળે મુસલમાનોને ઓબીસી ક્વોટામાં મળતું ૪ ટકા અનામત રદ કર્યુ છે. મુસ્લિમોએ હવે આર્થિક રીતે નબળા વર્ગના ૧૦ ટકા અનામતમાં પોતાનો હક લેવાનો રહેશે. બે મુખ્ય જાતિઓ લિંગાયત અને વોક્કાલિંગામાં આ અનામતની બે – બે ટકા વહેંચણી કરી છે. આ નિર્ણયને કારણે યેદિયુરપ્પા સામે નારાજગી છે, પરંતુ યેદિયુરપ્પાને પ્રભાવી લિંગાયત સમુદાયનું સમર્થન છે.



### ફ્રાઈડે ફોટો સ્ટોરી

-જયદીપ એ. દવે.

## નિલમબાગ ચોકમાં રોજ સર્જાતું " love " નહીં પણ " Dove" triagngle...!!!

સામાજિક જીવનમાં " **love triangle"** શબ્દ એટલે કે પ્રણય ત્રિકોણ શબ્દ ચારિત્ર્યની કક્ષાને નિમ્ન સ્તરે લઈ જનારો દર્શાવતો હોવાથી અળખામણો હોય પણ નીલમ બાગ ચોક માં આવેલ એક પોલ ( થાંભલો )ના ત્રણ એન્ગલ પર કબૂતર એટલે કે **Dove** ના સમૂહને છટાથી બેસેલા જોઈ મગજમાં સ્ફુરી આવેલો " **Dove triangle** " શબ્દ આ દ્રશ્ય જેટલો જ મનગમતો લાગે છે.

# ચૂંટણી પ્રચારની વસ્તુઓ વેચવામાં ગળાકાપ હરીફાઈ

### ચાઈનીઝ ઈ-કોમર્સ વેબસાઈટો પણ ભારતીય પાર્ટીઓના સિંબોલ સાથેના બલ્કમાં ઓર્ડર લેવા તૈયાર

### કરંટ ટોપિક

આગામી લોકસભા ચૂંટણીનો દિવસ જેમ જેમ નજીક આવી રહ્યો છે તેમ તેમ ઈલેક્શનના માર્કેટમાં ગરમાવો આવી ગયો છે ત્યારે હવે દેશની ઈ-કોમર્સ વેબસાઈટમાં પણ ઈલેક્શનનો સામાન વધુ વ્યાપક રીતે મળવા લાગ્યો છે. ત્યાં સુધી કે ચાઈનીઝ ઈ-કોમર્સ વેબસાઈટો પણ ભારતીય પાર્ટીઓના સિંબોલ સાથેના બલ્કમાં ઓર્ડર લેવા તૈયાર છે.

અત્યાર સુધી ઈલેક્શનને પ્રજા ઉત્સવ તરીકે ગણાતા ક્યાંય ઈલેક્શન સંબંધિત વસ્તુઓ કોઈ દુકાનમાં સીધી વેચાતી કે ખરીદાતી ન હતી. પરંતુ ઇલેક્શનના બિલ્લા, માસ્ક, ભાજપ-કોંગ્રેસની ટોપીઓ, ભાજપ-કોંગ્રેસની શાલ, રુમાલ, બિલ્લાઓ, સ્ટીકર, નરેન્દ્ર મોદી અને રાહુલ ગાંધીના માસ્ક કિંમત અને સ્કીમ સાથે વિવિધ



કંપનીઓ ઈલેક્શનના બજારને ધ્યાનમાં લઈને વેચાઈ રહ્યા છે. આ ઉપરાંત હેવી ઈલેક્શન મટિરિયલ જેમ કે હીરાજડિત પક્ષના સિમ્બોલ પણ ઓનલાઈન વેબસાઈટો વીઆઈપીઓને ધ્યાનમાં રાખીને વેચી રહી છે.

એક કાર્યકર જણાવે છે કે ૮૦ના દાયકામાં જ્યારે ચૂંટણીઓ યોજાતી ત્યારે બિલ્લા, તોરણ, ટોપીઓનો ટ્રેન્ડ હતો. એ સમયે ટી.વી અને ઈન્ટરનેટ ન હતા એટલે ઈલેક્શનમાં કાગળનો ખૂબ ઉપયોગ થતો હતો. એક સ્થિતિ એવી પણ હતી કે ઈલેક્શન પતે ત્યારે ચાર રસ્તે, ગલીયોમાં અને ચોકમાં કાગળોના ઢગલા થતા. જો કે ચેનલોના આવ્યા પછી ધીમે ધીમે ભીંતો પરનો પ્રચાર કપડા સુધી સીમિત થઈ ગયો.

આજે સિન્થેટિક કાપડમાં પ્રિન્ટેડ પ્રતિકોનું ચલણ સૌથી વધુ ઉપયોગમાં લેવાય છે. ખભાનો ખેસ કાપડમાંથી બનાવવામાં આવે છે એ ઉપરાંત ટોપીઓ અને ઝંડાઓ કાપડમાંથી બનાવવામાં આવે છે. આ વખતે રેલીઓને ધ્યાનમાં રાખીને ઘણી કંપનીઓએ બાઈક અને સ્કૂટરમાં ઝંડા ટેકવી શકાય એવા સ્ટેન્ડ પણ બનાવ્યા છે.

વિવિધ વિસ્તારના કાર્યકરો એમ પણ જણાવે છે કે દરેક પાર્ટી કાર્યાલય પર ઈલેક્શનની જાહેરાતો વિના મૂલ્યે પ્રચારકોને મળતી હોય છે. બધું બલ્કમાં પણ જતું હોય છે. છતાં વ્યક્તિગત કે પોતાના ગ્રૂપમાં પ્રચાર કરવા માંગતા કાર્યકરો માટે આ ઈ-કોમર્સનો વિકલ્પ પણ છે.

ચાલીસ વર્ષ પહેલાં ઈલેક્શનમાં શર્ટ પરના વિવિધ પ્રકારના સેફ્ટી પીનથી ભરાવી શકાય એવા બિલ્લાઓનું ચલણ હતું. તેની સામે હવે પાર્ટીઓના વિવિધ બિલ્લાઓ તો મળે જ છે સાથે સાથે પાર્ટી કાર્યાલયોમાંથી ખેસ પણ મળી રહ્યા છે. ઘણાં કાર્યકરો સ્વતંત્ર રીતે કેમ્પેઈન પ્રોગ્રામ કરતા હોય ત્યારે ઓનલાઈન ઓર્ડર પણ આપે છે જેથી દૂરના સેન્ટર સુધી જવું ના પડે.

# ખતરનાક પ્રદુષણને દરિયામાં ડમ્પિંગ કરવાની યોજના

**વિશ્વભરમાં કાર્બન ઉત્સર્જન ખતરનાક ઝડપે વધી રહ્યું છે ત્યારે આ કાર્બનને કેપ્ચર કરીને તેને સ્ટોરેજ કરીને દરિયામાં દફનાવી દેવાની એક યોજના તૈયાર કરવામાં આવી રહી છે જેને કારણે વિશ્વભરમાં કાર્બનનું ઉત્સર્જન ઘટે અને પર્યાવરણને લગતા જે કંઈ પ્રશ્નો હોય તેનું નિરાકરણ આવે તે માટેના પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે**



### આસપાસ ચોપાસ

સુરેશ ભટ્ટ

આબોહવા પરિવર્તનનો સામનો કરવા માટે કાર્બન સિક્વેસ્ટ્રેશન એક અસરકારક રીત બની શકે છે. પરંતુ કાર્બન સિક્વેસ્ટ્રેશન શું છે અને તે કેવી રીતે કામ કરે છે? તે હેલ્પ સેવ નેચર નામની સંસ્થા દુનિયામાં સારામાં સારું કામ કરી રહી છે આ સંસ્થા ની યોજના મુજબ કાર્બનના કણોને ચોક્કસ ટેકનોલોજીથી એકત્રક કરીને તેનું સ્ટોરેજ કરવામાં આવે અને તેને ડમ્પીંગ કરવામાં આવે તેવી યોજના તૈયાર કરવામાં આવી રહી છે

હેલ્પસેવનેચર આવા પ્રશ્નોના જવાબ આપે છે, સાથે તમને કાર્બન સિક્વેસ્ટ્રેશનના વિવિધ ગુણદોષ પણ આપે છે.

જંગલો વાતાવરણમાંથી કાર્બન ડાયોક્સાઇડને શોષી લે છે અને તેને કાર્બન પૂલ તરીકે ઓળખાતા વિવિધ જળાશયોમાં સંગ્રહિત કરે છે, જેમાં વૃક્ષો (જીવંત અને મૃત બંને), રુટ સિસ્ટમ્સ, ઝાડીઓ, જંગલની જમીન અને જમીનનો સમાવેશ થાય છે. જીવંત વૃક્ષોમાં કાર્બનની ઘનતા સૌથી વધુ હોય છે, ત્યારબાદ જમીન અને જંગલનું માળખું હોય છે. લણણી કરેલ લાકડાના ઉત્પાદનો અને લેન્ડફિલ્સ પણ કાર્બનનો સંગ્રહ કરે છે. જ્યારે કાર્બન પૂલ વિઘટિત થાય છે અથવા બળે છે, ત્યારે તે કાર્બનને વાતાવરણમાં કાર્બન ડાયોક્સાઇડ તરીકે મુક્ત કરે છે.

આક્રમક જંતુઓ અને રોગો, દુષ્કાળ, જંગલની આગ અને શહેરી વિકાસ - આ બધું બદલાતી આબોહવા સાથે જોડાયેલું છે - વૂડલેન્ડની માત્રા અને કાર્બન જપ્તી અને સંગ્રહના દરને અસર કરી શકે છે. કાર્બન ચક્રમાં જંગલો અને તેમની ભૂમિકા બદલાતી હવામાન પરિસ્થિતિઓને કારણે પ્રભાવિત થાય છે. વરસાદ અને તાપમાનમાં થતા ફેરફારોથી વન આરોગ્ય અને ઉત્પાદકતા પર હાનિકારક અથવા ફાયદાકારક અસરો થઈ શકે છે જેની આગાહી કરવી ખૂબ જ જટિલ છે. સંજોગો પર આધાર રાખીને, આબોહવા પરિવર્તન જંગલોમાં કાર્બન જપ્તી ઘટાડશે અથવા વધારશે, જેના પરિણામે વિશ્વના જંગલો લાંબા ગાળે આબોહવા પરિવર્તન ઘટાડવામાં કેટલી હદે યોગદાન આપી શકે છે તે અંગે અનિશ્ચિતતા ઊભી થશે. વન વ્યવસ્થાપન પ્રવૃત્તિઓમાં અમુક પ્રક્રિયાઓને સક્રિય કરીને અને પ્રતિકૂળ પરિબળોની અસરોને ઓછી કરીને કાર્બન જપ્તી પર અસર કરવાની ક્ષમતા હોય છે.

રાજ્યો વિવિધ અભિગમો દ્વારા કાર્બન જપ્તી અને સંગ્રહ અને ટકાઉ વન વ્યવસ્થાપન પદ્ધતિઓને સમર્થન આપે છે. તંદુરસ્ત જંગલો જાળવવાથી પર્યાવરણ, નવીનીકરણીય ઉર્જા ઉત્પાદન અને નફાકારક લાકડા ઉદ્યોગને ફાયદો થાય છે.

આ કારણોસર, ફૅંઝ (ફોરેસ્ટ કન્ઝર્વેશન કાઉન્સિલ) જેવી અગ્રણી સંસ્થાઓના વન સંરક્ષણ પ્રમાણપત્ર કાર્યક્રમો કાર્બન ઉત્સર્જન અને આબોહવા પરિવર્તનના મુદ્દાઓમાં મહત્વપૂર્ણ છે.

દરિયો ધરતી પરથી સૌથી વધુ ઝેર શોષતું ઉપકરણ કોલંબિયા યુનિવર્સિટીના સંશોધક કાર્બન કેપ્ચરિંગ અને સ્ટોરેજ માટે કામ કરી રહ્યા છે. સી ચેન્જ નામના આ પ્રોજેક્ટના ડાયરેક્ટર ગૌરવ સંત અનુસાર દરિયો ધરતી પરથી સૌથી વધુ કાર્બન ઉત્સર્જનને શોષતું ઉપકરણ છે. તે વાતાવરણમાં રિલીઝ થતા 30% સુધી ઝેરને શોષી લે છે. ગૌરવ સંત અને તેમના સાથે ૧ ટન કાર્બન ડાયોક્સાઇડને હટાવવાનો ખર્ચ ઘટાડીને ૧૦૦ ડોલર (૮૨૨૩ રૂપિયા) પ્રતિ ટન સુધી લાવવામાં વ્યસ્ત છે. સંશોધકો આ ટેક્નોલોજીને કમર્શિયલાઈઝ કરીને કાર્બન ક્રેડિટ અને હાઇડ્રોજન વેચીને પૈસા કમાશે. તેના માટે તેઓએ ઈકવેટિક ઇન્ક નામનું એક સ્ટાર્ટઅપ પણ શરૂ કર્યું છે. આ સ્ટાર્ટઅપમાં સારું એવું રોકાણ પણ થઇ રહ્યું છે.સમગ્ર વિશ્વમાં ઇન્ડસ્ટ્રીઝ મોટા પાયે પ્રદૂષણ ફેલાવે છે. તેમાં કાર્બનનો સૌથી વધુ હિસ્સો છે. વિશ્વભરના દેશ ૨૦૫૦ સુધીમાં કાર્બન ઉત્સર્જન ઘટાડાવાના મહત્વકાંક્ષી લક્ષ્ય પર કામ કરી રહ્યા છે. આ દિશામાં વિશ્વની અનેક કંપનીઓ પ્રયોગ કરી રહી છે. કાર્બન પ્રદૂષણ ઘટાડવાનો એક સૌથી અસરકારક ઉપાય કાર્બન કેપ્ચર એન્ડ સ્ટોરેજ (સીસીએસ) છે. તે હેઠળ ઝેરનું વાતાવરણમાં ઉત્સર્જનને બદલે ખાસ રીતે કેપ્ચર કરવામાં આવે છે અને જમીનની નીચે સ્ટોર કરવામાં આવે છે.

ઇટાલીની એક એનર્જી કંપની એની પ્રદૂષણ ફેલાવનારી ઈન્ડસ્ટ્રીઝમાંથી કાર્બન ડાયોક્સાઈડને લઈને જૂના પ્રાકૃતિક ગેસ ભંડારમાં સ્ટોર કરવા માટે પાઇપલાઇનનું એક નેટવર્ક બનાવવાનીયોજના પર કામ કરી રહી છે. એનીનો દાવો છે કે આ કાર્બન કેપ્ચર અને સ્ટોરેજ પ્રક્રિયાથી મોટા પાયે પ્રદૂષણ ઘટાડવામાં, બચત કરવામાં તેમજ નવી નોકરીનું સર્જન કરવામાં મદદ મળશે. આ કંપની પહેલાથી જ ક્રૂડ અને ગેસના વેચાણના ક્ષેત્રમાં કામ કરી રહી છે પરંતુ ક્લાઈમેટ ચેન્જની ચિંતાઓને કારણે તેને પોતાનું ભવિષ્ય અનિશ્ચિત નજરેપડી રહ્યું છે. એનીના અધિકારીઓના અનુમાન અનુસાર તેઓ કંપનીના અત્યારના ઇન્ફ્રાસ્ટ્રક્ચર જેમ કે ક્રૂડ ઓઇલના કુવા અને પાઈપલાઈનનો ઉપયોગ કાર્બન કેપ્ચરિંગ તેમજ સ્ટોરેજ માટે કરી શકે છે.

કંપની કેસલબોરસેટીમાં ગેસ પ્રોસેસિંગ પ્લાન્ટમાંથી નીકળતા અંદાજે અડધા કાર્બન ડાયોક્સાઇડને કેપ્ચરકરવા માટે અંદાજે ૧૦૦ મિલિયન યુરો (અંદાજે ૯૦૩ કરોડ રૂપિયા) ખર્ચ કરી રહી છે. કામ અનેક હદ સુધી પૂર્ણ થઇ ચૂક્યું છે અને ટૂંક સમયમાં જ કાર્બન ડાયોક્સાઇડને એક નવા કુવાના માધ્યમથી અંદાજે ૧૨ માઇલ દૂર અને દરિયાની સપાટીથી ૧૦,૦૦૦ ફૂટ નીચે એક ગેસ સેગમેન્ટમાં મોકલવાનું શરૂ કરવામાં આવશે. જો પહેલો તબક્કો સફળ થઈ જશે તો એક મોટી યોજના શરૂ કરવામાં આવશે જેનો પ્રારંભિક ખર્ચ ૧.૫ અબજ યૂરો (અંદાજે ૧૩,૫૦૦ કરોડ રૂપિયા) થશે. તેમાં ઇટલી અને ફ્રાન્સના કારખાનાને જોડવામાં આવશે અને ૧.૬ કરોડ ટન સુધી કાર્બન ડાયોક્સાઇડને ખેંચીને સમુદ્રની હેઠળ દફનાવવામાં આવશે. ગ્રાહકોનું દબાણ અને કાર્બન પર લાગતો ટેક્સ વ્યવસાયોને કાર્બન કેપ્ચર પ્રોજેક્ટ્સ પર ગંભીરતાપૂર્વક વિચારવા માટે પ્રેરિત કરી રહ્યું છે.

## ભાજપ 'અબકી બાર ૪૦૦ પાર'નો નારો સમગ્ર વિશ્વમાં સંભળાઈ રહ્યો છે

# સમગ્ર વિશ્વની નજર ભારતની ચૂંટણી ઉપર Hollywood માં પીએમ મોદીનો પ્રચાર

**કેલિફોર્નિયાના લોસએન્જલસ ના હોલિવુડ કોનાર્ક થીએટર્સ ખાતે પણ ભાજપ કાર્યકરો અને સમર્થકોએ ભવ્ય કાર્યક્રમ આયોજિત કર્યો**

નવીદિલ્હી,

ભારતમાં લોકસભા ચૂંટણીનો રંગ જામી રહ્યો છે. સમગ્ર વિશ્વની નજર ભારતની ચૂંટણી ઉપર છે. વડા પ્રધાન મોદી અને ભાજપ 'અબકી બાર ૪૦૦ પાર'નો નારો આપી રહ્યા છે. ભારત સહિત વિદેશોમાં પણ આ ગુંજ સંભળાઈ રહી છે. ઓવરસીઝ ફ્રેન્ડ્સ ઓફ બીજેપી દ્વારા અમેરિકાના વિવિધ શહેરોમાં ભાજપની તરફેણમાં કાર્યક્રમો યોજાયા હતા. કેલિફોર્નિયાના લોસએન્જલસ ના હોલિવુડ કોનાર્ક થીએટર્સ ખાતે પણ ભાજપ કાર્યકરો અને સમર્થકોએ ભવ્ય કાર્યક્રમ આયોજિત કર્યો હતો. ભારતમાં લોકસભાની સામાન્ય ચૂંટણીની ગરમ હવા વિદેશમાં પણ પહોંચી છે. નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપ એનડીએ ગઠબંધન રામમંદિરની પ્રાણપ્રતિષ્ઠા, જમ્મુ કાશ્મીરની કલમ ૩૭૦ હઠાવવી, ટ્રિપલ તલાક , જેવા મુદ્દાઓને આગળ કરી રહ્યું છે. તો બીજી તરફ 'ઈન્ડિયા' ગઠબંધન બેરોજગારી, મોંઘવારી, બંધારણીય સંસ્થાઓ નબળી પડવી, જાતિગત જનગણના જેવા મુદ્દાઓ ઉઠાવી રહ્યું છે. અમેરિકામાં વસતા ભારતીય અમેરિકનોએ ઓવરસીઝ ફ્રેન્ડ્સ ઓફ બીજેપીની આગેવાનીમાં અમેરિકાના ૧૬ થી વધુ શહરોમાં ભાજપના સમર્થનમાં રેલી અને સભા યોજી અને નરેદ્ર મોદીની તરફેણમાં ભાજપને મત આપવા આહવાન કર્યું હતું. કેલિફોર્નિયાના લોસએન્જલસ ના હોલિવુડ કોનાર્ક થીએટર ખાતે ઓવરસીઝ ફ્રેન્ડ્સ ઓફ બીજેપીની વેસ્ટ ઝોન દ્વારા ભવ્ય કાર્યક્રમ આયોજિત કરાયો હતો.

# સિઝનમાં બેંગલુરુ પાંચમી મેચ હાર્યું

## મુંબઈએ ૧૫.૩ ઓવરમાં ૧૯૭ રનનો ટાર્ગેટ ચેઝ કરી લીધો



મુંબઈ

ઈન્ડિયન પ્રીમિયર લીગની ૧૭મી સિઝનમાં મુંબઈ ઈન્ડિયન્સે સતત ૩ પરાજય બાદ બીજી મેચ જીતી હતી. ટીમે RCB સામે ૧૯૭ રનનો મોટો ટાર્ગેટ માત્ર ૧૫.૩ ઓવરમાં ચેઝ કરી લીધો હતો. સૂર્યકુમાર યાદવે ૧૭ અને ઈશાન કિશને ૨૩ બોલમાં ફિફ્ટી ફટકારી હતી જ્યારે જસપ્રીત બુમરાહે ૫ વિકેટ ઝડપી હતી.

આ સિઝનમાં RCBની આ પાંચમી હાર છે, ટીમ સતત ચોથી મેચ હારી હતી. વાનખેડે સ્ટેડિયમમાં ટૉસ હાર્યા બાદ પ્રથમ બેટિંગ કરતા RCBએ ૮ વિકેટના નુકસાન પર ૧૯૬ રન બનાવ્યા હતા. દિનેશ કાર્તિક, ફાફ ડુ પ્લેસિસ અને રજત પાટીદારે અડધી સદી ફટકારી હતી. મુંબઈએ ૧૯૭ રનનો ટાર્ગેટ માત્ર ૩ વિકેટ ગુમાવીને ચેઝ કર્યો હતો.

# ન્યૂઝીલેન્ડના ભૂતપૂર્વ લેગ સ્પિનર જેક અલાબાસ્ટરે દુનિયાને અલવિદા કહ્યું

નવીદિલ્હી,

ક્રિકેટ ચાહકો માટે ખુબ જ દુ:ખદ સમાચાર આવ્યા છે. આજે એટલે કે ૧૦મી એપ્રિલે પૂર્વ દિગ્ગજ ખેલાડીએ દુનિયાને અલવિદા કહી દીધું છે. જેના કારણે સમગ્ર ક્રિકેટ જગતમાં શોકની લહેર છે. ચાહકો માની શકતા નથી કે ભૂતપૂર્વ દિગ્ગજે દુનિયાને અલવિદા કહ્યું છે. તમને જણાવી દઈએ કે આ ખેલાડીનો ટેસ્ટ ક્રિકેટમાં ઘણો દબદબો હતો. આ પૂર્વ ક્રિકેટરે પોતાની ટીમ માટે ઘણી મેચો પોતાના દમ પર જીતી છે, પરંતુ આજે આ ખેલાડી દુનિયા છોડી ગયો છે.

ન્યૂઝીલેન્ડના ભૂતપૂર્વ લેગ સ્પિનર જેક અલાબાસ્ટરે ૯૩ વર્ષની વયે દુનિયાને અલવિદા કહી દીધું છે. અલાબાસ્ટરે ૧૯૫૫ થી ૧૯૭૨ વચ્ચે ક્રિકેટ મેચ રમી હતી. આ સમયગાળા દરમિયાન તેમણે ૨૧ ટેસ્ટ મેચ રમી, જેમાં તેણે ૪૯ વિકેટ લીધી. આ સમયગાળા દરમિયાન ન્યુઝીલેન્ડની ટીમે ૪ ટેસ્ટ મેચ જીતી હતી, જેક અલાબાસ્ટર પણ આ વિજેતા ટીમનો ભાગ હતો. તમને જણાવી દઈએ કે તેણે વર્ષ ૧૯૫૫માં પાકિસ્તાન વિરૂદ્ધ ડેબ્યૂ મેચ રમી હતી. જેકે વર્ષ ૧૯૫૫-૫૬માં ભારતની મુલાકાત લીધી હતી. આ સિવાય તેણે ૧૯૫૮માં ઈંગ્લેન્ડ અને ૧૯૬૧થી ૧૯૬૨ દરમિયાન દક્ષિણ આફ્રિકાનો પ્રવાસ પણ કર્યો હતો.

તમને જણાવી દઈએ કે જ્યારે જેક અલાબાસ્ટર ટેસ્ટ સીરીઝ રમવા માટે દક્ષિણ આફ્રિકાના પ્રવાસે ગયા હતા.

# પાકિસ્તાને એકવાર ફરીથી સંયુક્ત રાષ્ટ્રના હેપ્પીનેસ રિપોર્ટમાં મોટા અંતરથી ભારતને પછાળ છોડી દીધું

ઈસ્લામાબાદ,

પાકિસ્તાને એકવાર ફરીથી સંયુક્ત રાષ્ટ્રના હેપ્પીનેસ રિપોર્ટમાં મોટા અંતરથી ભારતને પછાળ છોડી દીધું છે. પાકિસ્તાનને જ્યાં આ હેપ્પીનેસ રિપોર્ટમાં ૧૦૮મું સ્થાન મળ્યું છે તો ભારત આ યાદીમાં ૧૨૬માં સ્થાન પર છે. આ રેક્નિંગને બુધવારે જાહેર કરવામાં આવી છે. ફિનલેન્ડને સતત સાતમાં વર્ષે વિશ્વનો સૌથી ખુશ દેશ જાહેર કરવામાં આવ્યો છે. ફિનલેન્ડ બાદ ડેનમાર્ક, આઈસલેન્ડ અને સ્વીડન છે. ત્યારબાદ ઈઝરાયલ, નેધરલેન્ડ, નોર્વે, લગ્જમબર્ગ, સ્વિત્ઝર્લેન્ડ અને ઓસ્ટ્રેલિયા આવે છે. આ લિસ્ટમાં અફઘાનિસ્તાનને સૌથી ખરાબ રેટિંગ ૧૪૩ આપવામાં આવ્યું છે, જે તાલિબાન રાજ આવ્યા બાદ માનવીય સંકટથી સંઘર્ષ કરી રહ્યું છે.

આ રિપોર્ટ એક દાયકા કરતા વધુ સમયથી પ્રકાશિત થઈ રહ્યો છે. પરંતુ તેમાં પ્રથમવાર થઈ રહ્યું છે કે અમેરિકા અને જર્મની ૨૦ સૌથી વધુ ખુશ દેશોના લિસ્ટમાં નથી. આ સર્વેક્ષણમાં અમેરિકાને જ્યાં ૨૩મું તો જર્મનીને ૨૪મું સ્થાન મળ્યું છે. તો કોસ્ટારિકા અને કુવૈતની ટોપ ૨૦માં એન્ટ્રી થઈ છે અને તેને ક્રમશ: ૧૨મું અને ૧૩મું સ્થાન મળ્યું છે. આ રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે સૌથી ખુશ દેશોના લિસ્ટમાં સૌથી ઉપરના દેશોમાં વિશ્વના સૌથી મોટા દેશ સામેલ નથી.

રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ટોપ-૧૦ દેશના લિસ્ટમાં નેધરલેન્ડ અને ઓસ્ટ્રેલિયા એવા દેશ છે જેની વસ્તુ દોઢ કરોડ છે. ટોપ ૨૦ દેશોના લિસ્ટમાં કેનેડા અને બ્રિટન એવા દેશ છે જેની વસ્તી ૩ કરોડથી વધુ છે. સૌથી વધુ ઘટાડો અઘાનિસ્તાન, લેબનાન અને જોર્ડનના રેક્નિંગમાં થયો છે. તો તો પૂર્વી યુરોપના દેશો સર્બિયા, બુલ્ગારિયા અને લાટવિયાના રેક્નિંગમાં સૌથી વધુ વધારો થયો છે. હેપ્પીનેસ રેક્નિંગ લોકોના જીવન સંતુષ્ટિ, પ્રતિ વ્યક્તિ જીડીપી, સામાજિક સમર્થન, તંદુરસ્ત જીવનની અપેક્ષા, સ્વતંત્રાતા અને ભ્રષ્ટાચારના આધાર પર નક્કી કરવામાં આવે છે.

# ચંદ્રયાન-૩ની ટીમને અમેરિકાનો અવકાશ ક્ષેત્રનો મોટો એવોર્ડ મળ્યો

વોશિંગ્ટન,

ભારતના અવકાશ વૈજ્ઞાનિકોનો ડંકો આખી દુનિયામાં વાગી રહ્યો છે. સ્પેસ શ્રેત્રમાં ભારના વૈજ્ઞાનિકોએ શાનદાર કામ કર્યું છે. અને આનું ઉત્તમ ઉદાહરણ ચંદ્રયાન-૩ની ચંદ્રમાના દક્ષિણ ધ્રુવ પર સોફ્ટ લેન્ડિંગ છે.

ભારતના આ કાર્યની પ્રશંસા સમગ્ર દુનિયામાં થઈ રહી છે. આ પ્રકરણમાં હવે ભારતની ચંદ્રયાન-૩ મિશન ટીમને અવકાશ સંશોધન માટે પ્રતિષ્ઠિત વર્ષ-૨૦૨૪ જોન એલ જેક સ્વિગર્ટ જુનિયર પુરસ્કાર મળ્યું છે.કોલોરાડોમાં વાર્ષિક સ્પેસ સિમ્પોસિયમના ટોચનો એવોર્ડ છે.



ઉદ્ઘાટન સમારોહ દરમિયાન હ્યુસ્ટનમાં ભારતના કોન્સલ જનરલ ડીસી મંજુનાથને ભારતીય અવકાશ સંશોધન સંસ્થા વતી એવોર્ડ મળ્યો હતો. તે યુએસ સ્થિત સ્પેસ ફાઉન્ડેશનનો

ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર ઉતરનાર સૌપ્રથમ તરીકે ઈસરોનું મિશન ચંદ્રયાન ૩ માનવતાની અવકાશ સંશોધન આકાંક્ષાઓને સમજણ અને સહયોગ માટે નવા ક્ષેત્રો સુધી વિસ્તરે છે, સ્પેસ ફાઉન્ડેશને એક અખબારી યાદીમાં જણાવ્યું હતું. સ્પેસ ફાઉન્ડેશનના સીઈઓ હીથર પ્રિંગલે જાન્યુઆરીમાં એવોર્ડની જાહેરાત કરવામાં આવી ત્યારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, "અવકાશમાં ભારતનું નેતૃત્વ વિશ્વ માટે એક પ્રેરણા છે." સંશોધનનું સ્તર ફરીથી વધારવામાં આવ્યું છે.

# 'પુષ્પા' ફેમ અલ્લુ અર્જુને ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં બે દાયકા પૂરા કર્યા



મુંબઈ,

'પુષ્પા' ફિલ્મ સાઉથના સુપર સ્ટાર અલ્લુ અર્જુનનો ગઈકાલે જન્મ દિવસ હતો. આ દિવસે તેની આગામી ફિલ્મ 'પુષ્પા-૨'ને ટિઝર પણ રીલીઝ થયું હતું. આ સાથે અલ્લુ અર્જુન ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ૨૧ વર્ષ પુરા કર્યા છે. ફિલ્મી બેક ગ્રાઉન્ડમાંથી આવવા છતાં પરંપરાગત પથથી દૂર રહીને છેલ્લા બે દાયકામાં અનન્ય ભૂમિકાઓ ભજવીને સફળતા મેળવી છે.

અલ્લુની ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં એક ડાન્સ કિંગ તરીકે યાત્રા શરુ થઈ હતી. આજે તે એક આઈકોન સ્ટાર બન્યો છે. 'પુષ્પા'માં તેની શ્રેષ્ઠ અદાકારી માટે બેસ્ટ એક્ટરનો નેશનલ એવોર્ડ અપાવ્યો છે. તેની લોકપ્રિયતાને ધ્યાને લઈને દુબઈમાં મેડમ તુષાદના વેક્સ મ્યુઝિયમમાં તેનું વેક્સનું પૂતળું રાખવામાં આવ્યું છે.

તેની 'પુષ્પા-૨-ધ રૂલ'ની ફેન્સ આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. આ ફિલ્મના રીલીઝ થયેલા ટીઝરમાં 'જથારા' સિક્વન્સમાં તે જોવા મળે છે જે એક સાઉથની પરંપરા છે.

# 'હરે રામા, હરે ક્રિષ્ના...', ભક્તિમાં મગ્ન થયા પંડ્યા બ્રધર્સ, ભજન ગાતા નજરે પડ્યા



મુંબઈ,

સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે. જેમાં જોઈ શકાય છે કે પંડ્યા બ્રદર્સ સાથે મળીને ભજન ગાતા જોવા મળી રહ્યા છે. વીડિયો જોયા બાદ એવું લાગી રહ્યું છે કે બંને ભાઈ ભક્તિના રંગમાં રંગાયા છે. બંનેએ શાનદાર કુર્તા પહેર્યા છે. સોશિયલ મીડિયા પર આ વીડિયો વાયરલ થયો છે. હાર્દિક પંડ્યા ભજન પર ઝૂમતા નજરે પડી રહ્યા છે. બંને ભાઈ હાથ મિલાવીને 'હરે રામા હરે ક્રિષ્ના' ભજન ગાઈ રહ્યા છે.

જોવામાં આવે તો જ્યારે હાર્દિક પંડ્યા મુંબઈ ઈન્ડિયન્સના કેપ્ટન બન્યા છે, ત્યારથી તેની મુશ્કેલીઓ ઓછી નથી થઈ રહી. સ્ટેડિયમ અને સોશિયલ મીડિયા પર ફેન્સ તેમને ટ્રોલ કરતા નજરે આવી રહ્યા છે. તેવામાં આ વીડિયો વાયરલ થયો છે. આ પહેલા પણ હાર્દિક પંડ્યાનો એક વીડિયો વાયરલ થયો હતો.

# હાવડા બ્રિજ પર કાર્તિક આર્યને 'ભૂલ ભૂલૈયા ૩'નું શૂટિંગ કર્યું

મુંબઈ,

બોલિવુડની અપકમિંગ ફિલ્મ ભૂલ ભૂલૈયા ૩ને લઈ ચાહકો ખુબ જ ઉત્સાહિત છે, બોલિવુડ સ્ટાર કાર્તિક આર્યનની અપકમિંગ ફિલ્મ સાથે જોડાયેલી કેટલીક અપટેડ સામે આવી છે. ફિલ્મનું શુટિંગ છેલ્લા ૧ મહિનાથી શરુ થઈ ચુક્યું છે.

ભૂલ ભૂલૈયા ૩ કાર્તિક આર્યનની બિગ બજેટની અપકમિંગ ફિલ્મ છે. ફિલ્મમાં વિદ્યા બાલન અને તૃપ્તિ ડિમરી જોવા મળશે. બંન્નેએ શૂટિંગ પણ શરુ કરી દીધું છે. બોલિવૂડ એક્ટર કાર્તિક આર્યન તેની ફિલ્મ 'ભૂલ ભૂલૈયા ૩'ના શૂટિંગ દરમિયાન કોલકાતાના હાવડા બ્રિજ પર જોવા મળી રહ્યો છે.રિપોર્ટ્સનું માનીએ તો એનિમલ ફેમ તૃપ્તિ ડિમરી અને વિદ્યા બાલન ફિલ્મ ભૂલ ભૂલૈયા ૩માં મહત્વની ભૂમિકામાં જોવા મળશે. વાયરલ થઈ રહેલા ફોટોમાં કાર્તિક આર્યન રુહ બાબાના લુકમાં જોવા મળી રહ્યો છે. કાર્તિક આર્યન બાઈક પર બેસેલો જોવા મળી રહ્યો છે. કાર્તિકના ચાહકો પણ આ ફોટો જોઈ ખુશ થયા છે.ભૂલ ભૂલૈયા ૩માં કાર્તિક આર્યન રુહ બાબાના રોલમાં જોવા મળશે. તો વિદ્યા બાલન મંજુલિકા બની ફરી એક વાર ચાહકોને ડરાવશે. તૃપ્તિ ડિમરી કાર્તિકની ગર્લફ્રેન્ડના રોલમાં જોવા મળી શકે છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે, આ ફિલ્મ દિવાળીમાં રિલીઝ થશે.

આ પહેલા ભૂલ ભૂલૈયાના ૨ પાર્ટ બોક્સ ઓફિસ પર હિટ રહ્યા છે. જેમાં પહેલા પાર્ટમાં અક્ષય કુમાર લીડ રોલમાં હશે, તો બીજા અને ત્રીજા પાર્ટમાં કાર્તિક આર્યન મહત્વના રોલમાં જોવા મળી શકે છે. હવે જોવાનું રહેશે કે, ભૂલભૂલૈયા ૩ બોક્સ ઓફિસ્ પર કેટલી કમાણી કરે છે.



**ચૂંટણીમાં કૌટુંબિક લડાઈ**

# ભાઈ-બહેન,ભાભી અને નણંદથી લઈને પુત્રવધૂ અને સસરા વચ્ચે જંગ



નવીદિલ્હી,

દેશમાં હાલ ચૂંટણીનો માહોલ છે. દેશભરમાં ૧૯ એપ્રિલથી ૧ જૂન સુધી સાત તબક્કામાં લોકસભાની ચૂંટણી યોજાવાની છે. પ્રથમ અને બીજા તબક્કા માટે નોમિનેશન પ્રક્રિયા સમાપ્ત થઈ ગઈ છે. પ્રથમ તબક્કામાં ૨૧ રાજ્યોની ૧૦૨ બેઠકો માટે ૧૯ એપ્રિલે મતદાન થશે. બીજા તબક્કામાં લોકો ૨૬ એપ્રિલે ૧૩ રાજ્યોની ૮૯ બેઠકો માટે મતદાન કરશે. બે તબક્કાની નોમિનેશન પ્રક્રિયા પૂર્ણ થતાની સાથે જ ૧૯૧ બેઠકો માટે સ્પર્ધાનું ચિત્ર સ્પષ્ટ થઈ ગયું છે. અનેક બેઠકો પરના ચહેરાઓએ રાજકીય લડાઈ રસપ્રદ બનાવી છે. ઘણી જગ્યાએ પરિવારના સભ્યો સામસામે હોય છે.

નણંદ અને ભાભી વચ્ચેની રાજકીય સ્પર્ધા રસપ્રદ બની છે. અહીં રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી અજિત પવાર કેમ્પ)એ સુનેત્રા પવારને લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે પોતાના ઉમેદવાર બનાવ્યા છે. સુનેત્રા મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવારના પત્ની છે. સુનેત્રા સામે તેની ભાભી સુપ્રિયા સુલે ચૂંટણી લડી રહી છે. સુપ્રિયા શરદ પવારની પુત્રી છે. બારામતી લોકસભા મતવિસ્તારના વર્તમાન સાંસદ ગઈકે (શરદ ચંદ્ર પવાર)ના સુપ્રિયા સુલે છે. ૨૦૧૯માં સુપ્રિયાએ બીજેપીના કંચન રાહુલ કૂલને હરાવ્યા હતા.

બિષ્ણુપુરથી ભાજપના વર્તમાન સાંસદ સૌમિત્ર ખાન ફરી ચૂંટણી મેદાનમાં છે. તૃણમૂલ કોંગ્રેસે તેમની પૂર્વ પત્ની સુજાતા મંડલને ટિકિટ આપીને સ્પર્ધાને રસપ્રદ બનાવી છે. ગત લોકસભા ચૂંટણીમાં સૌમિત્ર ખાને તૃણમૂલ કોંગ્રેસના ઉમેદવાર શ્યામલ સંત્રાને હરાવ્યા હતા.

હરિયાણાની હિસાર બેઠક પર ચૌટાલા પરિવાર વચ્ચે મુકાબલો થવાની આશા છે. ભાજપે અહીં ઓ.પી ચૌટાલાના પુત્ર રણજીત ચૌટાલાને મેદાનમાં ઉતાર્યા છે. રંજીત હરિયાણા સરકારમાં સ્વતંત્ર ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી રહી ચૂક્યા છે. ભાજપમાં જોડાયા બાદ તેમને હિસાર બેઠક પરથી મેદાનમાં ઉતારવામાં આવ્યા છે.

સુનૈના આઈએનએલડીની મહિલા પાંખની મુખ્ય મહાસચિવ છે. રણજીત ચૌટાલા સુનૈના ચૌટાલાના કાકા અને સસરા છે. જેજેપી એટલે કે જનનાયક જનતા પાર્ટી પણ ઓમ પ્રકાશ ચૌટાલાની બીજી વહુ નૈના ચૌટાલાને હિસાર સીટ પરથી ઉતારવાની તૈયારી કરી રહી છે. પૂર્વ નાયબ મુખ્યમંત્રી દુષ્યંત ચૌટાલાની માતા નૈના બધરા ચૌટાલા સીટથી ધારાસભ્ય છે.

આંધ્રપ્રદેશની કડપા લોકસભા સીટ પર પરિવારના સભ્યો વચ્ચે ટક્કર થશે. કોંગ્રેસે વાયએસ શર્મિલાને તેમના પરિવારના ગઢ કડપા બેઠક પરથી ઉમેદવાર તરીકે ઉતાર્યા છે. શર્મિલા આંધ્ર પ્રદેશ કોંગ્રેસ એકમના પ્રમુખ છે. તે કોંગ્રેસના પૂર્વ મુખ્યમંત્રી વાયએસ રાજશેખર રેડ્ડીની પુત્રી અને વાયએસઆર કોંગ્રેસ પાર્ટીના વડા જગન મોહન રેડ્ડીની બહેન છે. શર્મિલા આ ચૂંટણીમાં તેના પિતરાઈ ભાઈ વાઈએસ અવિનાશ રેડ્ડી સામે ચૂંટણી લડશે. રૂજીઈ કોંગ્રેસે અવિનાશ રેડ્ડીને મેદાનમાં ઉતાર્યા છે.અવિનાશ રેડ્ડીએ ૨૦૧૯થી આ સીટ જીતી હતી. વાયએસઆરમાંથી ચૂંટણી લડી રહેલા અવિનાશે ટીડીપીના આદિ નારાયણ રેડ્ડીને હરાવ્યા હતા

# ગુજરાતની કોઈપણ કોલેજમાં પસંદગીના કોર્સની gcas પોર્ટલના માધ્યમથી ત્વરિત પ્રવેશની માહિતી મેળવી શકશે

## ભાવનગર યુનિવર્સિટીના કર્મચારીઓ માટે ગુજરાત કોમન એડમિશન સર્વિસીસ પોર્ટલ માટે ટ્રેનિંગનું આયોજન, gcas. gugov.edu.in પર નોંધણી કરાવી શકાશે

ભાવનગર, તા.૧૨

મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી ખાતે ગુજરાત કોમન એડમિશન સર્વિસિસ GCAS પોર્ટલ માટે ગુરુવારે ટ્રેનિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં યુનિવર્સિટીના ક્લસ્ટર ઓર્ડીનેટર ડો. સુનીતાબેન નિમાવત, GCAS ગુજરાત રાજ્યના હેલ્પ સેન્ટર ટીમ લીડર પ્રો.ભાવેશ લાખાણી તથા કો-ટીમ લીડર પ્રો.આનંદ આચાર્ય તેમજ ગ્રિવન્સ રીડરેશન સેલ ટીમના લીડર પ્રો.શૈલેન્દ્રસિંહ વાઘેલા દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું ?.

આ વર્ષે ભાવનગર સહિત રાજ્યની તમામ સરકારી યુનિવર્સિટી માટે પ્રવેશ પ્રક્રિયા માટે ગુજરાત કોમન એડમિશન સર્વિસીસ દ્વારા પ્રવેશ પ્રક્રિયા કરવાનું નક્કી થયેલ હોય તેમ જ સ્નાતક કક્ષાના પ્રવેશ પહેલી એપ્રિલ, ૨૦૨૪થી નોંધણી પ્રક્રિયા શરૂ થઈ ગઈ હોય આ અંગે વિદ્યાર્થીઓને વિવિધ વિદ્યાશાખા જેવી કે આર્ટસ, સાયન્સ, કોમર્સ, મેનેજમેન્ટ, લો, એજ્યુકેશન અને રૂરલના સ્નાતક તથા અનુસ્નાતક તેમજ પીએચડી સહિતના તમામ કોર્સમાં પ્રવેશ માટેની કોલેજો ખાતે કાર્યરત હેલ્પ સેન્ટર દ્વારા વિદ્યાર્થીઓને તમામ પ્રકારની મદદ પુરી પાડવા અંગે આશા વ્યક્ત કરવામાં આવી હતી.

આ તકે જણાવાયું હતું કે ગુજરાતની કોઈપણ યુનિવર્સિટીની કોઈપણ કોલેજમાં વિદ્યાર્થી પસંદગીનો કોર્સ ભણી શકે અને વિદ્યાર્થી આ પોર્ટલના માધ્યમથી ત્વરિત પ્રવેશ વિષયક તમામ માહિતી મેળવી શકે તે વાત રજૂ કરી હેલ્પ સેન્ટરની કાર્યવાહીનો લાઈવ ડેમોસ્ટ્રેશન આપવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીઓના પ્રવેશની પ્રક્રિયા સરળ રહે તે માટે જીસીએએસ પોર્ટલે શિક્ષણ વિભાગનું આવકારદાયી પગલું હોય તેમ જ પોર્ટલ પર પ્રવેશ પ્રક્રિયા શરૂ થઈ ગઈ હોય ધોરણ ૧૨ પછીના અભ્યાસ માટે પ્રવેશ મેળવવા ઈચ્છુક તમામ વિદ્યાર્થીઓને gcas. gugov.edu.in પર નોંધણી કરાવે તે ઈચ્છનીય છે. યુનિવર્સિટીના તમામ સભ્યો, કો-ઓર્ડીનેટર તેમજ આચાર્યો અને એડમિશન સેલ તથા હેલ્પ સેન્ટરના કર્મચારીઓ હાજર રહ્યા હતા.

# ધોરાજી, હરિયાણા અને છતીસગઢની દુર્ઘટનામાં મૃત્યુ પામેલા લોકોને મોરારિબાપુની શ્રધ્ધાંજલિ



ભાવનગર, તા.૧૨

બે દિવસ પહેલા ધોરાજીનો એક પરિવાર સામાજિક કારણોસર માડાસણ ગામે જઈ કારમાં પરત ધોરાજી તરફ આવી રહ્યો હતો ત્યારે કારનું ટાયર ફાટતાં કાર ભાદર નદીના પુલની રેલીંગ તોડી નીચે ખાબકી હતી. જોતજોતાંમાં કાર પાણીમાં ગરકાવ થઈ ગઈ હતી અને તેમાં સવાર પટેલ પરિવારના ચાર સભ્યો નાં મોત નિપજયા હતા. પૂજ્ય મોરારીબાપુએ તમામ મૃતકોના પરિવારજનોને પ્રત્યેકને રૂપિયા પંદર હજાર લેખે કુલ મળીને રુપિયા ૬૦,૦૦૦ની સહાયતા રાશિ અર્પણ કરી છે જે પોરબંદર સ્થિત ભરતભાઈ દતા અને અન્યો દ્વારા વિતરીત કરવામાં આવી છે.

હરિયાણામાં મહેન્દ્ર ગઢ ખાતે સ્કુલ બસ દુર્ઘટનામાં પ્રાપ્ત અહેવાલો અનુસાર ૬ બાળકોનાં કરુણ મોત નિપજયા છે. આ અકસ્માતની વિગતો મેળવવામાં આવી રહી છે અને દિલ્હી સ્થિત કમલકુમાર શર્મા અને તેમના સાથીઓ દ્વારા પ્રત્યેકને રૂપિયા પંદર હજાર લેખે કુલ મળીને રુપિયા ૯૦,૦૦૦ની સહાયતા રાશિ અર્પણ કરવામાં આવશે. એ પ્રમાણે છતીસગઢના દુર્ગ વિસ્તારમાં એક બસ દુર્ઘટનામાં ૧૫ લોકોનાં મોત થયાં હતાં તેમની વિગતો મેળવવામાં આવી રહી છે અને તેમના પરિવારજનોને પણ ૧૫,૦૦૦ લેખે કુલ મળીને રુપિયા ૨,૨૫,૦૦૦ની સહાયતા રાશિ અર્પણ કરવામાં આવશે. ત્રણે ધટનાઓમાં માર્યા ગયેલાઓને કુલ મળીને રુપિયા ૩,૭૫,૦૦૦ની સહાયતા અર્પણ કરવામાં આવી છે.

પૂજ્ય મોરારીબાપુએ તમામ મૃતકોના નિર્વાણ માટે પ્રાર્થના કરી છે અને તેમના પરિવારજનોને દિલસોજી પાઠવી છે.

## મોડેલ સ્કૂલ સણોસરામાં મતદાર જાગૃતિ રેલી




મોડલ ડે સ્કૂલ સણોસરામાં **NSS** અને **NCC** દ્વારા મતદાર જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં સણોસરા ગામના સરપંચ તથા ડૉ.દીપભાઈ ધાધલ હાજર રહ્યા હતા. તેઓએ મતદાર જાગૃતિના કાર્યક્રમ અંતર્ગત લોકો સુધી સંદેશ લઈ જવા કહ્યું હતું તેમજ મતદાર જાગૃતિ અંતર્ગત મહારેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. અને ચિત્ર અને રંગોલી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં **NSS**ના સ્વયં સેવકો અને **NCC**ના કેડેટસ્ જોડાયા હતા.

# ભંડારિયામા કાલથી જાગનાથ મહાદેવ, શિવ પંચાયત, ખોડીયાર માતાજીની પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ

## ગોહિલવાડની સંત વિભુતીઓ તથા જગન્નાથ પીઠાધેશ્વર જગતગુરુ મહામંડલેશ્વર સ્વામી દિલીપદાસજી મહારાજ જગન્નાથ મંદિરની રહેશે ઉપસ્થિતિ

ભાવનગર, તા.૧૨

ભાવનગર શહેરની નજીક ભંડારીયામાં આવેલ દુઃખીશ્યામબાપા આશ્રમ ખાતેના જાગનાથ મહાદેવ મંદિરે આગામી તારીખ ૧૩ ને શનિવારાથી તારીખ ૧૫ ને સોમવાર સુધી પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે.

આ પ્રસંગે અનેક ધાર્મિક કાર્યક્રમોનું આયોજન સંત દુખીશ્યામ બાપા સેવાશ્રમ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યું છે તે અંતર્ગત તારીખ ૧૨ ને શુક્રવારના રોજ સાંજે ચાર કલાકે દેશ શુદ્ધિ પ્રાયશ્ચિત અને હેમાદ્રી સર્વણ થશે. તારીખ ૧૩ને શનિવાર સવારે ૮ કલાકે ગણપતિ વગેરે દેવની પૂજા અને મંડપ પ્રવેશ અગ્નિ સ્થાપન કુટીર હોમ અને બપોરે ૩ કલાકે જળયાત્રા નગરયાત્રા સાંયમ પૂજન દિવસ જેવી ધાર્મિક વિધિઓ યોજાશે. તારીખ ૧૪ ને રવિવારના રોજ સવારે ૮ કલાકે સ્થાપિત દેવ પૂજન પ્રસાદ વસ્તુ બપોરે ૩ કલાકે ભૂમિના અધિવાસન ન્યાસ સ્થાપન અને અભિષેક શપનવિધિ કરવામાં આવશે. ત્રીજા દિવસે તારીખ ૧૫ને સોમવાર સવારે ૮ કલાકે સ્થાપિત દેવું ભુજ હોમ બપોરે ૧૨:૩૯ કલાકે ભૂમિ પ્રતિષ્ઠા સાંજે ૪ કલાકે પ્રતિષ્ઠા હોમ શ્રીફળ ઓમ પૂર્ણાહુતિ કરવામાં આવશે.

તારીખ ૧૪ને રવિવારે સવારે ૧૦ કલાકે ધર્મસભા તથા સંત સંમેલન યોજાશે. આ ધાર્મિક અનુષ્ઠાનમાં અખિલ ભારતીય ગોહિલવાડ વિરક્ત સંત મહામંડળના પીઠાધીશવારો મહામંડલેશ્વર મહંતો તથા પૂજ્ય સંતો અને વિભૂતિઓ ખાસ હાજરી આપશે. જેમાં ૧૦૦૮ શ્રી જગન્નાથ પીઠાધેશ્વર જગતગુરુ મહામંડલેશ્વર સ્વામી દિલીપદાસજી મહારાજ જગન્નાથ મંદિર અમદાવાદની ઉપસ્થિતિ વિશેષ રહેશે. આ ત્રણ દિવસ ચાલનારા ધાર્મિક અનુષ્ઠાનમાં દરરોજ ભંડારો યોજાશે. આ ધાર્મિક અનુષ્ઠાનમાં દરેક ભાવિક ભક્તજનોને બહોળી સંખ્યામાં ભાગ લેવા ટ્રસ્ટીઓ દ્વારા જણાવાયું છે.

## સિહોરના ૫ બાળકોએ રમઝાન માસના રોઝા રાખી અભ્યાસ સાથે બંદગી કરી



ભાવનગર,,તા.૧૨

સિહોરમાં બરફવાળા અને માલકાણી પરિવારના નાના પાંચ બાળકોએ પવિત્ર રમજાન માસ નિમિત્તે રોજા રાખી અન્ય લોકોને પ્રેરણા મળે તેવું કાર્ય કર્યુ હતુ.

સિહોરના સાદ અહેમદ અમીનભાઈ ગનીયાણી, આફિયા અમીનભાઈ ગનીયાણી, તેમજ માલકાણી ઘંટીવાળા પરિવારના અબ્દુલ્લા એઝાઝભાઈ, હુસેન એઝાઝભાઈ, હસન એઝાઝભાઈ દ્વારા રમજાન માસ નિમિત્તો વહેલી સવારે રોજા રાખ્યા હતા અને સાંજના સમયે રોજા ખોલી ખુદાની ઈબાદત કરી દુઆઓ કરી હતી. મુસ્લિમ સમુદાયનો પવિત્ર રમજાન માસ પૂર્ણ થયો છે. અને ઈદની ઉજવણી પણ કરવામાં આવી હતી. ત્યારે આખા મહિનાના રોજા રાખનાર સિહોરના બરફવાળા, માલકાણી પરિવારના પાચેય બાળકોને લોકોએ શુભેચ્છા પાઠવી હતી.

# જૈન આચાર્ય લોકેશજી અમેરિકન પ્રેસિડેન્શિયલ એવોર્ડથી સન્માનિત



અમરેલી,તા.૧૨

'અહિંસા વિશ્વ ભારતી' અને 'વર્લ્ડ પીસ સેન્ટર'ના સ્થાપક જૈન આચાર્ય લોકેશજીને વોશિંગ્ટનમાં કેપિટોલ હિલ પર અમેરિકન રાષ્ટ્રપતિ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. સન્માનના ભાગરૂપે, તેમને રાષ્ટ્રપતિ પુરસ્કાર, ગોલ્ડન શિલ્ડ, સન્માનનું પ્રમાણપત્ર અને રાષ્ટ્રપતિ બિડેનની હસ્તાક્ષર ધરાવતા પ્રશસ્તિપત્રથી સન્માનિત કરવામાં આવ્યા હતા. પ્રમાણપત્ર અને પ્રશસ્તિપત્ર વરિષ્ઠ કોંગ્રેસમેન બ્રેડ શેરમેને વાંચ્યું હતું. અમેરિકન રાષ્ટ્રપતિ પુરસ્કારથી સન્માનિત થનાર તેઓ પ્રથમ ભારતીય સાધુ છે.

અમેરિકી રાષ્ટ્રપતિ જો બિડેને જૈન આચાર્ય લોકેશજીના માનવતાવાદી કાર્યની પ્રશંસા કરતાં તેમના હસ્તાક્ષરિત પ્રશસ્તિપત્રમાં જણાવ્યું હતું કે, "જાહેર કલ્યાણ માટેના તમારા યોગદાન માટે હું તમને અભિનંદન આપું છું અને આ મહાન રાષ્ટ્ર અને માનવતાની સેવા સ્વયંસેવક નેતૃત્વ માટે તમારી ઊંડી પ્રશંસા કરું છું અને અમેરિકન લોકોને વિશ્વાસ છે કે તમે ભવિષ્યમાં પણ આ જ રીતે માનવતાની સેવા કરવાનું ચાલુ રાખશો."

આચાર્ય લોકેશજીએ એવોર્ડ મેળવ્યા બાદ પોતાના ભાષણમાં કહ્યું હતું કે, "અમેરિકન પ્રેસિડેન્શિયલ એવોર્ડથી સન્માનિત થવું ગર્વની વાત છે, પરંતુ તેનાથી વધુ જવાબદારી વધી છે. તેમણે કહ્યું કે આ સન્માન ભારતીય સંસ્કૃતિ, આધ્યાત્મિક મૂલ્યો, ભગવાન મહાવીરના જૈન સિદ્ધાંતોનું સન્માન છે. આ મૂલ્યોના આધારે હું છેલ્લા ૪૦ વર્ષથી માનવજાતના કલ્યાણ માટે સમર્પિત છું. ભવિષ્યમાં પણ દરેકની અપેક્ષાઓ પૂર્ણ કરવાના પ્રયાસો કરીશ.આચાર્ય લોકેશજીએ રાષ્ટ્રપતિ બિડેનનો આભાર વ્યક્ત કર્યો અને આશા વ્યક્ત કરી કે ભારત અને અમેરિકા માનવજાતના ઉત્થાન માટે સાથે મળીને કામ કરવાનું ચાલુ રાખશે.

# ગાય આધારિત એટલે કે પ્રાકૃતિક ખેતી કરવાથી વરસાદી પાણી જમીનમાં ખૂબ જ ઊંડે સુધી ઉતરે છે

અમરેલી,તા.૧૨

ગાય આધારિત એટલે કે પશુ આધારિત પ્રાકૃતિક ખેતી કરવાથી વરસાદી પાણી જમીનમાં ખૂબ જ ઊંડે સુધી ઉતરે છે અને દરેક જીવોનાં આરોગ્યને ખૂબ ફાયદો થાય છે. એક જમાનો હતો કે લોકોની ભૂખની જરૂરિયાત સંતોષવા માટે કે જમવા માટે શરીર નિરોગી હતા ત્યારે લોકોને જમવા મુશ્કેલીથી મળતું હતું આજે દિવસે આધુનિક સંશોધન થયું તેમાં આપણે ખરેખર આપણા પોતાના શરીર અને સૃષ્ટિ પરના સર્વે જીવોનું વિચાર્યા વિના બસ આધુનિકતા તરફ આગળ જ વધતા રહ્યા છીએ. આજે માણસની ખરીદ ક્ષમતા ઘણી બધી વધી ગઈ છે પણ ઝેરી દવા અને કેમિકલ ખેતીમાં ઉપયોગ થવાથી સૌથી પહેલા તો ધરતી નિર્ગુણી એટલે કે વાંઝણી બની ગઈ હોય તેવી હાલત બની ગઈ છે, કારણ કે જે જમીનની ફળદ્રુપતા હોવી જોઈએ તેના બદલે આજે એક થી દોઢ ઈંચ વરસાદ પડે તો પણ ખેતરમાંથી ઝાઝા ભાગનું પાણી બહાર નીકળી જતું હોય છે જ્યારે પ્રાકૃતિક ખેતી કરવામાં આવે એટલે કે પશુ આધારિત ખેતી કરવાથી જમીનની અંદર પોષણ તત્વો જળવાઈ રહે છે. અનેક જીવો જમીનની અંદર હોય તે ખેતીને પોચી રૂ જેવી રાખે છે તેનાથી વરસાદ પાંચથી સાત ઈંચ પડે તો પણ બધું પાણી જમીનમાં ઉતરી જાય છે તેનાથી જમીનના તળમાં પાણીનું ભેજ જળવાઈ રહે છે અને ઊંડે સુધી પાણી જમીનમાં સંગ્રહ થાય છે વરસાદી મીઠા પાણીથી ખેતીના ઉત્પાદનો દવા અને ખાતર વિના ઝેર મુક્ત બને છે. સૌથી ઉત્તમ જો કામ હોય તો સૌથી પહેલા વરસાદી પાણીની સંગ્રહ શક્તિ વધે તે છે અને ખેત ઉત્પાદનમાં ઝેર ન હોવાથી સૃષ્ટિ પરના સર્વે જીવો નીરોગી રહે છે.

આજે લોકો પાસે ખાવા માટે રૂપિયા છે પણ ખાવા લાયક વસ્તુ નથી મળતી અને જ્યારે ખાવા લાયક વસ્તુ મળે ત્યારે માનવ શરીર ખાવા લાયક નથી રહેતું. આ જ સોલ્યુશન માટે રાજકોટમાં તારીખ ૧૨, ૧૩ અને ૧૪ શુક્ર, શનિ અને રવિવારના રોજ કાલાવડ રોડ આત્મીય કોલેજ ખાતે 'ઓર્ગેનિક ખેડૂત હાટ'નું આયોજન થયેલું છે તેમાં શહેરમાં વસતા લોકોએ ફેમિલી ડોક્ટર નહીં પણ ફેમિલી ખેડૂત રાખવા માટેનો સરસ એક રસ્તો છે જેનાથી આપણા પરિવારને સંપૂર્ણ નિરોગી રાખવા માટે દરેક પ્રકારના અનાજ, કઠોળ, શાકભાજી, ફ્રુટ તેમજ અન્ય ખેત ઉત્પાદનો મળી રહે તેવી સુંદર વ્યવસ્થા કરેલ છે તો વધુમાં વધુ લોકો આ ઉત્પાદન ખરીદી કરી પોતાનો પરિવાર નિરોગી રાખે એ સાથે સૃષ્ટિ પરના સર્વે જીવોની રક્ષા થાય.

## ટેલી એકાઉન્ટીંગના વર્ગો

બળવંત પારેખ વિજ્ઞાનનગરી દ્વારા ટેલી - પ્રાઈમ વીથ જીએસટી કોર્સનું આયોજન કરવામાં આવેલ છે. આ કોર્સ શીખવા માટે ધોરણ ૧૦ પાસ હોવું જરૂરી છે. આ કોર્સ પૂર્ણ થયા બાદ પરીક્ષા લઈ સરકાર માન્ય પ્રમાણપત્ર આપવામાં આવશે. રસ ધરાવતાં વ્યકિતઓએ વિજ્ઞાનનગરીમાં ૯૪૨૬૨૨૦૧૨૬ પર રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

## સમસ્ત કોળી સમાજના ઉચ્ચ અભ્યાસ કરતા લગ્નોત્સુક યુવક-યુવતીઓનો વેવિશાળ પરિચય મેળો

ભાવનગર,તા.૧૨

બોટાદ જિલ્લાના બરવાળા ખાતે કોળી શકિત યુવક મંડળ અમરેલી દ્વારા સમસ્ત કોળી સમાજનો વેવિશાળ મેળો ગુજરાત અને સૌરાષ્ટ્રમાં રહેતા ઉચ્ચ અભ્યાસ કરતા લગ્નોત્સુક યુવક, યુવતીઓનો વેવિશાળ પરિચય સમારંભ તા.૨૮ના રોજ આયોજન કરવામાં આવેલ છે. આ સમારંભમાં ભાગ લેવા માંગતા ફોર્મ અને માહિતી મંડળના પ્રમુખ રમેશભાઈ એસ. ગોહિલ મો.૯૩૭૪૭૩૪૮૨૦ અને પ્રમુખ બરવાળા ઘનશ્યામભાઈ એલ. મકવાણા મો. ૯૯૦૪૦૯૯૦૫૫ મુ. બરવાળા, જી. બોટાદનો સંપર્ક કરવા જણાવ્યું

# વાહન પાર્કિંગ મામલે વડવામા ઈદના દિવસે બે શખ્સો પર છરી, તલવાર વડે હુમલો

## બે મુસ્લિમ પરિવાર વચ્ચેની માથાકુટમાં તિક્ષ્ણ હથિયારોનો છુટથી ઉપયોગ, બનાવના પગલે પોલીસ કાફલાએ દોડી જઇ કાર્યવાહી કરી









ભાવનગર, તા.૧૨

મુસ્લિમ સમાજના રમજાન ઈદ નિમિત્તે ભાવનગર પોલીસ દ્વારા સમગ્ર શહેરમાં ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હોવા છતાં શહેરના વડવા વિસ્તારમાં ઈદના દિવસે જ બે પરિવારો વચ્ચે મારામારીનો બનાવ બન્યો હતો જેમાં છ થી સાત શખ્સોએ બે વ્યક્તિઓને છરી અને તલવારના ઘા ઝીકી ઈજા કરતા તેઓને હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા હતા. આ બનાવ બનતા પોલીસ કાફલો દોડી ગયો હતો અને ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દીધો હતો આ બનાવથી સમગ્ર વિસ્તારમાં તથા શહેરમાં ચકચાર મચી જવા પામી હતી.

વડવા વિસ્તારમાં થયેલી મારામારી માં રજાકભાઈ બેલીમને સલીમ રજાકભાઈ બેલીમને તલવારના ઘા મારવામાં આવ્યા હતા જયારે મશીન સૈયદ નામના સક્ષને છરીના ઘા મારવામાં આવ્યા હતા તેઓને હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા જયાં તેમણે જણાવેલ કે વાહન પાર્કિંગ બાબતે ગઈકાલે એટલે કે ઈદના આગળના દિવસે આરોપીઓ વચ્ચે માથાકૂટ થઈ હતી જેના બીજા દિવસે એટલે કે એ જ ના દિવસે સવારે ફરીથી બંને પક્ષ વચ્ચે માથાકૂટ થતા આરોપીઓ તલવાર અને છરી જેવા હથિયારો સાથે ધસી આવ્યા હતા અને હુમલો કર્યો હતો. ઈજાગ્રસ્તોના જણાવ્યા મુજબ સમીર, અશરફ, હુસેન સહિતના શખ્સો હુમલો કરવામાં સામેલ હતા જોકે આ બનાવવા અંગે ઈદના દિવસે રાત્રી સુધી કોઈ પોલીસ ફરિયાદ નોંધાય ન હતી ઈદના દિવસે જ મુસ્લિમ સમાજના બે પરિવારો વચ્ચે થયેલી માથાકૂટથી ચકચાર મચી જવા પામી હતી.

અરજદાર તરફે વિ.વ. શ્રી એન.સી. જોષી

પાલીતાણાના મ્હે. જ્યુડી. મેજી.સાહેબની કોર્ટમાં,
(શ્રી આર.વી.પટેલસાહેબની કોર્ટમાં)

મંજુલાબેન પરશોતમભાઈ શેખલીયા તે ગોવીંદભાઈ કાળાભાઈ રજોડીયાના પત્ની, ઉવ.આ.૬૪, ધંધો-ઘરકામ, રહે.હાલ-સુરત ...અરજદાર

પર.ફોજ અરજી નં. ૧૭૫/૨૦૨૪
મુ. તા : ૧૩/૦૫/૨૦૨૪

વિરૂધ્ધ

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી, આંકોલાળી ગ્રામ પંચાયત કચેરી, જન્મ મરણ વિભાગ, ગામ-આંકોલાળી ગામ, તા.પાલીતાણા જી.ભાવનગર .....સામાવાળા

બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા

જાહેર નોટીસ

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે આ કામના ઉપરોક્ત જણાવેલ અરજદારે તેમનો પોતાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૫૯ના રોજ ગામ-આંકોલાળી ગામ, તા.પાલીતાણા મુકામે થયેલ છે તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મતલબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી દાખલ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોઈ તેમણે આધાર પુરાવા સાથે જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં મુદત તારીખ : ૧૩/૦૫/૨૦૨૪ ના રોજ સવારે ૧૦ : ૩૦ કલાકે હાજર રહેવું. તેમ કરવામાં કસુર થયેથી ધારાસરની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જે આ જાહેર નોટીસ દ્વારા જાહેર જનતા જોગ જાણ કરવામાં આવે છે .

આજરોજ તા.૦૮ માહે : એપ્રિલ, સને-૨૦૨૪ના રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

તૈયાર કરનાર,
(વી.એમ.ગોહીલ)
આસિસ્ટન્ટ.
જ્યુડી.મેજીસ.ફ.ક.કોર્ટ,
પાલીતાણા

કોર્ટનો સિક્કો

હુકમથી
(એચ.આર.ગોહેલ)
ડે. રજીસ્ટ્રાર
જ્યુડી. મેજી. કોર્ટ, પાલીતાણા

## અવસાન નોંધ

**મુસ્લિમ સિપાઇ મરણ (ભાવનગર)**

હાજીમજીદભાઇ હાજીઅબ્દુલરહેમાન કુરેશી (જલપરીવાળા પ્લોટ નં. ૫૨૯, નાઇસ પોઇન્ટની બાજુમાં શિશુવિહાર સર્કલ, ભાવનગર)ના ઔરત હાજીયાણી મેમુનાબેન (ઉ. વ. ૭૦) તા.૧૧ને ગુરુવારના રોજ જન્નતનશીન થયેલ છે. તે હયુમભાઈ તથા કયુમભાઇના વાલિદા, મર્હુમ હયાતભાઈ કુરેશીના નાનાભાઇના ઔરત, મર્હુમ હાજીબશીરભાઇ કુરેશી (એસ.બી.આઇ.)ના ભાભી, મર્હુમ નજીરભાઈ મોગલ (ધારીવાળા), યુસુફભાઈ ખોખર (એસ.ટી. ભાવનગર), પઠાણ ફિરોજભાઈ (જામનગર), પઠાણ ઇરફાનભાઇ (જેતપુર), મહંમદ હનીફ બેલીમ (એસ.ટી. ભાવનગર), બેલીમ નદીમભાઇના સાસુ, મર્હુમ હબીબખાન પઠાણ (બાપેસરાવાળા)ના દિકરી, મર્હુમ મહેબુબભાઇ પઠાણ, મર્હુમ યુસુફભાઇ પઠાણ તથા અબ્દુલવાહિદ પઠાણના બહેન થાય છે. મર્હુમાની જીયારત તા.૧૩ને શનિવારે સવારે ૮:૩૦ કલાકે મરદો માટે હનફિયા મસ્જીદ બાપેસરા કુવા ભાવનગર તથા ઔરતો માટેની જીયારત બાપેસરા સિપાહી જમાતખાના ઉપરના માળે ભાવનગર મુકામે રાખેલ છે.

# ધો.૧૨માં કન્ટેમ્પરરી વર્લ્ડ પોલિટિક્સ પુસ્તકમાં ફેરફારો

## NCERTએ પુસ્તકમાં કર્યા મોટા ફેરફારો




નવીદિલ્હી,
NCERTના ધોરણ-૧૨માં કન્ટેમ્પરરી વર્લ્ડ પોલિટિક્સ પુસ્તકમાં કેટલાક ફેરફારો કરવામાં આવ્યા છે. પુસ્તકના પેજ નંબર ૧૧૯ પર લખ્યું છે કે ભારતનો દાવો છે કે આ વિસ્તાર ગેરકાયદે કબજા હેઠળ છે, પાકિસ્તાન આ વિસ્તારને 'આઝાદ પાકિસ્તાન' કહે છે. હવે તેમાં ફેરફાર કરવામાં આવ્યો છે. હવે પુસ્તકમાં લખ્યું છે- 'જો કે, આ ભારતીય વિસ્તાર છે જે પાકિસ્તાનના ગેરકાયદે કબજા હેઠળ છે. તેને પાકિસ્તાન અધિકૃત જમ્મુ અને કાશ્મીર (POK) કહેવામાં આવે છે. જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ નાબૂદ કરવાની સંપૂર્ણ વાત પુસ્તકના પાના નંબર ૧૩૨ પર લખવામાં આવી છે. અગાઉ લખવામાં આવ્યું હતું – 'જ્યારે મોટાભાગના રાજ્યો પાસે સમાન સત્તા છે, ત્યાં જમ્મુ અને કાશ્મીર અને ઉત્તર-પૂર્વના રાજ્યો જેવા કેટલાક રાજ્યો માટે વિશેષ જોગવાઈઓ છે'. આમાં પણ ફેરફારો કરવામાં આવ્યા છે. હવે લખવામાં આવ્યું છે – 'જ્યારે મોટાભાગના રાજ્યો પાસે સમાન સત્તાઓ છે, ત્યાં જમ્મુ અને કાશ્મીર અને ઉત્તર-પૂર્વના રાજ્યો જેવા કેટલાક રાજ્યો માટે વિશેષ જોગવાઈઓ છે. જો કે, કલમ ૩૭૦, જેમાં જમ્મુ અને કાશ્મીર માટે વિશેષ જોગવાઈઓ છે, તેને ઓગસ્ટ ૨૦૧૯માં રદ કરવામાં આવી હતી. તમને જણાવી દઈએ કે, NCERT સમયાંતરે સિલેબસ અને કન્ટેન્ટમાં ફેરફાર કરતી રહે છે. NCERTએ અયોધ્યા અને ૨૦૦૨ના ગુજરાત રમખાણો સંબંધિત કેટલાક ઉદાહરણો હટાવ્યા છે. આ ઉપરાંત મણિપુરના ભારતમાં વિલીનીકરણના સંદર્ભમાં પણ ફેરફારો કરવામાં આવ્યા છે. તાજેતરના વર્ષોમાં ઉદ્ભવતા સંવેદનશીલ વિષયો પણ દૂર કરવામાં આવ્યા છે. પુસ્તકમાંથી ખાલિસ્તાન અથવા અલગતા આંદોલનનો સંદર્ભ પણ હટાવી દેવામાં આવ્યો છે. પેજ નંબર ૧૨૩ પર લખ્યું હતું કે 'સંકલ્પ સંઘવાદને મજબૂત કરવાની અરજી હતી, પરંતુ તેને અલગ શીખ રાષ્ટ્રની અરજી તરીકે પણ અર્થઘટન કરી શકાય છે'.

# સટ્ટા બજારમાં ગરમાવો : ફરી એક વખત એનડીએને બહુમતીનું અનુમાન

નવી દિલ્હી,
લોકસભાની ચૂંટણીને લઈ સટ્ટા બજારમાં કરોડો રૂપિયાના સટ્ટા લાગ્યા છે. જેમાં સટ્ટા બજાર ફરી એક વખત એનડીએને બહુમતી આપી રહ્યું છે. એકલા ભાજપને ૩૧૬ થી ૩૧૯ સીટ સટ્ટા બજાર આપી રહી છે. તેમાં કોંગ્રેસ ૪૪ થી ૪૭ સીટ પર સમેટાઈ જતી હોવાનું સટ્ટા બજારમાં અનુમાન છે.

સટ્ટા બજાર ફરી એક વખત એનડીએ ને બહુમતી આપી રહ્યું છે. એકલા ભાજપને ૩૧૬ થી ૩૧૯ સીટ સટ્ટા બજાર આપી રહ્યું છે. રાજકોટમાં લોકસભાની ચૂંટણીને લઈ સટ્ટા બજારમાં કરોડો રૂપિયામાં સટ્ટામાં લાગ્યા છે. લોકસભા ચૂંટણીની તારીખો નજીક આવી રહી છે અને પ્રથમ તબક્કાનું મતદાન ૧૯ એપ્રિલે થવાનું છે ત્યારે સટ્ટા બજાર પણ હાર જીતના ખેલ પાડવા માટે સજ્જ થઈ ગઈ છે.

ગુજરાતમાં વર્તમાન સ્થિતિએ પણ ભાજપ તમામ ૨૬ સીટ જીતશે તેવું સટ્ટા બજારનું અનુમાન છે. ગુજરાતમાં તા. ૭ મેએ સહિત કુલ સાત તબક્કામાં મતદાને પછી ૪ જૂનના ગણતરી થાય તે પહેલાં ચૂંટણી સટ્ટામાં આઈ.પી.એલ.થી વધુ રકમની ઉથલપાથલ થવાનું સટ્ટા બજારનું અનુમાન છે. નોંધપાત્ર બાબત એ છે કે, હાલમાં તો બુકી બજાર ભાજપ એકલા હાથે ૩૧૯ સીટો જીતશે તેમ માને છે. શરૂઆતમાં ભાજપને કુલ ૩૩૩ સીટનો અંદાજ વ્યક્ત કરતી બુકી બજારે હાલમાં ભાજપની કુલ સીટો ઘટાડીને ૩૧૯ કરી છે.

# જો પાકિસ્તાન આતંકવાદને ખતમ ન કરી શકે તો અમે મદદ કરવા તૈયાર : રાજનાથ

નવીદિલ્હી,
રક્ષા મંત્રી રાજનાથ સિંહ પણ આ દિવસોમાં પોતાની ચૂંટણી રેલી દરમિયાન ચીન અને પાકિસ્તાન પર જોરદાર નિશાન સાધી રહ્યા છે. તાજેતરમાં જ એક ઈન્ટરવ્યુમાં રક્ષા મંત્રીએ પાકિસ્તાનને આતંકવાદનો ખાતમો કરવા માટે મદદની ઓફર કરી છે. તેમણે કહ્યું કે જો પાકિસ્તાન આતંકવાદને નિયંત્રિત કરવામાં અસમર્થ લાગે છે તો ભારત આતંકવાદને રોકવા માટે તેને સહયોગ કરવા તૈયાર છે.

રાજનાથ સિંહે કહ્યું કે પાકિસ્તાન પાસેથી મારી એ જ અપેક્ષા છે કે જો તે આતંકવાદનો સહારો લઈને ભારતને અસ્થિર કરવાનો પ્રયાસ કરશે તો તેનું પરિણામ ભોગવવું પડશે. પાકિસ્તાને આતંકવાદ પર કાબૂ મેળવે. જો પાકિસ્તાનને લાગે છે કે તે આતંકવાદને કાબૂમાં રાખવામાં અસમર્થ છે તો પાડોશી દેશ ભારત પાસેથી સહયોગ માંગી શકે છે. ભારત આતંકવાદને રોકવા માટે તેમને સહકાર આપવા તૈયાર છે.

રક્ષા મંત્રી રાજનાથ સિંહ ૧૯૭૫માં લાદવામાં આવેલી ઈમરજન્સી અને કોંગ્રેસ પાર્ટી વિશે વાત કરતા ભાવુક થઈ ગયા. તેમણે કહ્યું, 'જે લોકોએ તાનાશાહીની કટોકટી લાદી હતી તેઓ હવે અમારા પર તાનાશાહ હોવાનો આરોપ લગાવે છે... મારી માતાને બ્રેઈન હેમરેજ થયું હતું અને કોંગ્રેસ સરકારે મને પેરોલ આપી ન હતી.

# મુનવ્વર ફારૂકી અને પબ્લિક વચ્ચે જોરદાર બબાલ : ઈંડા ફેંકાયા તો ભડક્યો કોમેડિયન

મુંબઈ,
બિગ બોસ ૧૭ વિનર મુનવ્વર ફારૂકી ફરી એકવાર ચર્ચામાં છે. આ વખતે તે એક વિવાદમાં ફસાવાના કારણે ચર્ચામાં આવ્યો છે. થોડા દિવસે પહેલા તે હુક્કા પાર્લરમાં હુક્કા પીતો જોવા મળ્યો હતો, જે બાદ તેની ધરપકડ કરવામાં આવી હતી. હવે મુંબઈના મોહમ્મદ અલી રોડ પર મુનવ્વર ફારૂકી અને પબ્લિક વચ્ચે બબાલ થઈ હોવાની વાત સામે આવી છે. જેમાં કોમેડિયન પર ઈંડા ફેંકવામાં



આવ્યા છે. ઈંડા ફેંકવામાં આવ્યા બાદ મુનવ્વર ફારૂકી પણ ગુસ્સે ભરાયો હતો, જેનો વીડિયો હાલ વાયરલ થઈ રહ્યો છે.

મુનવ્વર ફારૂકી મુંબઈના મોહમ્મદ અલી રોડ પર એક રેસ્ટોરન્ટ માલિક દ્વારા કથિત રૂપે ઈંડા ફેંકવામાં આવ્યા બાદ કેમેરા પર ગુસ્સે થતા જોવા મળી રહ્યો છે. જાણવા મળી રહ્યું છે કે મિનારા મસ્જિદમાં તેનો એક રેસ્ટોરન્ટ માલિક સાથે ઝઘડો થઈ ગયો હતો. આ મામલો હવે પોલીસ સુધી પહોંચી ગયો છે. એક્સ પર એક વીડિયો ખૂબ જ વાયરલ થઈ રહ્યો છે, જેમાં મુનવ્વર ફારૂકી રેસ્ટોરન્ટના માલિક પર ભડકતો જોવા મળી રહ્યો છે. આસપાસ વધારે ભીડ છે. મુનવ્વરને તેના સિક્યોરિટી ગાર્ડ્સે જકડી રાખ્યો છે. સ્થિતિ જોઈને એવું લાગી રહ્યું છે કે, ફારૂકી ગુસ્સામાં લાલચોળ થઈ ગયો છે.

રિપોર્ટ અનુસાર, આરોપીઓએ મુનવ્વર ફારૂકીને મિનારા મસ્જિદ ક્ષેત્રમાં પોતાની રેસ્ટોરન્ટમાં આમંત્રિત કર્યો હતો. પરંતુ તે તેની નજીકમાં આવેલી અન્ય જગ્યાએ જમવા ચાલ્યો ગયો. તેનાથી તે રેસ્ટોરન્ટનો માલિક અને સ્ટાફ ગુસ્સે ભરાયા અને તેમણે મુનવ્વર પર ઈંડાથી એટેક કરવાનું શરૂ કરી દીધું.

# ભારતીય મૂળના સાઈમન હેરિસ આયર્લેન્ડના સૌથી યુવા વડાપ્રધાન

આયર્લેન્ડ,
આયર્લેન્ડમાં લિયો વરાડકરના રાજીનામા બાદ સત્તારૂઢ ફાઈન ગેલ પાર્ટીએ ભારતીય મૂળના સાઈમન હેરિસને વડાપ્રધાન બનાવ્યા છે. ૩૭ વર્ષના હેરિસ દેશના સૌથી નાની વયના વડાપ્રધાન બન્યા છે.તેમની પહેલાંના ભારતીય મૂળના વડાપ્રધાન લિયો વરાડકર આયર્લેન્ડના સૌથી યુવા વડાપ્રધાન હતા. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સાઈમન હેરિસને અભિનંદન પાઠવ્યા છે.

આયર્લેન્ડમાં લિયો વરાડકરે ગયા મહિને પોતાના પદ પરથી રાજીનામું આપ્યું હતું. તેમના રાજીનામા બાદ એવી ચર્ચાઓ થવા લાગી હતી કે હેરિસ પીએમ બની શકે છે. આયર્લેન્ડની સંસદમાં મંગળવારે વડાપ્રધાનપદ માટે મતદાન થયું હતું. જેમાં હેરિસના સમર્થનમાં ૮૮ વોટ પડયા હતા. તેમને ગઠબંધનની ભાગીદાર પાર્ટીઓ ફિએના ફેલ અને ગ્રીન પાર્ટી ઉપરાંત ઘણા અપક્ષ સાંસદોનું સમર્થન પણ મળ્યું હતું.

સાઈમન હેરિસ વડાપ્રધાન તરીકે ચૂંટાતાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સૌથી યુવા વડાપ્રધાન બનવા બદલે તેમને અભિનંદન પાઠવ્યા હતા. સોશિયલ મીડિયા એક્સ પર પીએમ મોદીએ કહ્યું કે, આપણે આપણા ઐતિહાસિક સંબંધોને ખૂબ જ વધારે મહત્ત્વ આપીએ છીએ જે લોકશાહી મૂલ્યોમાં એકસરખો વિશ્વાસ ધરાવે છે. ભારત-આયર્લેન્ડ દ્વિપક્ષીય ભાગીદારીને વધારે મજબૂત કરવા માટે સાથે મળીને કામ કરવા માટે આશા રાખું છું.

# બેંગલુરુ બાદ હવે ચેન્નાઈમાં જળસંકટ સૌથી મોટું તળાવ પણ તળિયાઝાટક

ચેન્નાઈ,
બેંગલુરુની તરસ હજુ છીપાઈ નથી ત્યારે દેશના બીજા આઈટી હબ ચેન્નાઈમાં પાણી સુકાવા લાગ્યું છે. અહીંની સૌથી મોટું અને ૪૩ ટકા વસ્તીની તરસ છીપાવતું વીરાનમ તળાવ હવે સુકાઈ ગયું છે. માત્ર કેટલાંક તળાવોમાં જ પાણી બચ્યું છે. ગયા વર્ષે જુલાઈમાં પણ આવી સ્થિતિ સર્જાઈ હતી.



આ વખતે ત્રણ મહિના પહેલાં સ્થિતિ વણસી છે. ૨૮ ફેબ્રુઆરીથી વીરાનમ તળાવમાંથી સપ્લાય બંધ છે. ચેન્નાઈ મેટ્રોપોલિટન વોટર સપ્લાય એન્ડ સીવરેઝ બોર્ડે તેને 'મૃત' જાહેર કર્યું છે. બોર્ડ મુજબ, ગયા વર્ષે આ જ સમયે તળાવમાં ૭૭૩.૯૫ મિલિયન ક્યુબિક મીટર (એમસીએફટી) પાણી હતું. તેની ક્ષમતા ૧,૪૬૫ એમસીએફટીની છે. પાણીના સંગ્રહના અન્ય સ્રોતોની હાલત પણ દયનીય છે. તેથી સપ્લાય ઘટાડી દેવાયો છે. એક દિવસ બાદ પાણી મળી રહ્યું છે. ભૂગર્ભજળમાં પણ અછત જોવા મળે છે.

ચેન્નાઈમાં સપાટીનું પાણી સંપૂર્ણપણે સુકાઈ જવાના આરે છે. ભૂગર્ભ જળ પણ ઝડપથી ઘટી રહ્યું છે. હાલમાં, ૧૩.૨૨૨ ટીએમસી ભૂગર્ભજળ સંગ્રહની જરૂર છે, પરંતુ માત્ર ૭.૭૪૬ ટીએમસી બાકી છે. ગયા વર્ષે ૯.૨૬૨ ટીએમસી હતું.

# એરિઝોનાની કોર્ટે ગર્ભપાત પરના ૧૬૦ વર્ષ જૂના પ્રતિબંધને યથાવત્ રાખ્યો

વોશિંગ્ટન,
અમેરિકામાં આ વર્ષે નવેમ્બરમાં પ્રમુખપદની ચૂંટણી યોજાવા જઈ રહી છે. તે દરમિયાન ચૂંટણીના સંદર્ભમાં મહત્વના રાજ્ય એરિઝોનાની ટોચની અદાલતે એક ચુકાદો આપતાં રાજકારણ ગરમાયું છે અને ચૂંટણીની દૃષ્ટિએ તે મુદ્દો મહત્વનો બની રહ્યો છે.એરિઝોનાની ટોચની કોર્ટે એક ચુકાદો આપતાં ગર્ભપાત પર અમલી ૧૬૦ વર્ષ જૂના પૂર્ણ પ્રતિબંધને યથાવત રાખ્યો છે.

ગર્ભપાત પ્રતિબંધની જોગવાઈ મુજબ કોર્ટના ચુકાદાથી વિરુદ્ધ જઈને ગર્ભપાત કરનાર તબીબને પાંચ વર્ષની જેલની સજા થઈ શકે છે. અમેરિકી પ્રમુખ જો બાઈડેને એરિઝોના કોર્ટના ચુકાદાને ક્રૂર પ્રતિબંધ કહીને ચુકાદાની ટિકા કરી હતી. જોકે એરિઝોના કોર્ટે ચુકાદામાં સુપ્રીમ કોર્ટે વર્ષ ૨૦૨૨માં આપેલા ચુકાદાને પણ ટાંક્યો હતો. સુપ્રીમ કોર્ટના તે ચુકાદાએ ગર્ભપાત સુધીની પહોંચની રાષ્ટ્રવ્યાપી ગેરંટીને જ રદ કરી દીધી હતી. જોકે એરિઝોના કોર્ટના આ ચુકાદાએ મોટો કાનૂની અને રાજકીય વિવાદ સર્જી દીધો છે.

# ચૂંટણી પહેલા પ. બંગાળમાંથી મોટી સંખ્યામાં વિસ્ફોટક સામગ્રી ઝડપાઈ

કોલકતા,
લોકસભાની ચૂંટણીના પહેલા તબક્કાના માત્ર ૮ દિવસ પહેલા જ પશ્ચિમ બંગાળના બીરભૂમમાં મોટી સંખ્યામાં વિસ્ફોટક સામગ્રી મળી આવતા ચકચાર મચી જવા પામ્યો છે. આ વખતે બીરભૂમના રામપુરહાટ પોલીસ સ્ટેશન હેઠળના બોનહાર્ટ ગ્રામ પંચાયતમાં ૩ બકેટ બોમ્બ મળી આવ્યા હતા.

લોકસભા ચૂંટણી પહેલા પશ્ચિમ બંગાળમાં બોમ્બ મળી આવતા તણાવ વધી ગયો છે. જોકે, બીરભૂમ અને બોલપુરમાં ચૂંટણી ચોથા તબક્કામાં એટલે કે ૧૨ મે ૨૦૨૪ના રોજ છે. તેવામાં મોટી સંખ્યામાં વિસ્ફોટક સામગ્રી મળી આવતા ભયનો માહોલ જોવા મળ્યો હતો. બીરભૂમના રામપુરહાટ પોલીસ સ્ટેશનની પોલીસે ગુપ્ત સૂત્રો પાસેથી માહિતી મળ્યા બાદ દરોડો પાડીને બોમ્બ કબજે કર્યા હતા. પોલીસે




વિસ્તારને કોર્ડન કરી લીધો હતો.સીઆઈડીની બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડને જાણ કરવામાં આવી છે. પોલીસના અંદાજ મુજબ ત્રણ ડોલમાં લગભગ ત્રીસ બોમ્બ હતા, જો કે, રામપુરહાટ પોલીસ સ્ટેશનની પોલીસ આ બાબતની તપાસ કરી રહી છે કે બોમ્બ કયા હેતુથી ત્યાં સંગ્રહિત કરવામાં આવ્યા હતા.

# ઉત્તરપ્રદેશમાં અનાથ બાળકોને દર મહિને ૪,૦૦૦ રૂપિયા મળશે

લખનૌ,
યુપીની યોગી સરકારે અનાથ બાળકો માટે સ્પોન્સરશિપ સ્કીમ શરૂ કરી હતી. આચારસંહિતા પહેલા જ વિભાગીય અધિકારીઓને આ યોજના માટે અરજી કરવા સૂચના આપવામાં આવી હતી. પરંતુ ચૂંટણીના કારણે આ પ્રક્રિયા અટકી પડી છે. મળતી માહિતી મુજબ ચૂંટણી પૂરી થતાં જ પાત્રતા ધરાવતા બાળકો પાસેથી અરજીઓ મંગાવવામાં આવશે. ઉપરાંત આ યોજના અંગે લોકોને જાગૃત કરવા જનજાગૃતિ અભિયાન પણ ચલાવવામાં આવશે. સરકારે પાત્રતા ધરાવતા બાળકોની પસંદગી માટે જિલ્લા દીઠ પ્રોબેશન અધિકારીઓની નિમણૂક કરી છે.

તમને જણાવી દઈએ કે અગાઉ સ્પોન્સરશિપ સ્કીમ હેઠળ અનાથ બાળકોને ૨,૦૦૦ રૂપિયા આપવામાં આવતા હતા. પરંતુ હવે તેની રકમ બમણી કરવામાં આવી છે. મતલબ કે હવે લાભાર્થી બાળકોને બેને બદલે પૂરા ૪,૦૦૦ રૂપિયા આપવામાં આવશે. જેથી કરીને તેમને થોડી આર્થિક મદદ મળી શકે. તમને જણાવી દઈએ કે આ યોજના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા સંચાલિત છે.

# લોકસભા ચૂંટણી માટે તમિલનાડુમાં હવાલાના રૂપિયા ૨૦૦ કરોડ લાવવાની યોજનાનો પર્દાફાશ

ચેન્નાઈ,
લોકસભા ચૂંટણી પહેલા, આવકવેરા વિભાગે તમિલનાડુની એક મોટી રાજકીય પાર્ટીને ૨૦૦ કરોડ રૂપિયાના હવાલા નાણાં લાવવાના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો છે. વિનોથ કુમાર જોસેફને બુધવારે ચેન્નાઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી અટકાયતમાં લેવામાં આવ્યો હતો.

આવકવેરા વિભાગના અધિકારીઓએ જોસેફને અટકાવ્યો, એક ભારતીય નાગરિક કે જેને મલેશિયાથી દેશનિકાલ કરવામાં આવી રહ્યો હતો, અને દુબઈ, મલેશિયા અને ભારત વચ્ચે કાર્યરત નોંધપાત્ર હવાલા નેટવર્કમાં તેની કથિત સંડોવણી જાહેર કરી. જોસેફનું નિવેદન



નોંધવાની સાથે અધિકારીઓએ તેની પાસેથી એક મોબાઈલ ફોન, આઈપેડ અને લેપટોપ જપ્ત કર્યું હતું.

જોસેફના મોબાઈલ ફોન પર વોટ્સએપ ચેટ્સને દોષિત ઠેરવતા તામિલનાડુ સ્થિત એક અગ્રણી રાજકીય પક્ષ માટે હવાલા દ્વારા દુબઈથી ચેન્નાઈમાં નાણાં લાવવાની યોજના સૂચવવામાં આવી હતી.

આવકવેરા વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે તેના મોબાઈલ ફોન પર વોટ્સએપ ચેટ્સથી જાણવા મળ્યું છે કે તે તમિલનાડુ સ્થિત એક અગ્રણી રાજકીય પક્ષ માટે હવાલા મારફતે દુબઈથી ચેન્નાઈમાં રૂ. ૨૦૦ કરોડ લાવવાની યોજના બનાવી રહ્યો હતો. અધિકારીઓએ ટીમના અન્ય સભ્યો તરીકે અપ્પુ, સેલ્વમ, મોનિકા વિરોલા અને સુરેશની ઓળખ કરી છે.

વધુમાં, જોસેફના નજીકના સહયોગી, જે અપ્પુ અથવા વિનયગવેલન તરીકે ઓળખાય છે, તે એક જાણીતા રાજકારણીના ચૂંટણી પ્રચારમાં કથિત રીતે સામેલ હોવાનું કહેવાય છે.

# વાડ્રાને ટિકિટ નહીં મળે, એકે એન્ટની

લખનૌ,
કોંગ્રેસના નેતા અને પૂર્વ કેન્દ્રીય મંત્રી એકે એન્ટોનીએ બુધવારે (૧૦ એપ્રિલ) કહ્યું કે નેહરુ પરિવારમાંથી કોઈ નેતા ચોક્કસપણે ઉત્તર પ્રદેશની બેઠક પરથી ચૂંટણી લડશે. તેમણે કહ્યું કે પાર્ટી રાહુલ ગાંધી અથવા પ્રિયંકા ગાંધીને રાયબરેલી અથવા અમેઠી બેઠક પરથી ચૂંટણીમાં ઉતારશે. આ સાથે જ તેમણે રોબર્ટ વાડ્રાના ચૂંટણી લડવાની અટકળોને ફગાવી દીધી હતી. એન્ટનીએ કહ્યું કે, દેશની તમામ સેક્યુલર પાર્ટીઓને ગાંધી પરિવારમાં પૂરો વિશ્વાસ છે.

બીજી તરફ, મંગળવારે રાત્રે કોંગ્રેસે લોકસભા ચૂંટણી માટે મહારાષ્ટ્રની બે બેઠકો માટે ઉમેદવારોની જાહેરાત કરી હતી. કોંગ્રેસે ધુલે બેઠક પરથી શોભા દિનેશ બચ્છવને પોતાના ઉમેદવાર તરીકે ઉતાર્યા છે. જ્યારે જાલના સંસદીય ક્ષેત્રથી કલ્યાણ કાલેને ટિકિટ આપવામાં આવી છે. કર્ણાટકના પૂર્વ મુખ્ય મંત્રી બીએસ યેદિયુરપ્પાએ ગુરુવારે (૧૧ એપ્રિલ) બેંગલુરુમાં કહ્યું હતું કે "કોંગ્રેસ ભૂલી ગઈ છે કે તેણે લોકસભાની ચૂંટણી લડવાની છે. રાહુલ ગાંધીનું નેતૃત્વ સંપૂર્ણપણે નિષ્ફળ રહ્યું છે.

ભાજપે છેલ્લા ૧૦ વર્ષમાં ૭ કરોડ લોકોને રોજગારી આપી છે, જ્યારે સિદ્ધારમૈયાની સરકારે છેલ્લા ૧૦ મહિનામાં એક પણ વ્યક્તિને રોજગારી આપી નથી. અમે પીએમ નરેન્દ્ર મોદીની ઉપલબ્ધિઓના આધારે ચૂંટણી લડી રહ્યા છીએ.

# મિશનરીઓ અને વિદેશી કંપનીઓના ભ્રામક દાવાઓ પર આઈએમએ સંપૂર્ણપણે મૌન ?

## સુપ્રીમ કોર્ટના પતંજલિ કેસના વલણ બાદ સોશિયલ મીડિયા પર હંગામો

નવીદિલ્હી,
સુપ્રીમ કોર્ટે પતંજલિની ભ્રામક જાહેરાતના કેસમાં પતંજલિ આયુર્વેદ વિરુદ્ધ ખૂબ જ કડક ટિપ્પણી કરી છે. ભ્રામક જાહેરાતો પર બાબા રામદેવ અને એમડી બાલકૃષ્ણ આચાર્યએ કોર્ટમાં માફી માંગી હતી. છતાં પણ કોર્ટ પતંજલિથી નારાજ જોવા મળતા કોર્ટના આદેશનું ઉલ્લંઘન કરવાના કેસમાં કોઈ માફી આપી નહી. સુપ્રીમ કોર્ટના પતંજલિ કેસના આકરા વલણ બાદ સોશિયલ મીડિયામાં હંગામો જોવા મળ્યો. સોશિયલ મીડિયામાં લોકો સુપ્રીમ કોર્ટના ચુકાદાની પ્રશંસા કરી રહ્યા છે તો કેટલાક યુઝર્સ આઈએમએ (ઈન્ડિયન મેડિકલ એસોસિએશન )ના ઈરાદાઓ પર પ્રશ્નો ઉઠાવી રહ્યા છે. કેટલાક યુઝર્સનું કહેવું છે કે પતંજલિ કેસમાં માફી માંગવા છતાં કોર્ટ માફી આપી નથી રહી અને ખ્રિસ્તી મિશનરીઓ અને વિદેશી કંપનીઓના ભ્રામક દાવાઓ પર આઈએમએ સંપૂર્ણપણે મૌન છે ત્યારે કોઈ સવાલ ઉદભવી રહ્યા નથી.

પતંજલિએ ભ્રામક જાહેરાત કરવાના કેસમાં યોગ ગુરુ રામદેવ અને એમડી આચાર્ય બાલકૃષ્ણએ એફિડેવિટ આપીને કોર્ટમાં માફી માંગી હતી, પરંતુ સુપ્રીમ કોર્ટે તેને ફગાવી દીધી હતી અને કહ્યું હતું કે, 'અમે આટલા ઉદાર બનવા માંગતા નથી.' કોર્ટે કહ્યું કે ભૂલની જાણ થયા પછી જ તેણે આ કર્યું.

# જ્યારે પણ દેશમાં નબળી અને અસ્થિર સરકાર હતી, ત્યારે દુશ્મનોએ ફાયદો ઉઠાવ્યો હતો : વડાપ્રધાન નરેન્દ્ર મોદી

ઋષિકેશ,
વડાપ્રધાન નરેન્દ્ર મોદી ચૂંટણી પ્રચાર માટે ઉત્તરાખંડના ઋષિકેશમાં હાજર રહ્યાં હતાં અને અહીં જનતાને સંબોધતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, "તમારા આશીર્વાદ મેળવવાની સાથે, હું મારા પરિવારના તમામ જૂના સભ્યો સાથેની મારી યાદો પણ તાજી કરું છું. તેમણે કહ્યું કે, ગઈકાલે હું ભારતના દક્ષિણ છેડે સમુદ્ર કિનારે સ્થિત તમિલનાડુમાં હતો. અને ત્યાં પણ લોકો કહી રહ્યા છે કે ફરી એકવાર મોદી સરકાર.

તેમણે કહ્યું, "આજે હું હિમાલયની ગોદમાં બાબા કેદાર અને બદ્રીનારાયણના આશ્રયમાં છું અને અહીં પણ એ જ પડઘો, ફરી એકવાર મોદી સરકાર... આ ભગવાનોની ભૂમિ છે. અહીં ભગવાનને આહ્વાન કરવાની પરંપરા છે. આજે મને પણ 'હુડકા' (પરંપરાગત સંગીત વાદ્ય) વગાડવાનો લહાવો મળ્યો છે જે લોકો અને લોકો ભગવાનના સ્વરૂપમાં છે. મિત્રો, આ પડઘો એટલા માટે છે કારણ કે દેશની જનતાએ આ પૂર્ણ બહુમતી સાથે સરકારનું કામ."

તેમણે કહ્યું કે, "જ્યારે પણ



દેશમાં નબળી અને અસ્થિર સરકાર હતી, ત્યારે દુશ્મનોએ ફાયદો ઉઠાવ્યો હતો. જ્યારે ભારતમાં નબળી અને અસ્થિર સરકારો હતી ત્યારે ભારતમાં આતંકવાદ ફેલાયો હતો. આજે ભારતમાં મોદીની મજબૂત સરકાર છે. તેથી જ આતંકવાદીઓ ઘરમાં ઘુસીને માર્યા. દાયકાઓ. કલમ ૩૭૦ નાબૂદ કરવાની હિંમત કરી. તે મજબૂત ભાજપ સરકાર છે જેણે ટ્રિપલ તલાક વિરુદ્ધ કાયદો બનાવ્યો. તે મજબૂત ભાજપ સરકાર છે જેણે લોકસભા અને વિધાનસભામાં મહિલાઓને અનામત આપી."

પીએમ મોદીએ કહ્યું કે, "ભાજપની મજબૂત સરકાર છે જેણે સામાન્ય વર્ગના ગરીબોને પણ ૧૦ ટકા આરક્ષણ આપ્યું છે. મિત્રો, જો કોંગ્રેસની સરકાર હોત તો વન રેન્ક વન પેન્શન ક્યારેય લાગુ ન થાત. મોદીએ આ ગેરંટી આપી હતી અને તે કોંગ્રેસે કહ્યું હતું કે વન રેન્ક વન પેન્શન લાગુ કરીને અમે ભૂતપૂર્વ સૈનિકોને ૫૦૦ કરોડ રૂપિયા આપીશું. આ મોદી જ છે જે વન રેન્ક વન પેન્શન લાગુ કરીને ૧ રૂપિયાથી વધુ આપશે. ભૂતપૂર્વ સૈનિકોને લાખ કરોડ, તેમના બેંક ખાતામાં પહોંચાડવામાં આવ્યા. તેમણે કહ્યું, "અહીં ઉત્તરાખંડમાં પણ સૈનિક પરિવારોને વન રેન્ક વન પેન્શનના સાડા ત્રણ હજાર કરોડ રૂપિયાથી વધુ મળ્યા છે. કોંગ્રેસના સમયમાં સૈનિકો પાસે બુલેટ પ્રૂફ જેકેટ પણ નહોતા, તેમની પાસે મજબૂત હતા.






ભાવનગર આવૃત્તિ 8

તા.૧૨-૦૪-૨૦૨૪, શુક્રવાર

LEELA NEWS NETWORK P. LTD

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન: (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫







**તસ્કરો ધોળા દિવસે કલાકોમાં જ ખેલ પાડી ગયા, કોઈ જાણભેદુ હોવાની આશંકા**

# ઓમ પાર્કમાં આવેલ સરકારી મેડિકલ કોલેજના નિવૃત્ત વહીવટી અધિકારીના ઘરે ધોળા દિવસે ચોરી

## પરિવાર સાવરકુંડલા ગયો ત્યારે બંધ મકાનમાંથી તસ્કરો રોકડ રકમ અને ઘરેણાં મળી રૂા.પોણા બે લાખની મત્તાની ચોરી કરી ફરાર થઈ ગયા

ભાવનગર તા.૧૨

ભાવનગરના તળાજા રોડ, ટોપ થ્રી સિનેમા પાસે આવેલ ઓમ પાર્ક -૦૧ માં રહેતા સરકારી મેડિકલ કોલેજના નિવૃત્ત વહીવટી અધિકારીના બંધ મકાનને તસ્કરોએ ધોળા દિવસે નિશાન બનાવી ઘરના કબાટમાં રાખેલ રોકડા રૂપિયા, સોના-ચાંદીના ઘરેણા તેમજ ચાંદીના સિક્કા મળી રૂપિયા પોણા બે લાખની મત્તાની ચોરી કરીને ફરાર થઈ જતા ભરતનગર પોલીસે અજાણ્યા તસ્કરો વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ચોરીની આ ઘટના અંગે પ્રાપ્ત વિગત મુજબ ભાવનગરના તળાજા રોડ, ટોપ થ્રી સિનેમા પાસે આવેલ ઓમ પાર્ક -૦૧ માં રહેતા સરકારી મેડિકલ કોલેજના નિવૃત્ત વહીવટી અધિકારી યોગેશભાઈ વિનાયકરાય ત્રિવેદી, તેમના પત્ની દક્ષાબેન, દીકરો કાર્તિક અને પુત્રવધૂ કલ્યાણીબહેન ગઈકાલે સવારે ૮:૦૦ વાગે કાર્તિક ભાઈના સસરાના ઘરે કામ સબબ સાવરકુંડલા ગયા હતા ત્યારે તેમના બંધ મકાનને તસ્કરોએ ધોળા દિવસે નિશાન બનાવ્યું હતું. અજાણ્યા તસ્કરો એ યોગેશભાઈના બંધન મકાનના મુખ્ય દરવાજાનું તાળુ તોડી ઘરમાં પ્રવેશ કરી નીચેના રૂમમાં રાખેલ લોખંડનો કબાટ તોડી તિજોરીમાં રાખેલ રૂપિયા ૯૫,૦૦૦/- રોકડા, સોનાનો ચેન નંગ-૦૧, સોનાની ચુડીની એક જોડ, કાનની સોનાની બુટ્ટીની એક જોડ ,ચાંદીનો જુડો, ચાંદીના છેડાની એક જોડ તેમજ ચાંદીના સિક્કા નંગ-૧૩ મળી કુલ રૂ.૧,૭૬,૫૦૦/- ની ચોરી કરીને ફરાર થઈ ગયા હતા. સાંજના સાડા ચાર વાગ્યા આસપાસ યોગેશભાઈના દીકરી નેહલબેન તેમના ઘરે વાસણો મુકવા માટે આવ્યા ત્યારે ઘરના દરવાજાનું મુખ્ય તાળું તુંટેલી હાલતમાં જોતા અને ઘરમાં તપાસ કરતા ચોરી થઈ હોવાની જાણ થઈ હતી. તસ્કરોએ મકાનના ઉપરના ભાગે આવેલા રૂમમાં પણ કબાટ તોડીને વસ્તુઓ વેરવિખેર કરી નાખી હતી.

ચોરીની આ ઘટના અંગે નેહલબેને તેમના પિતા ને ફોન કરીને જાણ કરતા યોગેશભાઈ મોડી રાત્રે ભાવનગર પરત આવ્યા હતા અને અજાણ્યા તસ્કરો વિરુદ્ધ ભરતનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# LIC એજન્ટને આંતરી છરીની અણીએ લૂંટ કરનાર ઝબ્બે

**એલ.સીબી.એ રોકડ રકમ, કાર અને મોબાઈલ કબજે કર્યો**



ભાવનગર તા.૧૨

મહુવાના એલ.આઇ.સી એજન્ટ ને જુગાર રમવા બોલાવ્યા બાદ જુગાર રમીને ઘરે પરત જઈ રહ્યા હતા ત્યારે સ્કોર્પિયો કારમાં આવી છરીની અણીએ રૂ. ૨.૭૦ લાખ રોકડાની લૂંટ કરનાર બે શખ્સોને એલસીબી પોલીસે ઝડપી લઇ રોકડ રકમ સહિત રૂ.૧૩.૭૦ લાખનો મુદ્દમાલ કબજે કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગે મળતી વિગતો મુજબ મહુવામાં રહેતા એલ.આઇ.સી એજન્ટ ભરતભાઈ જાનીને તેના મિત્ર વાઘાભાઈ પાંચાભાઇ ( રહે. રાજવદર, તા. મહુવા ) વાળાએ બે દિવસ પહેલા જુગાર રમવા માટે તેમના ઘરે બોલાવ્યા હતા જુગારમાં રૂ.૧.૩૦ લાખ રોકડા જીતીને ભરતભાઈ જાની તેમના ઘરે પરત જઈ રહ્યા હતા ત્યારે ગળથર ગામ નજીક પાછળથી સ્કોર્પિયો કારમાં આવેલા બે શખ્સોએ ભરતભાઈના બાઈકને આંતરી, છરી બતાવી રૂ૨.૭૦ લાખ રોકડાની લૂંટ કરી તેમનો મોબાઈલ ફોન, બાઇકની ચાવી અને પાકીટ ઝૂંટવીને ફરાર થઈ ગયા હતા.

આ બનાવ અંગે ભરતભાઈ જાનીએ તેમના મિત્ર વાઘાભાઈ પાંચાભાઇ તેમજ સ્કોર્પિયો કારમાં આવેલા લાલા હકાભાઇ મેર ( રહે. કાળાતળાવ, ભાવનગર) અને પ્રકાશ ઉર્ફે પકો મોહનભાઈ જીવનાણી ( રહે. ભાવનગર) વિરુદ્ધ બગદાણા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ આપતી વખતે વાઘાભાઈ પાંચાભાઈએ લૂંટનું તરકટ તેમણે રચ્યું હોવાનું કબુલતા બગદાણા પોલીસે તેમની ધરપકડ કરી હતી.

આ બનાવની ગંભીરતને ધ્યાને લઈને એલસીબી પોલીસ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન ભાવનગરના જુના બંદરથી કેબલ સ્ટેઇડ પૂલ તરફ જતા પાટા પાસે આવેલ રામદેવપીરના મંદિર સામે રોડ પરથી કાળા કલરની નંબર પ્લેટ વગરની કાર સાથે લૂંટના ગુનામાં સામેલ લાલા હકાભાઈ મેર અને પ્રકાશ પૂર્વે પકો મોહનભાઈ જીવનાણીને ઝડપી લઇ તેમની આગવી ઢબે પૂછપરછ કરતા બંનેએ લૂંટ કરી હોવાનું જણાવ્યું હતું. એલસીબી પોલીસે વધુ તપાસ કરતા આ ગુનામાં દિનેશ ઉર્ફે ઈલુ રામચંડાણી ( રહે. ભરતનગર, ભાવનગર ) પણ સામેલ હોવાનું ખુલતા તેને ઝડપી લેવાતા તજવીજ હાથ ધરી છે.

એલસીબી પોલીસે ઝડપાયેલા બંને ઈસમો પાસેથી રૂપિયા એક લાખની કિંમતનો મોબાઈલ ફોન, રૂ.૨.૭૦ લાખ રોકડા તેમજ સ્કોર્પિયો કાર મળી કુલ રૂ. ૧૩.૭૦ લાખના મુદ્દામાલ સાથે બંને ઈસમોની ધરપકડ કરી આગળની કાર્યવાહી માટે ગંગાજળિયા પોલીસ ને હવાલે કર્યા હતા. લૂંટના ગુનામાં ઝડપાયેલ બંને શખ્સ ગુનાઈત ઈતિહાસ ધરાવતા હોવાનું પોલીસે જણાવ્યું હતું, જેમાં આરોપી લાલા હકાભાઇ મેર વિરુદ્ધ નીલમબાગ પોલીસ મથકમાં મારામારીનો ગુનો દાખલ થયો હોવાનું તેમજ પ્રકાશ ઉર્ફે પકો જીવનાણી વિરુદ્ધ રાજકોટ શહેરમાં મારામારી સહિત બે અલગ અલગ ગુના દાખલ થયા હોવાનું પોલીસે જણાવ્યું છે.

# ચૂંટણી સંદર્ભે પોલીસની તૈયારીઓ : શહેરમાં સંવેદનશીલ મતદાન મથકની વિઝીટ કરતા એસપી




લોકસભા ચૂંટણીમાં ગુજરાતમાં આજથી નામાંકન પત્ર ભરવાની પ્રક્રિયાના પ્રારંભ સાથે જાહેરનામુ પ્રસિદ્ધ થયું છે અને આગામી દિવસોમાં ઉમેદવારો ચૂંટણી લડવા માટેના ફોર્મ ભરી સત્તાવાર રીતો મેદાનમાં ઉતરશે ત્યારે બીજી બાજુ વહિવટી તંત્ર અને પોલીસ દ્વારા પણ તૈયારીઓને ગતિ અપાઇ છે. ભાવનગરમાં આજે જિલ્લા પોલીસ વડાએ સાથી અધિકારીઓને સાથે રાખી ઘોઘારોડ અને ગંગાજળીયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ સંવેદનશીલ મતદાન મથકની મુલાકાત લઈ જરૂરી ચર્ચા-વિચારણા અને સુચના આપી હતી.

# પાણી પુરવઠા બોર્ડના કર્મચારી સામે આચારસંહિતા ભંગની ફરિયાદ

## પચ્છેગામમાં આપના ઉમેદવારના સમર્થનમાં ભાષણ આપ્યાની કરાઈ લેખીત ફરિયાદ

વલ્લભીપુર તા.૧૨

આમ આદમી પાર્ટીના ઉમેદવારના સમર્થનમાં વલ્લભીપુરના પચ્છેગામમાં યોજાયેલ કાર્યક્રમમાં પાણી પૂરવઠા બોર્ડના કર્મચારીએ ચૂંટણી પ્રચાર કરતા આચારસંહિતા ભંગ થયાની ફરિયાદ થઇ છે. વલ્લભીપુર તાલુકા ભાજપના પ્રમુખે વીડિયોના આધારે જિલ્લા ચૂંટણી અધિકારીને ફરિયાદ કરી છે.

ભાવનગર લોકસભા બેઠકના આમ આદમી પાર્ટીના ઉમેદવાર અને બોટાદના ધારાસભ્ય ઉમેશ મકવાણાએ ગત તા. ૧૦ એપ્રિલના રોજ સાંજે ૭ કલાકે પચ્છેગામ ખાતે પ્રવાસ કાર્યક્મ હતો. આ કાર્યક્મમાં પચ્છેગામના વતની અને ઉમરાળા પાણી પુરવઠા વિભાગમાં ફરજ બજાવતા ધમેન્દ્રસિંહ ગોહિલે પચ્છેગામના ચોરા પર જાહેરસભામાં પાર્ટી તરફે વકતવ્ય આપ્યુ હોવાનુ વિડીયોમાં જણાય આવે છે તેથી તેમની વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા વલ્લભીપુર તાલુકા ભાજપના પ્રમુખ પ્રધુમનસિંહ ગોહિલએ જણાવેલ છે. આ બાબતે ગુરૂવારે વલ્લભીપુરમાં આચારસંહિતા વિભાગના અધિકારીને આચારસંહિતા ભંગની લેખિત ફરિયાદ કરવામાં આવી હતી. આસારસંહિતા ભંગની ફરિયાદના આધારે ચુંટણી તંત્ર દ્વારા તપાસ હાથ ધરાઇ હોવાનું જાણવા મળ્યું છે.

# છરી વડે હુમલો કરનાર શખ્સને સાત વર્ષની કેદ, રૂા. ૧ લાખ વળતર ચુકવવા પણ હુકમ

**ત્રણ વર્ષ પૂર્વેના પાલીતાણા પંથકના બનાવમાં એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ વ્યાસનો ચુકાદો**

ભાવનગર, તા.૧૨

પાલીતાણાના જીવાપર રોડ પર ત્રણેક વર્ષ પૂર્વે જમીનના સફાઈ તથા મકાનના રીપેરીંગ કામ દરમિયાન છરી અને પાઇપ વડે હુમલો કરી યુવકને ઈજા પહોંચાડવાના કેસમાં આરોપીને પાલીતાણા કોર્ટે કસૂરવાર ઠેરવી સાત વર્ષની સજા તથા રૂપિયા ૧ લાખનુ વળતર આપવાનો હુકમ કર્યો હતો.

ગઈ તા.૧૯/૧/૨૦૨૧ના રોજ સવારના કલાકઃ૧૦/૩૦ની આસપાસ, પાલિતાણા –જીવાપુર રોડ, હરીરામ બાપાના આશ્રમ આગળ, ફરીયાદી ધ્રુવદેવસિહ પરમારએ આરતીબા લક્ષ્મણસિંહ સરવૈયાની માલિકીની જમીનનું સાફ-સફાઈ કામ તેમજ દિવાલ ચણવાનું કામ રાખેલ હોઈ, ત્યાં ફરીયાદી તેમના મિત્રો સાથે કામ કરતા હતા તે દરમિયાન, આ કામના આરોપી લાલાભાઇ ચીથરભાઈ મેરએ પોતાના હાથમાં લોખંડનો પાઈપ લઈ આવી, ફરીયાદીને જેમ ફાવે તેમ ભુંડાબોલી ગાળો આપી, લોખંડના પાઈપનો એક ઘા ફરીયાદીના ડાબા હાથની કોણીના ભાગે તેમજ બીજા ઘા ફરીયાદીના વાંસાના ભાગે મારી, ફરીયાદીએ પાઈપ પકડી લેતા, આરોપીએ છરી કાઢી, તેનો એક ઘા ફરીયાદીના ડાબા હાથના ખભ્ભાના ભાગે પાછળ ફરીને મારી, ગંભીર ઈજા કરી, ફરીયાદી ને કોણીના ભાગે ફેકચર કરી, જાનથી મારી નાંખવાની ધમકી આપી, જિલ્લા મેજિ. ભાવનગરના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી, ગુન્હો કર્યા અંગેની ફરિયાદ ધ્રુવદેવસિહએ પાલિતાણા ટાઉન પો.સ્ટે.માં નોંધાવતા પોલીસે ભારતીય દંડ સંહિતાનીક કલમ-૩૨૫, ૩૨૬, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબના ગુન્હો નોધી આરોપીની ધરપકડ કરેલ.

આ અંગેનો કેસ પાલીતાણાના એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ એમ. વાય. વ્યાસની કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ શૈલેષ આર. વનાળીયાની અસરકારક દલીલો તથા રજૂ થયેલા પુરાવાઓને ગ્રાહ્ય રાખી ન્યાયમૂર્તિ એમ. વાય. વ્યાસે આરોપી લાલાભાઇ ચીથરભાઈ મેરને તકસીરવાન ઠેરવી આઈપીસી કલમ ૩૨૬ના ગુનામાં સાત વર્ષની સજાનો હુકમ કરવામાં આવેલ તથા મુળ ફરિયાદી ધ્રુવદેવસિંહ પરમારને થયેલ ઈજા તથા તેમને થયેલ સારવારની નાણાકીય નુકસાન ફરિયાદીને લેવી પડેલ હોય સારવારના વળતર પેટે રૂ. ૧ લાખ ચૂકવી આપવાનો પણ અદાલતે હુકમ કર્યો હતો.

# ખોડવદરી ગામમાં નવ વર્ષનો બાળક ગુમ થઈ જતા ફરિયાદ

ભાવનગર તા.૧૨

ગારીયાધાર તાલુકાના ખોડવદરી ગામમાંથી ૦૯ વર્ષનો બાળક રમવા ગયા બાદ ગુમ થઈ જતા બાળકના માતાએ ગારીયાધાર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

આ બનાવવા અંગે પ્રાપ્ત વિગત મુજબ ગારીયાધાર તાલુકાના ખોડવદરી ગામના વતની અને હાલ ગારીયાધારમાં આવેલ અમન સોસાયટીમાં રહેતા શબાનાબેન કાળુભાઈ બુકેરા એ ગારીયાધાર પોલીસ મથકમાં એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, ગઈ તા. ૧૦/૪ ના રોજ તેમના પતિ કાળુભાઈ બુકેરા તેમના ૦૯ વર્ષના દીકરા સલીમને લઈને ખોડવદરી ગામ ગયા હતા અને ત્યાં તેમના સાસુ સુભાનબેનના ઘરે સલીમને મૂકીને તેઓ મજૂરી કામ માટે ગયા હતા ત્યારે બપોરના સમયે સલીમ શેરીમાં રમવા ગયો હતો અને ત્યારબાદ ઘરે પરત ન ફરતા તેની શોધખોળ હાથ ધરવામાં આવી હતી. ગઈકાલે સાંજ સુધી શોધખોળ કરવા છતાં પણ તે મળી ન આવતા કોઈ તેમનું અપહરણ કરી લઈ ગયું હોવાની શંકા વ્યક્ત કરી છે. સળીને ગ્રે કલરનું ટીશર્ટ અને દુધિયા કલરનું જીન્સ પેન્ટ પહેરેલા હતું તેમજ તેના નાક ઉપર ટાંકા લીધેલાનું નિશાન હોવાનું તેની માતાએ પોલીસને જણાવ્યું છે.

ગારીયાધાર પોલીસે અજાણ્યા શખ્સ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. આ બાળકનો પતો કે જાણ મળે તો ગારીયાધાર પોલીસને જાણ કરવા લોકોને અનુરોધ કરાયો છે.

# ભાવનગરના હાર્વિક દેસાઈની IPLમાં મુંબઈ ઈન્ડીયન્સ ટીમમાં પસંદગી

**મુંબઈના ઈજાગ્રસ્ત ખેલાડી વિષ્નુ વિનોદના સ્થાને હાર્વિકને તક મળી : અગાઉ ભાવનગરના ત્રણ ખેલાડી આઈપીએલ રમી ચૂક્યા છે**



ભાવનગર, તા.૧૨

૨૦૨૪ની સિઝન માટે મુંબઈ ઈન્ડીયન્સની ટીમમાં ભાવનગરના વિકેટકીપર, બેટધર હાર્વિક દેસાઈની પસંદગી કરવામાં આવી છે. ચાલુ સીઝનમાં મુંબઈ ઇન્ડિયન્સના વિકેટકીપર વિષ્ણુ વિનોદ ઈજાગ્રસ્ત થતા તેઓના રિપ્લેસમેન્ટમાં સૌરાષ્ટ્રના યુવા ખેલાડી હાર્વિકને તક મળી છે. ઉલ્લેખનીય છે કે, આઇપીએલમાં ભાવનગરનો આ ચોથો ખેલાડી પસંદગી પામ્યો છે. અગાઉ ત્રણ ખેલાડી રમી ચૂક્યા છે.

બીસીસીઆઈ દ્વારા રમાડવામાં આવતી ૨૦ સૈયદ મુસ્તાક અલી ટ્રોફીમાં વર્ષ ૨૦૨૩ની સિઝન દરમિયાન સૌરાષ્ટ્ર વતી સાત મેચમાં હાર્વિક દેસાઈએ ૧૭૫ના સ્ટ્રાઈક રેટ સાથે સાત મેચમાં ૩૩૬ રન ફટકાર્યા હતા. જેમાં ૧૦૪, ૮૧ અને ૬૧ રન જેવા મોટા સ્કોર પણ હાર્વિક દેસાઈએ નોંધાવ્યા હતા. ૨૦૧૮માંની અંડર ૧૯ ટીમ વર્લ્ડ કપ ચેમ્પિયન બની હતી અને તે ટીમમાં હાર્વિક દેસાઈએ ખૂબ જ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું, વર્લ્ડ કપ વિજેતા જુનીયર ટીમના કોચ તરીકે રાહુલ દ્રવિડ ફરજ બજાવી રહ્યા હતા અને ત્યારથી હાર્વિક દેસાઈ પર તેઓની નજીકથી નજર રહેતી હતી.

હાર્વિક દેસાઈની મુંબઈ ઇન્ડિયન ટીમ દ્વારા IPLમાં પસંદગી કરવામાં આવી છે. ચાલુ સિઝનમાં કોલકત્તા નાઈટ રાઈડર્સ વતી ભાવનગરના ચેતન સાકરીયા ટીમમાં સામેલ છે. આ અગાઉ ભાવનગરના જેકસન રોયલ ચેલેન્જર્સ બેંગલોર તથા કોલકત્તા નાઈટ રાઈડર્સ વતી રમી ચૂક્યા છે જ્યારે ચિરાગ જાનીને પણ કોલકાતા નાઈટ રાઈડર્સે તક આપી હતી.

# આંબાચોક, ઉંડીવખાર, દિવાનપરા, રૂપમ સહિતના વિસ્તારમાં સામાન જપ્ત કરતું દબાણ હટાવ સેલ

## સંચિત નિવાસ પાસેનો ગેરકાયદે શેડ પણ તંત્રના રડારમાં

ભાવનગર,તા.૧૨

ભાવનગર મહાનગરપાલિકાના દબાણ હટાવ કાફલાએ આજે મુખ્યબજાર તેમજ દિવાનપરા રોડ પર રાઉન્ડ લઈ અડચણ રૂપ બને તે રીતે રાખેલ માલ-સામાન જપ્ત કર્યો હતો. જેના પગલે વેપારીઓમાં નાશભાગ જોવા મળી હતી.

દબાણ હટાવ કાફલાએ શહેરના આંબાચોક, ઉંડીવખાર, ગોળબજાર, રૂપમ ચોક અને હેવમોર ચોકમાં રાઉન્ડ લઈ રસ્તામાં અડચણ રૂપ બને તે રીતે માલ સામાન રાખી વેપાર કરતા પાથરણા વાળા તેમજ દુકાનદાર સામે કાર્યવાહી કરી માલ સામાન જપ્ત કર્યો હતો. જેમાં ૮ ટેબલ, ૬ બાકડા, ૧૪ કેરેટ, ૧ સ્ટેચ્યુ ૨૦ ટીંગણીયા, લોખંડના ૧૫ સ્ટેન્ડ, આઠ પાથરણા અને તેલના ૮ ખાલી ડબ્બા તેમજ દિવાનપરા રોડ પરથી લોખંડના કબાટ બે, ટીપડા બે, ખુરશી ત્રણ, શોકેસ એક અને નાનો કબાટ એક સહિતનો સામાન જપ્ત કર્યો હતો.

જ્યારે શહેરના સંચિત નિવાસ પાસે કોર્પોરેશનની જગ્યામાં આંગણવાડી બન્યા બાદ ત્યાં એક જુનુ દબાણ લોખંડનો એક શેડ પહેલેથી રહેલો છે તેને દુર કરવા કોર્પોરેશને કાર્યવાહી હાથ ધરી હોવાનું જાણવા મળ્યું છે.